"Registered with the Registrar of
News papers for India under No. 38424/83."
Posted at PSO Ahmedabad
Published on 13th Date of Every Two Month

**Front Cover :**

*Jesus at the Pool of Bethesda*
*by Jeff Preston (USA, Contemporary)*

Cover art courtesy of Jeff Preston © 2014
United Methodist Publishing House. No Prints of cover art are available from Upper Room Ministries.



Published on 13th Date of Every Two Month

# THE UPPER ROOM

# ઉપલી મેડી

Retail Copy Rs. 20/-
છૂટક નકલ રૂા. ૨૦/-

જુલાઈ-ઓગષ્ટ-૨૦૨૦ | વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/- | કુલ પેજ ૬૮

Annual Subscription Rs. 100/- | Total pages - 6



# ઉપલીમેડી
## Upli Medi
(Gujarati Bi-Monthly)

**July - August- 2020**

Annul Subscription
Rs. 100/-

*PRINTER & PUBLISHER*
**Ashish Martin Christian**
(SECRETARY)
GUJARAT TRACT & BOOK SOCIETY

PLACE OF PRINTING
SCREEN DOT PRINTERS
SHAHPUR CHURCH BUILDING,
BAHAI CENTRE, SHAHPUR,
AHMEDABAD - 380 001.

OWNER AND PLACE OF PUBLICATION GUJARAT TRACT AND BOOK SOCIETY
SAHITYA SEVA SADAN,
NR. GUJARAT COLLEGE,
ELLISBRIDGE
AHMEDABAD - 380 006.

E-mail
gtbs_1852@yahoo.co.in

PRINTED AND PUBLISHED BY
**Ashish Martin Christian**
SECRETARY ON BEHALF OF GUJARAT TRACT AND BOOK SOCIETY
PRINTED AT
SCREEN DOT PRINTERS
SHAHPUR CHURCH BUILDING,
BAHAI CENTRE, SHAHPUR,
AHMEDABAD - 380 001.
AND PUBLISHED FROM
GUJARAT TRACT AND BOOK SOCIETY
SAHITYA SEVA SADAN,
NR. GUJARAT COLLEGE,
ELLISBRIDGE, AHMEDABAD-6.
Ph.No.079-26445281
EDITOR
**Ashish Martin Christian**


# ઉપલીમેડી

**The World's Most Widely Read Daily Devotional Guide**

**94 EDITIONS - 34 LANGUAGES**

**SARAH WILKE**
**EDITOR AND PUBLISHER**

**Ashish Martin Christian**
**TRANSLATOR/EDITOR**

ARMENIAN
BULGARIAN (2)
BURMESE (Myanmar)
CHINESE (2)
CATALAN (4)
DUTCH
ENGLISH
- Africa (4)
- Australia (2)
- Chinese/English (2)
- India
- Indonesia
- Indonesian/English
- Japan
- Korean/English (2)
- Korean/English/Japanese
- Myanmar
- Philippines
- Singapore
- Sri Lanka
- United Kingdom (4)
- United States (6)

ESTONIAN (3)
FRENCH (3)
GREEK (2)
GUJARATI
HINDI
HUNGARIAN (4)
IBAN/ENGLISH
ILOKANO
INDONESIAN (2)
ITALIAN
JAPANESE (3)
KANNADA
KOREAN (2)
MALAYALAM
NEPALI
NORWEGIAN
ODIA (2)
POLISH
PORTUGUESE
- Africa
- Brazil (5)

Portugal
RUSSIAN (2)
SINHALA
SPANISH
- Caribbean
- Mexico (2)
- South America
- United States (2)

SWEDISH
TAMIL
TELUGU
THAI (3)
URDU

**બેથેસ્થાના કુંડ આગળ ઈસુ** - ચિત્રસમજૂતિ - જુલાઈ-ઓગસ્ટ-૨૦૨૦

**ચિત્રકાર : જેફ પ્રેસ્ટન (યુ.એસ.એ. કન્ટેમપરરી)**
**સમજાવનાર : કેથરીન એ. કિમ્બાલ, ધી અપરરૂમ ચેપલ/ક્રિશ્ચિયન આર્ટ મ્યુઝિયમના ગ્રંથપાલ**

ઉપલીમેડી જુલાઈ-ઓગસ્ટ ૨૦૨૦ના મુખપૃષ્ઠ પર જે ચિત્ર છે તે વાર્તાના સ્વરૂપમાં એક સુંદર કલાચિત્ર છે. ચિત્રકાર જેફ પ્રેસ્ટને, આ દૃષ્ટાંતને હેન્ડહેલ્ડ કોમ્પ્યુટર પેનનો તો હાથ વડે ઉપયોગ કરીને ચિત્રના સ્વરૂપમાં રજૂ કર્યુ છે. સ્પષ્ટ, ધારદાર એવી લીટીઓ અને રંગોના ઉઠાવ ધ્વારા સુંદર એવું ચિત્ર ઉપસી આવે છે.

યોહાન ૫ : ૧-૯માં દર્શાવેલ વાર્તા મુજબ, ઈસુ યરૂશાલેમમાં મેંઢાભાગળની પાસે આવેલ બેથેસ્દા કુંડ પાસે જાય છે. દુઃખ દર્દથી પીડાતા એવા તમામ પ્રકારના લોકો ત્યાં એકઠા થયેલા હોય છે, જેઓ કુંડમાંના પાણીને કોઈ હલાવે, તેની રાહ જોઈ રહયા છે તેઓ એ સ્વીકારે છે કે પવિત્ર આત્મા-દૂત કુંડમાં ઉતરીને તે પાણીને હલાવે છે અને ત્યારે જે પ્રથમ તે કુંડમાં ઊતરે, તેને સાજાપણું મળે છે.

વાર્તામાં જણાવ્યું છે તે મુજબ, ઘણાં વર્ષોથી ત્યાં પડેલ એક માંદા માણસ પાસે ઈસુ ગયા. તે માંદો માણસ કુંડના મુખ્ય પ્રવેશ ધ્વારોમાંથી એકના બે પીલ્લરો વચ્ચે પોતના જમણા હાથની કોણી પર અઢેલીને પડયો છે, એવું ચિત્ર અહીં ચિત્રકાર દર્શાવે છે. તે માણસ પોતાની દાઢીમાં હાથ રાખી ઈસુ તરફ કુતુહલપૂર્વક જોઈ રહયો છે. ઈસુનું તો સંપૂર્ણપણે ધ્યાન તેની તરફ છે, અને તેમના ઝભ્ભાની કોર તે માણસના હાથને સ્પર્શતી દેખાય છે. ઈસુનો જમણો હાથ તે માણસ તરફ પ્રસારેલો છે અને ઈસુ તેને પૂછે કે, શું તું સાજો થવા ચાહે છે?'' (કલમઃ૬) પેલો માણસ બહાના બતાવતાં, ઈસુના પ્રશ્નનો ઉત્તર આપી રહયો છે. મને એ વાતની નવાઈ લાગે છે, કે શા માટે તે માણસ તરત જ ''હા, મારે સાજા થવું છે,'' એમ કહેતો નથી પણ પછીથી હું કલ્પના કરું છું કે, ઘણાં વર્ષોથી કોઈ તેને કુંડમાં ઉતારવાને અત્યાર સુધી તેની મદદે આવ્યું નહોતું જો કોઈ અજાણી વ્યક્તિ મારી પાસે આવે ને મારી સાથે એકદમ સીધે સીધી વાત કરવા લાગે તો, મારો પણ તાત્કાલિક પ્રત્યાઘાત કદાચને એવાં બહાના સાથેનો હોઈ શકે!

જ્યારે ઈસુ તેને કહે છે, ''ઊઠ, તારું બિછાનું ઊંચકીને ચાલ'' ત્યારે તે માણસ ઈસુના એ આમંત્રણને સ્વીકારી લે છે, અને તેના જીવનમાં આવેલ બદલાવને તે જુએ છે. આજે ઈસુ કદાચને આપણને, આપણા સંજોગો - અનુભવોના સંદર્ભે, અજોડ એવું આમંત્રણ આપી રહયા છે. તે આમંત્રણ પ્રતિ, આપણે કેવો પ્રતિભાવ આપીશું?

## ઈશ્વરના અક્ષરો – લખાણો – બુધવાર, જુલાઈ, ૧, ૨૦૨૦

**બાઈબલવાચન : ગીતશાસ્ત્ર ૧૯ : ૧-૪**

આકાશો દેવનું ગૌરવ પ્રસિધ્ધ કરે છે; અને અંતરિક્ષ તેના હાથનું કામ દર્શાવે છે. ગીતશાસ્ત્ર ૧૯:૧

મારી ટપાલપેટીમાંથી જ્યારે જ્યારે હું, મારા પર આવેલ પત્રોનાં ક્વરો ખોલતી અને મારા પ્રિય મિત્રો અને કુટુંબીજનોના અક્ષરો – લખાણો જોતી ત્યારે હું ખૂબ આનંદ અનુભવતી. કોના તરફથી પત્ર આવેલ છે અને તેમના સરનામાને મારે જોવાની જરૂર રહેતી નહોતી કારણ કે તેમના અક્ષરો પરથી જ, કોનો પત્ર છે તેની મને ખબર પડી જતી હતી. મારા એક કોલેજના મિત્રના અક્ષરો ગોળાકાર અને આપણને પ્રોત્સાહિત કરે તેવા છે. મારા બાળપણના મિત્રના અક્ષરો મોટા અને ફૂલો જેવા પહોળા છે. મારા મમ્મીના અક્ષરો, શિક્ષક તરીકેના સુંદર -મરોડદાર છે. તેમના લખેલા શબ્દો પોતે જ તેઓના પ્રત્યાઘાતો રજૂ કરતા. હું તેઓને જાણતી હતી તેથી ગમે ત્યારે, ગમે ત્યાં હું તેમના અક્ષરોને ઓળખી જતી.

આપણા જીવનોમાં ઈશ્વરની સર્જનાત્મકતા અને કામો તેમની કદી ભૂલ ન થાય તેવા ચિહનોની છાપ છોડી જાય છે. ઈશ્વરના હાથનો મૂક્કો, ઈશ્વર કોણ છે તે પ્રગટ કરે છે. આજના શાસ્ત્રવાચનમાં અને ઉપર ટાંકેલ વચનમાં, દાઉદ ઉપરોક્ત બાબતોને સમર્થન આપે છે. રોમનોને લખેલ પત્રમાં પાઉલ નોંધે છે કે, ''કેમ કે તેના અદૃશ્ય ગુણો એટલે તેનું સનાતન પરાક્રમ અને દેવત્ત્વ, જગત ઉત્પન્ન થયું ત્યારથી સૃજેલી વસ્તુઓના નિરીક્ષણથી સ્પષ્ટ જણાય છે; તેથી તેઓ બહાનું કાઢી શકે એમ નથી'' (રોમનોને પત્ર ૧:૨૦) જેઓ શોધે છે તેમને માટે ઈશ્વરની સહી બહુ જ સ્પષ્ટ છે.

મારા મિત્રના અક્ષરો મારા માટે બહુ જાણીતા છે, કારણ કે હું તેમને બરાબર જાણું છું – ઓળખું છું, અને તે જ પ્રમાણે ઈશ્વરને ખૂબ સારી રીતે જાણવા – ઓળખવા માટે શાસ્ત્રવાચન પ્રાર્થના અને દરરોજના મનનની આપણને ખૂબ જ જરૂર છે, પરિણામે ઈશ્વરના હાથનાં કૃત્યો, આ દુનિયામાં અને આપણાં જીવનોમાં આપણે જોઈ શકીશું.

### પ્રાર્થના

ઉત્પન્નકર્તા અમારા ઈશ્વર, અમારા ઉપરની તમારી ભૂલવિહોણી છાપો જે તમે અમારા જીવનો પર લગાવેલી છે, જે જોઈને અમે તમને વધુ ઊંડાણપૂર્વક ઓળખી શકીએ છીએ માટે અમારી આંખો ખોલો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

ઈશ્વરના હાથોની છાપ આજે હું ક્યાં જોઈશ?

સુઝેન ફેલ્ટન (વર્જીનીઆ, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

જેઓ ઈશ્વરને વધુ સારી રીતે ઓળખવા માગે છે.

## અનંતકાળિક પ્રેમ - ગુરુવાર, ૨, જુલાઈ, ૨૦૨૦

**બાઈબલવાચન : અયૂબ ૪૨ : ૧૦-૧૩**

જ્યારે અયૂબે પોતાના મિત્રોને સારુ પ્રાર્થના કરી, ત્યારે યહોવાહે તેની દુર્દશા ફેરવી નાખી; અને અગાઉ હતું તે કરતાં યહોવાએ અયૂબને બમણું આપ્યું. અયૂબ ૪૨:૧૦

૪૦ વર્ષની મારી ઉંમર થઈ એટલામાં તો મારી તંદુરસ્તી લથડતી થઈ ગઈ. ખોરાક માટેની રૂચિ ઓછી થઈ ગઈ. અનિદ્રા, વજન ઘટવા લાગ્યું અને જલ્દીથી ગુસ્સે થઈ જવાનો સ્વભાવ, વગેરેનો મેં અનુભવ કર્યો. લગ્ન - જીવનમાં મુશ્કેલીઓ ઊભી થઈ, અને અમારું સૌથી મોટું બાળક હવે કોલેજઅભ્યાસ કરવા જવા લાગ્યું. અગાઉનું મોટાભાગનું જીવન-કાર્ય ખૂબ સરળતાથી ચાલ્યું, હવે કંઈક જુદું લાગતું હતું. મારા જીવનની અંધકારમય પળોમાં, મારું ધ્યાન અયૂબ અને તેણે વેઠેલી મુશ્કેલીઓ - દુઃખો તરફ ગયું. અયૂબ ઈશ્વરને કંઈ ફરિયાદ - કે ધમકાવતો નથી, પણ તેના વિશ્વાસમાં દૃઢ રહયો.

મારાં દુઃખો સહન કરવાની પળોમાં, અયૂબની વાર્તાએ, મારા જીવનમાં આશા ઉપજાવી કે આ દુઃખોની ખીણમાંથી મને પણ ઈશ્વર બહાર લાવશે. અંતે કેટલાક મહિનાઓ પછી, હજી પણ વજન ઘટી ગયું હતું અને અનિદ્રાથી હું પીડાતો હતો, મને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. તબીબી હતાશામાં હું છું, તેવું નિદાન થયું. હું જે શારીરિક અને લાગણીશીલ દર્દથી પીડાતો હતો તે વધુ પ્રમાણમાં હતું, પણ યોગ્ય દવા-સારવાર અને સારી કાળજી લેનાર વૈદકીય ટીમ ધ્વારા, મારી તંદુરસ્તી સુધરતી ગઈ. મને હવે ભૂખ લાગવા લાગી અને સારી ઊંઘ પણ આવવા લાગી. ૧૦ દિવસની સારવાર પછી, મને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી.

મારી તંદુરસ્તી સુધરી, તેનું મૂળ કારણ તો અયૂબે દુઃખ વેઠયાં અને પછી પાછો જે તે સ્થિતિમાં આવ્યો, તેની વાર્તા હતી. ઘણી બધી વખત આપણને એમ લાગે કે, ઈશ્વરે અમને તજી દીધા છે, પણ તેવે સમયે જો આપણે વિશ્વાસમાં ટકી રહીશું, તો ઈશ્વરનો પ્રેમ આપણને આપણા ખૂબ અંધકારમય સમયોમાંથી બહાર કાઢશે. મને હોસ્પિટલમાં દાખલ કરેલો, તે વાતને ૩૦ વર્ષ વીતી ગયાં છે પણ દરરોજ હું, અયૂબના જીવનની એ વાર્તા માટે ઈશ્વરનો આભાર માનુ છું, અને સમજી શક્યો કે, અયૂબ તેના જીવનમાં, ઈશ્વરના એ અનંતકાળિક પ્રેમથી કદી છૂટો પડયો નહોતો.

### પ્રાર્થના

પ્રિય પ્રભુજી, અમારા સારા કે નરસા દિવસોમાં, તમારા અમારા માટેના એ અનંતકાળિક પ્રેમને માટે આભાર. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

મારા અંધકારમય દિવસોમાં ઈશ્વરનો પ્રેમ મને બહાર કાઢી લાવશે.

લેરી ડોવેલ (નોર્થ કેરોલિના, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

માનસિક બિમારીથી પીડાતા લોકો

## કચરો દૂર કરવો - સાફ કરવો - શુક્રવાર, ૩, જુલાઈ, ૨૦૨૦

**બાઈબલવાચન : રોમનોને પત્ર ૬ : ૧-૧૩**

તમે પાપની દુર્વાસનાઓને આધીન ન થાઓ, એ માટે તમે તેને તમારા મર્ત્ય શરીરમાં રાજ કરવા ન દો. રોમનોને પત્ર ૬:૧૨

સખત ગરમીમાં, સ્વચ્છતા અભિયાન કાર્યક્રમમાં હું જોડાઈ હતી, જેમાં લગભગ ૭૦ જેટલા લોકોએ, બહુ ગંદા એવા વિસ્તારને ચોખ્ખો કરવા શ્રમ કર્યો હતો. જ્યારે અમે અધવચ્ચે એક નાનકડો વિરામનો સમય ગાળયો, મેં અમારી ટીમના એક જુવાન - નિકોલાસને, આ તેનો કેવો અનુભવ રહયો છે, એવું પૂછયું. તેણે જવાબ આપ્યો કે, ‘‘શરૂઆતે તો એકંદરે સારું લાગ્યું પણ જેમ જેમ કચરાના મોટા ઢગલાઓમાંથી આવતી દુર્ગંધ સહન કરવાનો વારો આવ્યો, પણ મેં ખૂબ ગંદો એવો કચરો દૂર કરવા મહેનત કરી છે. જો કે આ આપણી આસપાસનો ગંદો કચરો જાણે કે મારા હૃદયમાં સંગ્રહી રાખેલ પાપ જેવો મને લાગ્યો.’’

તેની એ ટીપ્પણીએ મને યાદ અપાવ્યું કે, કેટલી બધી વાર આપણે આપણાં પાપ કે ખરાબ વર્તનને ખૂબ સહજતાથી લઈએ છીએ અને એમ કરીને આપણાં પાપોને બહુ સહેલાઈથી અવગણીએ છીએ. જ્યારે પાપ અથવા ખરાબ કાર્યો આપણને વ્યથિત કરી દે છે, તેમ છતાં એ બાબતે આપણે કંઈ કરતા નથી કે સાવચેત થતા નથી, પરિણામે પાપોની અસરની ગંભીરતા સમજી શકતા નથી, અને સરવાળે આપણે તેવાં પાપોની સાથે જીવવા ટેવાઈ જઈએ છીએ, અને આપણા જીવનના બાકીના સમયગાળામાં તે સંબંધી ખાલી ફરિયાદો કર્યા કરીએ છીએ અને એવું સ્વીકારી લઈએ છીએ કે, આવા પાપોનો આપણે સામનો કરી શકતા નથી. નિકોલાસે જે તેણે અનુભવ્યું અને મને કહ્યું, તે આપણા માટે સ્પષ્ટ ચેતવણી છે કે, ‘‘સમય પાકી ગયો છે કે આપણે આપણાં જીવનોમાંથી ગંદો કચરો દૂર કરીએ ને આપણાં હૃદયોને શુધ્ધ કરીએ અને ખ્રિસ્ત કે જે આપણને આપણાં પાપોથી શુધ્ધ કરીને આપણો ઉધ્ધાર કરશે અને આત્મામાં આપણને નવાં બનાવશે, તેમાં આપણું આશ્રયસ્થાન મેળવીએ.

### પ્રાર્થના

અમારા સરજનહાર અને મિત્ર એવા અમારા પ્રભુ, અમારામાં શુધ્ધ આત્માનું સર્જન કરો અને અમારાં હૃદયોને એવા અનુકૂળ બનાવો કે જેથી અમે તમારા સત્યના પ્રકાશમાં જીવીએ. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

મારે મારું પાપ શોધી કાઢવું છે અને તેનો પસ્તાવો કરવો છે કે જેથી હું ઈશ્વરને માન-મહિમા આપી શકું.

પર્લા આઈવેથ મુરીલો ઝાપાટા (કોલંબીયા)

### મધ્યસ્થી

વાતાવરણને લગતાં સેવા કાર્યો કરનાર ગ્રુપો

## વિધવાબાઈનું અર્પણ – શનિવાર, જુલાઈ, ૪, ૨૦૨૦

**બાઈબલવાચન : માર્ક ૧૨ : ૪૧–૪૪**

અને તેણે પોતાના શિષ્યોને પાસે બોલાવીને તેઓને કહયું, હું તમને ખચીત કહું છું કે ભંડારમાં એ સર્વ નાખનારાં કરતાં આ દરિદ્રી વિધવાએ વધારે નાખ્યું છે. માર્ક ૧૨ : ૪૩

જુવાન માણસ તરીકે હું આન્નાપોલીસ નેવલ એકેડેમીના સમર કેમ્પના યુ.એસ. નેવીના યુધ્ધ જહાજ પરથી ઉતરીને, લીસ્બન, પોર્ટુગલની જૂના–પુરાણા મકાનોવાળી ગલીઓમાં ગયો. ત્યાં મેં ગંદા કપડાં પહેરેલ એક વૃધ્ધ માણસને રસ્તાને છેડે ભીખ માંગતો જોયો.

હું પોર્ટુગીઝ ભાષા સમજતો ન હતો પણ તેના હાવભાવ સ્પષ્ટ હતા. મારું હૃદય લાગણીશીલ બની ગયું અને તે માણસને થોડાક પૈસા – નાણાં આપવાનું મેં વિચાર્યુ. જો કે મને પછી ખ્યાલ આવ્યો કે, મારા ટૂંકા પગારના નાણાં જો હું ત્યાંની ચાલતી ચલણી નોટોમાં ફેરબદલ કરાવું તો, હું જેટલા નાણાં પેલા ભિખારીને આપવા ઈચ્છતો હતો તેના કરતાં તો જે બિલો હજી મારે ચૂકવવાનાં છે તે વધી જાય એટલા નાણાં મારી પાસે રહે. હું નજીકની છૂટક વેચાણ કરતી દુકાને, છૂટા પૈસા પરચૂરણ લેવા ગયો, અને તરત જ પાછો, તે રસ્તાની કોરે પરત આવ્યો. દુકાને જઈ પરચૂરણ લઈ પાછા આવતાં પંદરેક મિનિટનો સમય લાગ્યો હતો, અને પાછા આવીને જોયું તો, પેલો માણસ ત્યાં રસ્તાની કોરે હતો નહિ.

મને લાગ્યું કે, મારી પરીક્ષા લેવામાં આવી ને હું તેમાં નિષ્ફળ નીવડ્યો હતો. ઉદારતાથી આપવા માટે મેં તૈયારી દર્શાવી નહિ, એવો હું આપવામાં સરળ – સહેલી પડે તેટલી રકમ આપવા ઈચ્છતો હતો. મારા મનમાં લાગ્યું કે, પેલો જે જરૂરિયાતવાળો માણસ હતો તે તો એક દૂત હતો – જો કે તે મારી પરીક્ષા કરવા આવ્યો હોય તેવું માનવું જરૂરી નથી – પણ આપવા વિષે પ્રભુનો જે સંદેશ – શિક્ષણ છે, તેનો સાચો અર્થ શું થાય તે મને શીખવવાનો હોઈ શકે. સાઈઠ વર્ષો પછી પણ હજી હું તે માણસને અને જે પાઠ શિક્ષણ હું તે ધ્વારા શીખ્યો તેને યાદ કરું છું. તે ખાસ પ્રકારના બનાવને માટે હું પ્રભુનો ખૂબ આભારી છું કે હૃદયપૂર્વક ઉદારતાથી આપવા હું નિષ્ફળ નિવડ્યો હતો ત્યારે પણ ઈશ્વર મને પ્રેમ કરતા હતા અને આજે પણ પ્રેમ કરે છે અને શિક્ષણ પણ આપે છે.

### પ્રાર્થના

પ્રિય ઈશ્વર પિતાજી, તમારી સતત હાજરી, ધીરજ અને પ્રેમ માટે આભાર. જરૂરિયાતમંદ લોકોને ઉદારતાથી આપવા અમારી મદદ કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

જ્યારે હું ઉદારતાથી આપું છું ત્યારે ઈશ્વર ખુશ થાય છે.

એલન ગોઈન્સ (ફલોરીડા, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

ઉદારતાથી આપવા બાબત.

## જરૂરિયાતો પૂરી પડાય છે – રવિવાર, જુલાઈ, ૫, ૨૦૨૦

**બાઈબલવાચન : ફિલિપ્પીઓને પત્ર ૪ : ૧૦–૨૦**

મારો દેવ પોતાની મહિમાની સંપત પ્રમાણે તમારી સર્વ ગરજ ખ્રિસ્ત ઈસુમાં પૂરી પાડશે. ફિલિપ્પી. ૪:૧૯

દર શુક્રવારે, લોકો મારા ઘરની નજીક આવેલ ખેડૂતોની માર્કેટમાં મટન, ચીઝ અને બીજી ઘણી એવી તૈયાર ચીજવસ્તુઓ ખરીદવા ભેગા થાય છે. ખરીદનારાઓ, તેમની જરૂરિયાત પ્રમાણે વિવિધ વસ્તુઓ શોધતા હોય છે.

લોકો દેવળોમાં ભક્તિસભા માટે એકઠા થાય છે, તેવું દ્રશ્ય અહીં પણ જોવા મળે છે. કેટલાક ભજન માટે, કેટલાક શિક્ષણ મેળવવા, તો કેટલાક ગીતો ગાવા આવે છે, જ્યારે કેટલાક ગીતો ગવાતાં હોય ત્યારે પુતળાની  માફક ઊભા હોય છે, પણ પ્રભુએ શીખવેલ પ્રાર્થનામાં હૃદયપૂર્વક જોડાય છે. કેટલાક પોતાનાં તાલંતોની વહેંચણી કરે છે જેમકે, શિક્ષણનું કાર્ય કરે છે, આગેવાની પૂરી પાડે છે, કેટલાક ઉત્તેજન પૂરું પાડે છે. જેઓ બધા આ વિવિધ સેવાકાર્યો કરે છે તેઓ, જેઓ દુ:ખી છે ઘવાએલા છે, ભાંગી પડ્યા છે, તેઓની સાથે માયાળુ શબ્દો વાપરી દિલાસો પૂરો પાડે છે, ને એમ કરીને, એકબીજાની સાથે વાતચીત દ્વારા પોતાના હૃદયોને પણ આશિષિત કરે છે. આપણે વિવિધ પ્રકારના લોકોની સંગત ધરાવતું ગ્રુપ છીએ, પણ ગમે તે કારણ હોય આપણે પ્રભુમંદિરમાં આવીએ છીએ, જ્યાં આપણી જરૂરિયાતો, ઈશ્વર અને ઈશ્વરના લોકો દ્વારા સંતોષવામાં આવે છે.

દરેક જરૂરિયાત – પ્રશ્નનો જવાબ આપણા કોઈની પાસે હોતો નથી, પણ આપણે એટલું તો જાણીએ – સમજીએ છીએ કે, જવાબો/ઉપાયો ઈશ્વર પાસે છે, અને તેથી આપણી એ ફરજ થઈ પડે છે કે, આપણે લોકોને પ્રભુમંદિરમાં આવવાનું આમંત્રણ આપીએ કે જેથી તેઓ ઈશ્વર અને વિશ્વાસ કરનારા પ્રેમાળ લોકોના સમૂહ સાથે સંબંધ શરૂ કરી શકે.

### પ્રાર્થના

પ્રિય ઈશ્વર પિતાજી, અમારા પ્રભુમંદિરોમાં જેઓ આવે છે તે તમામની ભાગીદારીની કિંમત અમે સમજીએ માટે અમારી મદદ કરો. અમે તમારી સેવા કરીએ છીએ ત્યારે બીજાઓની જરૂરિયાતો પૂરી પાડવામાં અમને દોરવણી પૂરી પાડો. ઈસુએ અમને પ્રાર્થના કરતાં શીખવ્યું તેમ, ઓ આકાશમાંના અમારા બાપ, તમારું નામ પવિત્ર મનાઓ; તમારું રાજ્ય આવો, જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તમારી ઈચ્છા પૂરી થાઓ. દિવસની અમારી રોટલી રોજરોજ અમને આપો, અને અમારાં પાપ અમને માફ કરો; કેમકે અમે પોતે પણ અમારા હરેક ઋણીને માફ કરીએ છીએ, અને અમને પરીક્ષણમાં ન લાવો; પણ ભૂંડાઈથી અમારો છૂટકો કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન. (લૂક ૧૧ : ૨–૪)

### આજનો સુવિચાર

કોઈપણ જરૂરિયાત એવી મોટી નથી કે જે ઈશ્વર પૂરી ન કરી શકે.

શર્લી બ્રોશીયસ (પેન્નસીલવેન્યા, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

મારા દેવળમાં આવતા મુલાકાતીઓ

## હંમેશા નજીક – સોમવાર, જુલાઈ, ૬, ૨૦૨૦

**બાઈબલવાચન : ગીતશાસ્ત્ર ૧૩૯ : ૭-૧૦**

જ્યારે હું બાળક હતો, ત્યારે બાળકની પેઠે બોલતો હતો; બાળકની પેઠે વિચારતો હતો, બાળકની પેઠે સમજતો હતો; પણ હવે મોટો થયા પછી મેં બાળકની વાતો મૂકી દીધી છે. ૧લો કરિંથી. ૧૩:૧૧

માનસ શાસ્ત્રી જીન પાએગેટે પ્રયોગો કર્યા જેમાં તેઓ ખાસ રીતે નિરીક્ષણ કરતા કે, બહુ નાનાં બાળકો (છ માસથી નાનાં એવાં)ની આગળ જો તમે થોડેક દૂર એક રમકડું મૂકો, તો એ બાળકનું ચોક્કસપણે, તે રમકડા તરફ ધ્યાન ખેંચાશે, સિવાય કે જીન પાએગેટ તે રમકડાં પર કામળો ઢાંકી દે અને જો સાચે જ, તે રમકડાંને ઢાંકી દેવામાં આવે તો, તે બાળક તે તરફ કોઈ રસ ધરાવશે નહિ, એવું વિચારતાં કે તે રમકડું હવે ત્યાં નથી.

કેટલીકવાર, આપણે પણ, એવા બાળકોના જેવા જઈએ. આપણે ઈશ્વર તરફ આપણી દૃષ્ટિ રાખીએ છીએ, જ્યારે આપણે દેવળમાં હોઈએ છીએ, અથવા પ્રાર્થના કરીએ છીએ, બાઈબલ વાંચીએ છીએ કે પછી મનન કરીએ છીએ; પણ જ્યારે આ બધી ક્રિયાઓ બંધ થાય છે કે તરત આપણું ઈશ્વર પ્રત્યેનું ધ્યાન બીજી પ્રવૃત્તિઓ તરફ વળી જાય છે.

ઈશ્વર આપણા જીવનોમાંથી દૂર થઈ જાય છે એવું માનનારા કેવળ આપણે એકલા જ છીએ એમ નથી. યૂનાએ વિચાર્યુ હતું કે, નિનવેહની વિરૂધ્ધ બીજી દિશામાં જતા વહાણમાં હું જઈશ તો મારા જીવનને ઈશ્વર તેમના અંકુશ હેઠળ નહિ રાખી શકે. (જુઓ યૂના ૧ : ૧-૧૦) જો કે તેની આ ધારણા ખોટી હતી, અને સમયની સંપૂર્ણતાએ, યૂના ખરેખર, ફરીને એકવાર ઈશ્વરની સમક્ષ મોઢામોઢ આવી ગયો.

ઈશ્વર આપણા માટે હજી ત્યાં છે, હજી આપણામાં તેઓ રસ લઈ રહયા છે, પછી ભલેને કદાચ થોડા સમયને માટે આપણે ઈશ્વરમાં રસ ખોઈ બેસીએ. ઈશ્વર હંમેશા આપણી સાથે છે.

### પ્રાર્થના

પ્રિય ઈશ્વર પિતાજી, ભક્તિસભામાં કે પ્રાર્થનાના સમયોમાં જ અમે તમારી વધુ નજદીક રહીએ એવું નહિ, પણ બધા જ સમયોમાં તમારી સમીપતાનો અનુભવ કરીએ, માટે અમારી મદદ કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

ઈશ્વર હંમેશા મારામાં રસ ધરાવે છે.

બીલ ફીન્ડલે (સ્કોટલેન્ડ, યુનાઈટેડ કીંગડમ)

### મધ્યસ્થી

જેઓ, પોતાને ઈશ્વરથી દૂર છે એવું અનુભવે છે.

## આનંદ - મંગળવાર, જુલાઈ, ૭, ૨૦૨૦

**બાઈબલવાચન : યાકૂબનો પત્ર ૧ : ૨-૬, ૧૨-૧૭**

મારા ભાઈઓ, જ્યારે તમને તરેહ તરેહનાં પરીક્ષણો થાય છે ત્યારે તેમાં પૂરો આનંદ માનોઃ યાકૂબ ૧ઃ૨

શિયાળાની ઋતુમાં ભજીયા માટે જંગલી બ્લેકબેરી તોડતાં, મને ઘણા કાટાં વાગતા, વળી મધમાખીઓ, નોળિયા જેવું પ્રાણી વગેરેનો પણ બહાદુરીપૂર્વક સામનો કરતાં હું ઉછરી હતી - મોટી થતી ગઈ હતી. તાજેતરમાં હંમેશની માફક, કાંટાળી ડાળીઓ મધ્યે વાંકા વળી, બ્લેકબેરી તોડવાનું જોખમી કામ મેં એકલીએ જ કર્યુ. હું જાણતી હતી કે જો હું પાકી એવી બ્લેકબેરી તોડવા જાઉં તો એ કામ ઘણું જોખમવાળું હોય અને કાંટાઓ મારા પગો અને હાથોમાં વાગે તો હાથ-પગ છોલાઈ જાય અને છોડના ખૂંપરામાં કપડાં ભરાય તો કપડાં ફાટી જાય. પણ હાથ-પગમાં ઉઝરડા પડે તેની મને ચિંતા નથી. હકીકતમાં, તો એવું થાય એ મને ગમે છે. આવું બને એ તો મને મારું બાળપણ યાદ દેવડાવે છેસાથે સાથે, મારા એ કાર્ય પ્રતિ સમર્પણનું ચિહ્ન અને ભવિષ્યમાં સારું પરિણામ મળશે, તેવું યાદ દેવડાવે છે. જેવું મેં બ્લેકબેરી તોડવાનું શરૂ કર્યુ, ઈશ્વર મારા મગજમાં આ શબ્દો લાવ્યા ‘‘મુશ્કેલીઓ મધ્યે આનંદ’’ મને ખૂબ નવાઈ લાગી ને મેં એ ફળો તોડવાનું બંધ કર્યુ.

મુશ્કેલીઓ સહન કરવા બાબત બાઈબલ ઘણું બધું કહે છેઅને તે સમયે આપણો કેવો પ્રતિભાવ આપવો તે પણ જણાવે છે. મેં કોઈપણ રીતે ઘણું બધું સહન કર્યુ હોય, પણ હું હંમેશા સમજી છું કે, દુઃખો સહન કરવા ધ્વારા આપણે ઈશ્વરની વધુ નજીક જઈ શકીએ છીએ અને એ જ ઈશ્વર આપણને તે દુઃખો સહન કરવા શક્તિ આપે છે. આ પહેલાં, હું કદી આ વિચાર બરાબર સમજી શકી નહોતી કે, પરીક્ષણોને આપણે આનંદ તરીકે ગણવા જોઈએ.

સહેલા એવા પડકારો મધ્યે પણ ઈશ્વર આપણી આ સમજને વિસ્તૃત કરી શકે છે, અને તેથી બેરી ફળો તોડવાનું કામ પણ મારા માટે અજાણતાં એક પાઠ બની ગયો. હાથે-પગે ઉઝરડા પડવા એ સતાવણી, રોગ કે મરણ જેવા કપરાં સંજોગો ન ગણાય, પણ તેમ છતાં, તે દુઃખ, ડંખ તો મારે જ છે, જે હું આનંદ સાથે સહન કરી લઉં છું, જે એક સારો ગુણલક્ષણ મારા માટે ગણાય, જે ઈશ્વર મારામાં ઉત્પન્ન કરે છે.

### પ્રાર્થના

આનંદ આપનાર પ્રભુ, અમે જ્યારે મુશ્કેલીઓ સહન કરીએ ત્યારે અમારા આત્માઓને દિલાસો પમાડો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

આજે પડકારો મધ્યે, કઈ સારી બાબત ઈશ્વરે મારા જીવનમાં પૂરી પાડી છે?

રેચલ લ્યુલીચ (ઈન્ડીઆના, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

પડકારોનો સામનો કરતી વેળાએ આનંદ પ્રાપ્ત કરવો.

## કોઈકને પડખે ઊભા રહેવું - બુધવાર, જુલાઈ, ૮, ૨૦૨૦

**બાઈબલવાચન : લૂક ૧૦ : ૨૫-૩૭**

માટે જે જે તમે ચાહો છો કે બીજા માણસ તમને કરે, તે તે તમે પણ તેઓને કરો; કેમકે નિયમશાસ્ત્ર તથા પ્રબોધકોની વાતોનો સાર એ જ છે. માથ્થી ૭:૧૨

એક દિવસે સ્કૂલમાં મેં જોયું તો કેટલાક વિદ્યાર્થીઓ, મારા વર્ગમાં એક છોકરીને હેરાન કરી રહયા હતા. તેઓ તેણીની પર દાદાગીરી કરી રહયા હતા અને ધમકી આપી રહયા હતા. તેણી રડવા જેવી થઈ ગઈ હતી. પણ તેણીનો બચાવ કરવાને બદલે, હું બહાર નીકળી ગઈ અને તેણીને તેના ભાવિ પર છોડી દીધી. હું તેણીને મદદ કરી શકી હોત, પણ મેં તો કેવળ મારી જ ચિંતા કરી હતી અને નક્કી કર્યુ હતું કે મારે એમાં પડવું નથી.

પછીથી મેં વિચાર્યુ કે, જો કોઈક મને જ એવા શબ્દો કહી હેરાન કરી હોત તો હું પણ ગભરાઈ ગઈ હોત અને કદાચ મને ઈજા પણ થઈ હોત, અને જો કે કોઈક એવા સમયે મારી મદદે આવવા વિચાર્યુ હોત, તો પણ તેનો કોઈ અર્થ રહેત નહિ કારણ કે જે તે વ્યક્તિએ તો કેવળ મદદે આવવા વિચાર્યુ જ હતું.

પછી, બીજી વખત એવું જ બન્યું ત્યારે હું પેલા ગુંડા જેવા વિદ્યાર્થીઓ પાસે પહોંચી ગઈ અને તેઓને એવું ન કરવા કહયું. પરિણામે મારા બીજા મિત્રો પણ મારી સાથે મદદે આવી ગયા ને પેલી છોકરીનો બચાવ કરવા લાગ્યા. એ ગુંડાઓથી અમે પેલી છોકરીને દૂર ખેંચી લાવ્યા અને પૂછ્યું કે, શું તેણી બરાબર છે! એ તો એટલું બધું થઈ ગયું હતું કે, તેણી કપરા સમયોમાંથી પસાર થઈ રહી હતી અને તેણીએ આપઘાત કરવાનો પણ વિચાર કરેલો.

અંતે પેલા ગુંડા જેવા છોકરાઓ તેણીને મૂકીને જતા રહયા, અને હવે તેણી મારી સારી મિત્ર બની ગઈ, અને ધીમે ધીમે સ્વમાનભેર જીવવા સ્વસ્થ બની ગઈ.

તે દિવસે હું શીખી કે, એક નાનું સરખું કૃત્ય - કોઈને પડખે ઊભા રહેવાનું - તે વ્યક્તિને માટે મોટો ફેરફાર લાવી શકે છે.

### પ્રાર્થના

પ્રિય ઈશ્વર પિતાજી, અઘરા સમયોમાં, અન્યોની સાથે ઊભા રહેવા અને તેમની સાથે જે રીતે વર્તવુ યોગ્ય હોય તે રીતે તેમની સાથે વ્યવહાર કરવા અમારી મદદ કરો. પ્રભુ ઈસુના નામમાં આમેન.

### આજનો સુવિચાર

ઈશ્વર બધાંને ચાહે છે અને હું પણ બધાં પર પ્રેમ કરીશ.

રેબેકા ઔગર (નોર્થ કેરોલિના, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

વિદ્યાર્થીઓ કે જેઓની હેરાનગતિ થાય છે.

## ઈશ્વરનું ભાંગી ગયેલું વાસણ - ગુરુવાર, જુલાઈ, ૯, ૨૦૨૦

**બાઈબલવાચન : ગીતશાસ્ત્ર ૩૬ : ૫-૯**

આશાભંગ થયેલાઓની પાસે યહોવા છે, અને નમ્ર આત્માવાળાને તે તારે છે. ગીતશાસ્ત્ર ૩૪:૧૮

ધંધાકીય જાપાનીસ કંપનીની કીન્ટસુગી કાર્યશૈલીથી હું અંજાઈ જાઉં છું કે જેમાં માટીનાં તૂટી ગયેલાં વાસણોના ટૂકડાઓને પ્રવાહી સોનું - ચાંદી અને લાખથી સમારી લેવામાં આવે છે. આ એક ખાસ પ્રકારની કલા-કારીગીરી દ્વારા, ભાંગેલી - તૂટેલી વસ્તુઓને સમારીને નવી બનાવી, નવું સ્વરૂપ આપીને, તેની કિંમતમાં ઓર વધારો કરાય છે.

આ કીન્ટસુગી, મને મારી પરિસ્થિતિનું ભાન કરાવે છે. વિશ્વાસની આ મારી જીવન-યાત્રામાં, હું ઘણી બધી વાર હારી જાઉં છું, પોતાની જાતને હલકી મહેસુસ કરું છું - આશાવિહીન બની જાઉં છું. પોતાની જાતને ઈશ્વર સમક્ષ લાવતા શરમાઉં છું. મેં ઈશ્વરને આજીજી કરી ''ઓ ઈશ્વર, હવે તો, મારે જીવવું નથી, મારી નબળાઈઓ અને મારાં પાપો મારી મશ્કરી કરે છે.'' અને તેવે સમયે, હંમેશા ઈશ્વરનો જવાબ મને મળે છે. ''મેં તને તજી દીધો નથી, મારા પ્રિય દીકરા!'' તું શા માટે મારાથી દૂર થાય છે?'' હું જેટલો વધુ આકુળવ્યાકુળ થઈ જતો - ભાંગી પડતો, તેથી વધુ પ્રમાણમાં ઈશ્વરની કૃપા મારી આસપાસ વીંટળાઈ જતી.

મારી મુશ્કેલીઓએ મને બતાવ્યું કે, મારે ઈશ્વરના સામર્થ્યમાં વધુ વિશ્વાસ કરવાનો હોય, કારણ કે મારી પોતાની તાકાત મને નિષ્ફળ કરી શકે છે, પણ મારી આ ખ્રિસ્તી મુસાફરીમાં ઈશ્વરે મને ઊંચકી લીધો છે - પકડી લીધો છે, અને ભંગીત થઈ ગયેલા મારા જીવનના ટૂકડાઓને સમારી લીધા છે. આજે, હું તૂટી ગયેલા - ભાંગી ગયેલા ટૂકડાઓનું એક સુંદર સર્જન બન્યો છું - ઈશ્વરના પ્રેમ અને કૃપા દ્વારા સમારી લેવામાં આવ્યો છું.

આપણા જીવનોમાં એક એવો સમય હતો કે જ્યારે આપણે એવું અનુભવતા હતા કે, અમને કોઈ પ્રેમ કરતું નથી, તરછોડાયેલા છીએ અને એકલા પડી ગયા છીએ. પણ ઈશ્વર આપણા ભંગીતપણા કરતાં વધુ મહાન છે. ભંગીત જીવનો અને ભંગીત આશાઓ, ઈશ્વરની નજરમાં મૂલ્યવાન છે, જે તૂટી ગયેલા વાસણોને પણ, તેની મહાન યોજનામાં ઉપયોગમાં લે છે.

### પ્રાર્થના

પ્રિય ઈશ્વર પિતાજી, અમે જ્યારે ભાંગી પડીએ ત્યારે અમે તમને છોડી ન દઈએ માટે અમારી સહાય કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

જે ઈશ્વર મને કદી તજી દેતા નથી, તેમને હું કદી છોડી દઈશ નહિ.

વાટી મોલીઅર (નાગાલેન્ડ, ભારત)

### મધ્યસ્થી

ભારતમાંના ખ્રિસ્તીઓ

## ઓચિંતા આવી પડેલા મહેમાનો - શુક્રવાર, જુલાઈ, ૧૦, ૨૦૨૦

**બાઈબલવાચન : હિબ્રૂઓને પત્ર ૨ : ૫-૧૮**

કેમકે જે પવિત્ર કરે છે, ને જેઓને પવિત્ર કરવામાં આવે છે તેઓ સર્વ એકથી જ છે; એ માટે તે તેઓને ભાઈઓ કહેવાને શરમાતો નથી. હિબ્રૂ. ૨:૧૧

મારા બાળપણના જીવનની યાદોમાંની એક તે એ છે કે, મારા દાદા-દાદી અચાનક, અગાઉથી જાણ કર્યા વગર અમારે ઘરે આવી જતા. તેઓ અમારાથી આઠ કલાકની મુસાફરી જેટલે દૂર રહેતા હતા, તેથી તેઓ જ્યારે અમારા ઘરે આવતા તેમને જોઈને અમને પુષ્કળ આનંદ થતો. મારા એ દાદા-દાદી મારા માટે ભેટ લાવતા, પણ ખરી ભેટ તો તેમની હાજરી હતી.

પ્રભુ ઈસુ જન્મ્યા ત્યારે હકીકતમાં તેઓ ખૂબ અજાયબી ભરી રીતે જન્મ્યા. રાજા તરીકે કામ કર્યુ, ઈસુ અઘરા કામોની કિંમત સમજ્યા હતા. સુથાર તરીકે કામ કરતા, તેઓ સખત મજૂરીની કિંમત સમજ્યા હતા. તેમની સેવામાં, ઈસુએ કલાકોના કલાકો સુધી અધવચ્ચે ક્યાંક આરામ કર્યા વગર મુસાફરીઓ કરી હતી.

જે રીતે ઈસુ જીવ્યા, ઘણાંની સાથે વ્યક્તિગત જીવંત સંબંધો બાંધવા તેઓએ શ્રમ કર્યો હતો. તેમણે દાણીઓ અને માછીમારોને, યહૂદીઓ અને વિદેશીઓ, પુરુષો અને સ્ત્રીઓને ડહાપણભરી શિખામણો આપી હતી.

આજે, આપણે આપણી આસપાસના માનવબંધુઓને ઈસુએ જે સંપૂર્ણ પ્રકારના પ્રેમનો નમૂનો આપ્યો છે, તે અનુસાર ભલી લાગણીઓ અને હૂંફ દર્શાવી પ્રેમ કરવો જોઈએ.

મારા દાદા-દાદીએ મને ઈસુ વિષે અને માનવી જીવનની ઉત્તમ ભેટ વિષે શીખવ્યું હતું. અન્ય લોકો, મિત્રો અને તેમનાં કુટુંબો પ્રતિ, ઈસુ જે જીવનનો નમૂનો મૂકી ગયા, તે અનુસાર આપણે પણ જીવીને, જે મહાન આશા - એક દિવસે આપણે આપણાં વહાલાઓ અને ઈસુને મળીશું, તે માર્ગે જીવવા બધાને નમૂનો પૂરો પાડીએ.

**પ્રાર્થના**

અદ્‌ભુત મંત્રી, અમે તમારો આભાર માનીએ છીએ કે, તમે અમારી મધ્યે જીવન જીવવા આવ્યા. અમે જેમને મળીએ તેઓ પ્રતિ હૂંફ, પ્રેમ દર્શાવવા અમારી સહાય કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

આજનો સુવિચાર

જેઓને હું મળું, તેઓને હું કેવી રીતે ખ્રિસ્તની હૂંફ - પ્રેમ દર્શાવી શકું?

લોરીન ક્રાફટ (વર્જીનીઆ, યુ.એસ.એ.)

**મધ્યસ્થી**

સુથારો

## દિલાસો અને શાંતિ - શનિવાર, જુલાઈ, ૧૧, ૨૦૨૦

**બાઈબલવાચન : ૨જો કરિંથીઓને પત્ર ૧ : ૧-૭**

અને દેવની શાંતિ જે સર્વ-સમજશક્તિની બહાર છે, તે ખ્રિસ્ત ઈસુમાં તમારાં હૃદયો તથા મનોની સંભાળ રાખશે. ફિલિપ્પી. ૪:૭

અમારા પાળક સાહેબનાં ૫૫ વર્ષની ઉંમરના, પત્ની સુસાનના અચાનક મૃત્યુના સમાચારે અમારી સમગ્ર મંડળીને ભારે આંચકો લાગ્યો. તેઓ, બીજા શહેરમાં તેમના મમ્મીની સંભાળ રાખવા તેમને ત્યાં રહેતા હતા, તેથી પાળક સાહેબ તરત જ ત્યાં જવા રવાના થયા. મને શુક્રવારે કહેવામાં આવ્યું કે આ રવિવારે મારે ભક્તિસભા ચલાવવાની જવાબદારી લેવાની છે. મેં તે જવાબદારી સ્વીકારી પણ, અમારી દુઃખિત મંડળીને તે દિવસે મારે શું કહેવું તે વિષે હું મૂંઝાયો.

તે રવિવારની સવારે, મારા નિત્ય ક્રમ પ્રમાણે તે દિવસની ઉપલીમેડીનું મનન બાઈબલ વાચન અને પ્રાર્થનામાં સમય વિતાવ્યો. તે દિવસનું મનન, પડેલી ખોટ સમયે ઈશ્વરનું શાંતિ માટેનું વચન વિષે હતું. મનન લખનારે, અંતે ફિલિપ્પી ૪,૭ અને શાંતિ જે આપણી સર્વ સમજ શક્તિની બહાર છે. તેનો ઉલ્લેખ કર્યો હતો. મને લાગ્યું કે, તે દિવસ માટે મંડળી માટે તે મનન - સંદેશો યોગ્ય જ હતો જે ઈશ્વરે મને બતાવ્યો હતો.

ભક્તિસભા દરમિયાન મેં, તે મનન મોટેથી વાંચ્યું. મેં જોયું કે, અમારી મંડળીએ, ખ્રિસ્તમાં ભાઈઓ - બહેનો તરીકે, અમારા પાળક સાહેબ અને તેમના કુટુંબની મુલાકાત લઈ તેમના આ દુઃખદ પ્રસંગે પ્રેમ અને દિલાસો પૂરો પાડ્યો હતો.

### પ્રાર્થના

સ્વર્ગીય પિતાજી, પડકારયુક્ત સમયોમાં, અમને દિલાસો અને શાંતિ પૂરાં પાડવા બદલ આભાર. અન્યોને માટે પણ અમે એવું જ કરી શકીએ માટે અમારી મદદ કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

ઈશ્વર તરફથી આવેલ આજના સંદેશા પ્રતિ હું કેવો પ્રતિભાવ દર્શાવીશ?

જોન ડી. બોવન (મિન્નેસોટા, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

જેઓના ઘરમાં અચાનક મૃત્યુ થયુ છે.

## ઈશ્વર પહેલેથી જ જાણે છે – રવિવાર, જુલાઈ, ૧૨, ૨૦૨૦

**બાઈબલવાચન : માથ્થી ૬ : ૨૫-૩૩**

પણ તમે પહેલાં તેના રાજ્યને તથા તેના ન્યાયીપણાને શોધો, એટલે એ બધા વાનાં પણ તમને અપાશે. માથ્થી ૬:૩૩

એક બહેન, કે જેમનું છેલ્લા ૩૫ વર્ષથી મેં નોકરીમાં, તેઓ નિવૃત્ત થાય ત્યાં સુધી તેમના કામનું સુપરવિઝન કરેલ, અને હવે તેમના વિદાય સમારંભમાં, તેમને માટે બે શબ્દો કહેવાનું મને કહેવાાં આવ્યું. મેં ખુશીથી તે જવાબદારી સ્વીકારી. તેણીએ નોકરીના સ્થળે જેટલા વર્ષ વિતાવ્યાં તેની યાદ કરતાં, તેમણે જણાવ્યું કે, હું તેમના કામથી બહુ પ્રભાવિત થયેલ અને પરિણામે ઉપલી સત્તાને મેં પ્રોજેક્ટ પૂરો થયા પછી પણ તેણીને નોકરીમાં ચાલુ રાખવા ભલામણ કરેલી. જો કે મને તો એ પ્રસંગ કોઈ રીતે યાદ નહોતો પણ જ્યારે મને સમજાયું કે, ઈશ્વરે તેમની જરૂરિયાત પૂરી કરવામાં, મારો કોઈક રીતે ઉપયોગ કર્યો હતો અને તેથી તેમની આજની નિવૃત્તિ વેળાની વિદાયસભા, તેણી માટે આશીર્વાદિત બની, સાથે સાથે મારા માટે પણ આ સભા – સમય આશીર્વાદિત બન્યો.

ઈશ્વર હંમેશા આપણી સાથે છે, આપણી જરૂરિયાતો જાણે છે અને બીજાઓને આપણી મદદે મોકલે છેઅને ઘણી બધી વખત તો આપણને એવા સ્થાને મૂકે છે, કે જ્યાંથી આપણે અન્યોને મદદ કરીએ. આપણે તો ફક્ત વિશ્વાસ જ કરવાનો કે, ઈશ્વર આપણને એ માર્ગે આગળ દોરશે. પછી આપણું તો કામ એ રહેશે કે, આપણે, ઈશ્વરને આધીન થઈએ અને તેમને અનુસરીએ.

### પ્રાર્થના

અમારા માર્ગદર્શક એવા અમારા પ્રભુ, અમારી જરૂરિયાતો માટે અમારી ચિંતા કરવા બદલ આભાર. અમે તમારા આશીર્વાદોને સ્વીકારતાં પ્રથમ તમારા રાજ્યને અને ન્યાયીપણાને શોધીએ. અને બીજાઓને મદદરૂપ બનીએ, માટે અમારી સહાય કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

બીજાઓની સેવા કરવાની તકો આપીને ઈશ્વર મને આશીર્વાદિત કરે છે.

જોઆન એ. બ્રેથવેઈટ (ક્રાઈસ્ટ ચર્ચ, બાર્બાડોસ)

### મધ્યસ્થી

મારા સાથી કાર્યકરો

## પ્રતિકૂળ જગાઓ - સોમવાર, જુલાઈ, ૧૩, ૨૦૨૦

**બાઈબલવાચન : એફેસીઓને પત્ર ૨ : ૧-૧૦**

કેમકે આપણે તેની કૃતિ છીએ, અને સારી કરણીઓ કરવાને ખ્રિસ્ત ઈસુમાં આપણને ઉત્પન્‍ન કરવામાં આવ્યા છે; તે કરણીઓ વિષે દેવે અગાઉથી એમ ઠરાવ્યું કે, આપણે તે પ્રમાણે ચાલીએ. એફેસી. ૨:૧૦

સ્ટ્રીપ કલબો, એવી જગાઓ નથી કે જ્યાં દેવળમાં જનારા લોકોનો વર્ગ, મિત્રો શોધવા ત્યાં જાય, પણ ઘણાં વર્ષોથી મારી મિત્ર યેન્યા અને બીજી કેટલીક તેની મંડળીની સ્ત્રીઓ, ત્યાં નિયમિતપણે, મિત્રતા શોધવા - માણવા જતી હતી. કલબના માલિકોની પરવાનગીથી, દેવળમાં જનારી મંડળીની કેટલીક બહેનો, ત્યાં સ્ત્રીઓને જરૂરી એવી વસ્તુઓ પહોંચાડતી હતી. આવી વસ્તુઓ લેનારી સ્ત્રીઓમાંની મોટાભાગની સ્ત્રીઓ એકલી માતાઓ હતી, કે જેઓ ઘર ચલાવવા તકલીફો વેઠી રહી હતી, અને તેઓ ખુશીથી ભેટો સ્વીકારતી હતી. અમુક સમય પછી ચર્ચ જનારા લોકોના વર્ગમાંથી કેટલાકને, નવરાશની પળોમાં, તે કલબની સ્ત્રીઓને મળવાની તકો મળી હતી અને ત્યાં જઈ એ સ્ત્રીઓની વાતો સાંભળતા, મદદ કરતા, તેમની વ્યવહારુ જરૂરિયાતો પૂરી પાડતા અને બાઈબલમાંથી ઈસુ વિષેની આધ્યાત્મિક વાતો તેઓની સાથે વહેંચતા - સુવાર્તા જણાવતા.

બહુ પ્રચલિત નહીં એવી કોઈક બાબતો કરવા હિંમત અને ધૈર્યની જરૂર હોય છે. શું તે બિનજોખમી હતું? ના, ચોક્કસપણે નહિ, શું તે ખ્રિસ્તને પસંદ પડે તેવું હતું? હા, એ સંપૂર્ણપણે સાચું છે.

ઈસુએ, ઈશ્વરના રાજ્યમાં આવવા માટે બધા લોકોને આમંત્રણ આપ્યું છે. જોનારાઓને કદાચ તે ન સમજાય એવું લાગે કે પછી તે વિષે ટીકાટીપ્પીઓ કરવામાં આવે. દરેકને ઈશ્વરની કૃપાની જરૂર છે. જો આપણે પ્રભુ ઈસુને અનુસરનારા તેમના શિષ્યો છીએ તો, આપણે તેને વધુ વેગ મળે માટે તેનો પ્રસાર કરવાની જરૂર છે. પછી ભલે તે સ્થળો કે જગાઓ અપ્રચલિત કે રૂઢિ વિરૂધ્ધની કેમ ન હોય!

### પ્રાર્થના

સર્વના ઈશ્વર, અમારી આસપાસની ભંગિત દુનિયાને નિહાળવા અમારી આંખો અને હૃદયો ખોલો. બીજાઓ સાથે, અમારા વિશ્વાસની વહેંચણી કરવાની તકોનો અમે ઉપયોગ કરીએ માટે અમારી સહાય કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

જેઓને સુવાર્તાની જરૂર છેએવા ક્યા સ્થળોની હું આજેમુલાકાત કરું?

ટેરી ફોસ્ટર (સાઉથ કેરોલિના, યુ.એસ.એ.)

**મધ્યસ્થી**

એકલી માતાઓ

## લાલ રંગનું પીછું – મંગળવાર, જુલાઈ, ૧૪, ૨૦૨૦

**બાઈબલવાચન : ગીતશાસ્ત્ર ૯૧ : ૧-૬**

આંખની કીકીની પેઠે મને સંભાળ, તારી પાંખોની છાયા તળે મને સંતાડ. ગીતશાસ્ત્ર ૧૭:૮

અગાઉ કરેલી આગાહી મુજબ, અમારા વિસ્તારમાં, જાણે કે ભયંકર વેર લેવાનું હોય તે રીતે, સખત રીતે ભયંકર વાવાઝોડુ ફરી વળ્યું; પણ હવે, હંમેશની મુજબ સૂર્ય ખૂબ પ્રકાશિત દેખાવા લાગ્યો. તેમ છતાં, હું લાકડાં ભેગા કરવા ગઈ હતી ત્યારે જેમ લાકડા તૂટે, તેમ હું પણ અનુભવતી હતી. આ જાતનો ભાર જાણે કે મને દબાવી રહયો હોય તેમ, હું કૌટુંબિક પ્રશ્નો, તંદુરસ્તી બાબત ચિંતાઓ, નાણાંકીય ભીડ અને તૂટેલા સંબંધો વગેરેથી હેરાન-પરેશાન હતી. મારા મગજમાંથી આવા બધા વિચારો દૂર કરવા હું મુશ્કેલી અનુભવી રહી હતી. મેં મને મળેલા આશીર્વાદો અને ભવિષ્યમાં મળે તે તમામ આશીર્વાદો તરફ મારું ધ્યાન પરોવ્યું.

પક્ષીઓનું મધુર ગીતોનું સંગીત, મારા વિચલીત થયેલા વિચારોને અથડાતું હતું. હું એ સંગીત સાંભળી રહી હતી, ત્યારે મુખ્ય પક્ષી મારા શરીર પર આવીને પડ્યું, અને તેનું માથું મારા તરફ ફેરવીને હર્ષ-ઉલ્લાસથી ગીત ગાવા લાગ્યું. બીજા બધાં કરતાં તેનો અવાજ ઊંચો હતો. તેના એ સંગીતથી હું મુગ્ધ થઈ ગઈ, ત્યાં સુધી કે લાલ રંગનું એક પીછું ઉડતું ઉડતું મારા પગ પાસે આવીને પડ્યું. ઈશ્વરે જેવું તેને બનાવ્યું હતું તેવું સંપૂર્ણ એ પીછું હતું.

તે પીછું મેં સાચવી રાખ્યું અને પ્લાસ્ટીકમાં લેમીનેટેડ કરીને. બુકમાર્ક તરીકે વાપરવા રાખ્યું. મારા બાઈબલમાં તે ગીત નં.૯૧ પર મૂકી રાખ્યું છે, જેમને ઈશ્વરના અડગ પ્રેમની મારા જીવનમાં હાજરી છે તેની યાદ અપાવે છે. મારા માટે પીછાં એ આશા દર્શાવે છે. હું જાણું છું કે, હું, મુશ્કેલીઓ વિનાના જીવનની અપેક્ષા રાખી શકતી નથી. મારા જીવનમાં ભલે પડકારો આવે, મને ખાતરી છેકે, ઈશ્વર મારી સાથે છેઅને ઈશ્વરની સંભાળ લેતી પાંખોની નીચે હું હંમેશા આશ્રય પ્રાપ્ત કરીશ.

### પ્રાર્થના

પ્રિય સ્વર્ગીય પિતાજી, પડકારો ધ્વારા અમારી સંભાળ લેવા અને અમારા રક્ષક બનવા બદલ તમારો આભાર. દરેક દિવસે આનંદ અનુભવવા અમારી મદદ કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

આજે હું કૃત્તિઓમાં આનંદ પ્રાપ્ત કરીશ.

જીન સી. ગોરે (નોર્થ કેરોલિના, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

પક્ષીઓ જોવાનું - માણવાનું જેઓને બહુ ગમે છે.

## હું જેવો છું તેવો છું - બુધવાર, જુલાઈ, ૧૫, ૨૦૨૦

**બાઈબલવાચન : ૨જો કરિંથીઓને પત્ર ૧૨ : ૬-૧૧**

અને તેણે મને કહ્યું છે કે,તારે વાસ્તે મારી કૃપા બસ છે; કેમ કે મારું સામર્થ્ય નિર્બળતામાં સંપૂર્ણ થાય છે. ૨જો કરિંથીઓને પત્ર ૧૨:૯

મારા મોટાભાગના ધાર્મિક મિત્રો એવું માને છે કે, ધાર્મિક લોકો ખાસ પ્રકારના ઢાચામાં હોવા જોઈએ. હું સ્પષ્ટપણે બોલનાર અને જિજ્ઞાસુ સ્વભાવવાળો છું અને મારા મિત્રો, હું એ પ્રકારે વર્તુ એમ ઈચ્છા નહોતા. ઘણી બધી વખત મારો વિરોધ કરવામાં આવ્યો હોય અને મારા વ્યક્તિત્વને કારણે મારા પર હુમલા કરવામાં આવતા, પરિણામે હું ગુસ્સામાં રહેતો અને ઈશ્વરને આગ્રહપૂર્વક મને બદલવા - મારામાં ફેરફાર કરવા વિનંતી કરતો. મને અન્યો ખ્રિસ્તીઓ સાથે સમય ગાળવાનું ગમે છે, પણ હું મારી અસલ જાતને, તેઓની વિચાર સરણી અનુસાર મારે કેવા હોવું જોઈએ અથવા તેમના વિચારોને બંધ બેસતા બનવા, બદલવા તૈયાર નહોતો.

ઈશ્વર મારા બહિર્મુખી વલણો દૂર કરે માટે રાહ જોઈ, કે જેથી હું મારી મંડળીને, મારા ધાર્મિક મિત્રોને ''ધાર્મિક'' દેખાઉ, પણ પછી આ શબ્દો - ''મારી કૃપા તારે વાસ્તે બસ છે'' મને યથાર્થ લાગ્યા. હવે હું જોઈ શકું છું કે, મારું બહારનું વ્યક્તિત્વ મને, વાતચિત શરૂ કરવાની તકો પૂરી પાડે છે. ઈશ્વરમાં હું કોણ છુંએ જાણ્યા પછી, આ બાબતે મને, અન્યો જેઓ પોતાને નકારવામાં આવ્યા છે એવું વિચારે છે, તેઓની સાથે વાતચીત કરવા ઈશ્વર મને મદદ કરે છે, કારણ કે હું હવે જાણું છું કે, ઈશ્વર મારી સાથે છે. હવે મને ઈશ્વરના પ્રેમનો પૂરેપૂરો અનુભવ થયો છે - એ ઈશ્વર કે જે મને, હું જે છું તેવો જ સ્વીકારે છે.

આપણને જ્યારે ખોટી રીતે સમજવામાં આવે છેઅને આપણને ખોટી રીતે મૂલવવામાં આવે છેત્યારે પણ ઈશ્વર આપણા ધ્વારા મહિમાવંત મનાય છે, તેવું જાણવું એ કેટલુ બધું ઉત્તેજનદાયક છે. આપણે જેવા છીએ તેવા ઈશ્વરની પાસે જઈ શકીએ છીએ.

### પ્રાર્થના

પ્રિય તારણહાર પ્રભુ, અમે જેવા છીએ તેવા, અમને પ્રેમ કરવા બદલ આભાર. તમારા શબ્દોનું સત્ય, અમારા જીવનો ધ્વારા પ્રગટ થાય, તેવા અમે બનીએ માટે અમારી મદદ કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

એવા સમયો કે જેમાં હું મારી જાતને પણ પ્રેમ કરતો ન હોઉં, ત્યારે ઈશ્વર, મને હું જેવો છું તેવો જ પ્રેમ કરે છે.

તિમોથી ઓલુમાઈક (ઓસ્કન, નાઈજીરીઆ)

### મધ્યસ્થી

બીજાઓ, જેવા છે તેવા જ તેમને સ્વીકારવા.

## એક સારું કામ – ગુરુવાર, જુલાઈ, ૧૬, ૨૦૨૦

**બાઈબલવાચન : ૧ પિતર ૪ : ૯-૧૧**

કેમકે હું ભૂખ્યો હતો, ત્યારે તમે મને ખવડાવ્યું; હું તરસ્યો હતો, ત્યારે તમે મને પાણી પાયું; હું પારકો હતો, તમે મને પરોણો રાખ્યો. માથ્થી ૨૫:૩૫

અમારા વરિષ્ઠ આગેવાનોએ, ઉપર ટાંકેલ કલમમાં એક ઉમેરો કર્યોઃ ''અમે જ્યારે અસહાય હતા ત્યારે તમે અમને બચાવી લીધા'' જેક્સન, જ્યોર્જીઆ જવા અમે નીકળ્યા, રસ્તામાં અમારી બસ બગડી. પાસેના પ્રભુમંદિરમાં, બે વેન પાર્ક કરેલી જોવા મળી. હજી બહુ દૂર જવાનું હતું, અમે થોભ્યા અને અમારે પરત એટલાન્ટા ૫૦ માઈલ દૂર જવાનું છે તેથી જો તમે અમને એક વેન ભાડે આપો તો કેમ! તેઓએ હા કહી તે ઉપરાંત, અમારી પરિસ્થિતિ કેવી છે તેવું પૂછ્યા વગર તેઓ કોઈપણ પ્રકારનું ભાડું ન લેતાં, વેન વાપરવા આપી. તેઓએ ફક્ત એટલી જ વિનંતી કરે કે, સાંજ સુધી વેન પરત કરી દેજો, જે અમે કર્યુ અને વેનમાં પૂરેપૂરો ગેસ પણ ભરાવી આપ્યો. ખાસ નોંધવા જેવી બાબત તો એ હતી કે, ચર્ચના સેક્રેટરીએ અમારો બધાનો, જે અમે ૧૬ જણ હતા તે તમામનો ઉષ્માભર્યોઆવકાર કર્યો હતો, પીવા માટે કંઈક આપ્યું અને અમે કોણ છીએ તેનું ધ્યાન દીધું નહિ.

પછીના રવિવારે, અમારામાંના કેટલાએક, તે ચર્ચ પર, આભાર માનવા રૂબરૂ ગયા. અમે મંડળીને દાન આપ્યું અને સેક્રેટરીને ફૂલો આપ્યાં. આ મંડળીના લોકોએ સાચે જ ઈસુએ આપેલ શિક્ષણ – અજાણ્યાઓએ આવકારવા નો સાચા અર્થમાં અમલ કરી બતાવ્યો. અમે કેવળ એક સારા કામના સ્વીકારનાર નહિ, બલ્કે ઈશ્વરનો અદ્‌ભુત આશીર્વાદ પ્રાપ્ત કરનાર પણ બન્યા.

### પ્રાર્થના

કૃપાળુ ઈશ્વર પિતાજી, જીવન માર્ગ પર અટવાઈ પડેલા લોકોને,મદદ કરનારાં તમારાં બાળકોની દયા, માટે આભાર. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

અન્યો પર વિશ્વાસ કરીને, તેમને મદદ કરવા ધ્વારા, હું ઈશ્વરનો પ્રેમ પ્રગટ કરી શકું છું.

કેથેરીન પેટ્ટી હાટ્ટ (જ્યોર્જીઆ, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

જેઓ વાહનો બગડવાના પ્રશ્નોનો સામનો કરી રહયા છે.

## શાંતિથી ઊંઘ - શુક્રવાર, જુલાઈ, ૧૭, ૨૦૨૦

**બાઈબલવાચન : ગીતશાસ્ત્ર ૧૨૧ : ૧-૮**

તારા ખરા હૃદયથી યહોવા પર ભરોસો રાખ......નીતિવચનો ૩:૫

હું અને મારો નાનો ભાઈ જ્યારે અમે નાનાં હતા ત્યારે એક રાત્રે મારા ભાઈને ખરાબ સ્વપ્ન આવ્યું, મેં તેને બાથમાં લીધો અને પાછા સુઈ જવા કહ્યું, પણ તેણે મને કહ્યું કે, જેવી હું આંખો બંધ કરું છું, તરત જ ખરાબ સ્વપ્ન આવવું શરૂ થાય છે. મેં તેને શિખામણ આપતા કહ્યું કે, તેવે સમયે તારે ઈશ્વર પાસે જવું. તેથી તે બેઠો રહયો અને પ્રાર્થના કરી અને પછી શાંતિથી સૂઈ ગયો. ત્યાર પછી તેને હું બાથમાં લઉં એવું ન બન્યું.

હું હજી એ યાદ કરીને વિચારું છે કે, નાનાં બાળકોનાં હૃદયો કેવાં નિખાલસ હોય છે - ઈશ્વર પર ભરોસો કરવાની તાકાત. મારા ભાઈએ પ્રાર્થના પૂરી કર્યા પછી, તેણે ખરા ભાવથી હૃદયથી સ્વીકાર્યુ કે, ઈશ્વરે તેનું સાંભળયું છે અને ઈશ્વર રાત્રિ દરમિયાન તેની રક્ષા કરશે.

પુખ્ત વયની ઉંમરવાળી વ્યક્તિ તરીકે, હું ઘણી બધી વખતે એ બનાવને યાદ કરું છું. જ્યારે હું પોતે બીકનો અને અચોક્કસતાને સામનો કરું છું એવા સમયોમાં, હું મારી જાતને પૂરા હૃદયથી ઈશ્વર પર વિશ્વાસ કરવા અને બીક તજી દેવા કહું છું. ઈશ્વર મારી દરેક પરિસ્થિતિમાં મારી સાથે છે, અને મને સંભાળે છે. હું શીખી છું કે, મારે ઈશ્વરને મારા પર નિયંત્રણ કરવા દેવા, કારણ કે હું તે પોતાની મેળે કરી શકતી નથી, અને જ્યારે હું તેવું કરવા પ્રયત્ન કરું છું, ઈશ્વર મને શાંતિ બક્ષે છે.

### પ્રાર્થના

પ્રિય ઈશ્વર પિતાજી, નાનાં બાળકોના જેવાં હૃદયો અમને આપો કે જેથી અમે વિશ્વાસ કરી શકીએ કે, તમે દરેક અઘરી પરિસ્થિતિમાં અમને રસ્તો બતાવશો. અમે ઈસુએ પ્રાર્થના કરતાં શીખવ્યું તેમ, પ્રાર્થના કરીએ છીએ - ઓ આકાશમાંના અમારા બાપ, તમારું નામ પવિત્ર મનાઓ; તમારું રાજ્ય આવો; જેમ આકાશમાં, તેમ પૃથ્વી પર તમારી ઈચ્છા પૂરી થાઓ. દિવસની અમારી રોટલી રોજ રોજ અમને આપો; અને અમારાં પાપોની અમને ક્ષમા આપો કેમકે અમે પોતે પણ અમારા હરેક ઋણીઓને માફ કરીએ છીએ અને અમને પરીક્ષણમાં ન લાવો પણ ભૂંડાઈથી અમારો છૂટકો કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન. (લૂક ૧૧ : ૨-૪)

### આજનો સુવિચાર

આજે હું ચિંતા ઓછી કરીશ અને ઈશ્વર પર વિશ્વાસ વધુ કરીશ.

જ્યુઈતા કાર્તીની (જાકાર્તા રાયા, ઈન્ડોનેશિયા)

### મધ્યસ્થી

ઈન્ડોનેશિયામાંના બાળકો

## ખ્રિસ્તી વારસો - શનિવાર, જુલાઈ, ૧૮, ૨૦૨૦

**બાઈબલવાચન : રોમનોને પત્ર ૧૨ : ૯-૨૧**

હે મનુષ્ય, સારું શું છે તે તેણે તને બતાવ્યું છે; ન્યાયથી વર્તવું, દયાભાવ રાખવો તથા તારા દેવની સાથે નમ્રતાથી ચાલવું, એ સિવાય યહોવા તારી પાસે બીજું શું માગે છે? મીખાહ ૬:૮

એક દિવસે, અમારા રસોડામાં હું એક વધારાનું કૌટુંબિક ભોજન તૈયાર કરી રહી હતી ત્યારે, થાકને કારણે નિસાસો નાંખતા મોટેથી પૂછ્યું, ''મારા ગયા પછી, મને યાદ કરતાં, મારા વિષે કઈ ખાસ વાત તમે યાદ કરશો? - હું સરસ ભોજન બનાવું છું તે, કે પછી સરસ સાફ-સફાઈ કરું છું તે? મારા પતિએ હસતાં હસતાં મજાકમાં કહ્યું કે, તમારી કબર ઉપર લખીશું કે, ''તેણી સરસ રોટલી બનાવતી હતી.''

આ હસી-મજાકે મને એક ગંભીર વિચાર ''વારસો જે મૂકી જવાની છું'' - તે વિષે વિચારતી કરી દીધી. પશ્ચિમની સંસ્કૃત્તિમાં, કોર્પોરેશનો, મંડળીઓ, કુટુંબો અને વ્યક્તિઓને ઘણી બધી વખત, પોતે શું કરવા માગે છે, તે દર્શાવતું ''સેવાકીય નિવેદન'' મિશન સ્ટેટમેન્ટ લખવું પડતું હોય છે, અને હવે તો ક્રાંતિકારી વિચારધારામાં, વ્યક્તિ જીવતા હોય ત્યારે, પોતાના વિષે મૃત્યુ નોંધ પણ લખી જવાની હોય છે. જો આપણે આપણા ભવિષ્યના સમયો વિષે વિચારવાનું હોય કે મારા મૃત્યુને અંતે હું શું કહીશ તો, એનો અર્થ એ થાય કે, એ શબ્દો પ્રમાણે જીવવા - પાળવા અત્યારના સમયમાં આપણે, જાગૃત રહેવું જોઈએ.

જો કે હું જાણું છું કે, મારે મારું જીવન કેવી રીતે જીવવું જોઈએ તે આજના શાસ્ત્રવાચનમાં મળે છે, અને એ વચનો હું મારા પર્સમાં લઈને બધે ફરું છું. આ વચનો મારા દૈનિક જીવનમાં માર્ગદર્શન પૂરું પાડે છે. તેઓ મને ક્યારે અને કેવી રીતે બીજાઓને પ્રેમ કરવો તે કહે છે. ખ્રિસ્તના અનુયાયીઓ તરીકે, આપણે આપણું સેવાકીય નિવેદન - મિશન સ્ટેટમેન્ટ, આ વચનોમાં કહ્યું છે તે મુજબ ખૂબ સારી રીતે અસરકારક એવું બનાવવું જોઈએ.

### પ્રાર્થના

અમારા પ્રેમાળ પિતા, દરરોજ દુનિયા, અમારામાં ખ્રિસ્તને ખૂબ સારી રીતે નિહાળી શકે અને તમારી કૃપાને અને તમારી પ્રેમાળ દયાને ઓળખી શકે એવું થવા દો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

ખ્રિસ્તના અનુયાયી તરીકે, મારે ક્યો વારસો મૂકી જવો જોઈએ?

વિલ્મા રોસ વર્નિક (ટેન્નેસ્સી, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

જેઓ પોતાના પ્રયત્નો - સેવાકાર્યો અંગે શંકા કરે છે.

## માફી આપવામાં મળતો બોધપાઠ – રવિવાર, જુલાઈ, ૧૯, ૨૦૨૦

**બાઈબલવાચન : યાકૂબનો પત્ર ૧ : ૧૯-૨૫**

જેઓનાં પાપ તમે માફ કરો છો, તેઓનાં પાપ માફ કરવામાં આવે છે; અને જેઓના પાપ તમે કાયમ રાખો છો, તેઓનાં પાપ કાયમ રહે છે. યોહાન ૨૦:૨૩

વર્ષો અગાઉ, મેં સન્ડે સ્કૂલમાં નવમા ગ્રેડનાં બાળકોને ભણાવ્યાં હતાં એક ખાસ અઠવાડિયા દરમિયાન, એક રવિવારે હું ક્લાસરૂમમાં, કાગળની બનાવેલ ધજાઓ – વાવટાઓ, જે અંદરની સાધન સામગ્રી કે ખુરશીઓ કે ટેબલ સાથે જોડી લટકાવેલ હતાં, તે જોવા – તપાસવા અંદર ગયો. હું તે બધું જોતો જોતો ક્લાસરૂમમાં ફરતો હતો ત્યારે બધાં બાળકો મારી સામે જોઈ અટ્ટહાસ્ય કરી રહયાં હતાં.

મેં તેમને મારા માટે અને સન્ડેસ્કૂલની સામગ્રી માટે કોઈ ખાસ રસ કે માન ન ધરાવતા જોઈને તેમને ધમકાવવાનું શરૂ કર્યુ. જો કે હું શું કરી રહયો છું તેની મને કંઈ સમજ પડી નહિ અને બાળકોના ઘવાએલા ચહેરાઓ તરફ ધ્યાન આપ્યું નહિ, પછી હું ઊભો રહયો અને માફી માગી, ને સમજાવ્યું કે મારા પત્ની ગંભીર માંદગી હેઠળ છે અને હોસ્પિટલમાં સારવાર લઈ રહયા છે, અને તે કારણે હું ખૂબ ગભરાએલો હતો કે હું સારી રીતે વિચારી કે વર્તી ન શક્યો, પણ મારે આવી રીતે તેમની સાથે વર્તવાની જરૂર નહોતી, તે સમજાયું.

પછી મેં ક્લાસમાં શીખવવાનું ચાલુ રાખ્યું, અને વર્ગ પૂરો થયો ત્યારે હું દરવાજે ઊભો રહયો અને બાળકોને ક્લાસમાંથી બહાર જતાં જોયાં. માફી માગી – માફી આપી તેનું આ ઉત્તમ ઉદાહરણ હતું જેનું મને ગર્વ હતું. બાળકો જ્યારે જવા નીકળયાં ત્યારે દરેક જણ મને ભેટ્યાં, કાં તો ખભો થાબડ્યો અથવા હાથ હલાવી આવજો કર્યુ. મને સારું લાગ્યું કે તેઓ માફી વિષેનો પાઠ ભણી શક્યાં, પણ પછીથી જ્યારે તે વિષે હું વિચારતો હતો, મને લાગ્યું કે ખરેખર તો તેઓ શિક્ષક બન્યાં હતાં અને હું વિદ્યાર્થી બન્યો હતો. તેઓએ, મારા અયોગ્ય વર્તન માટે, હકીકતમાં, ખૂબ મોકળાશથી – ઉમંગથી મને માફી આપી હતી, ને હસતાં ને કૂદતાં વાતો કરતાં, કડવાશનો કોઈ અંશ સાથે લેતા ગયા હતા નહોતા એ પ્રકારની માફી આપવી એ તો ઈશ્વર તરફથી મળતી એક સાચી ભેટ છે.

### પ્રાર્થના

પ્રિય પ્રભુજી, માફીની ભેટ આપવા બદલ તમારો આભાર. પેલા બાળકોની જેમ અમને પણ સંપૂર્ણપણે માફી આપવા અમારી સહાય કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

બીજાઓને સંપૂર્ણપણે માફી કેવી રીતે આપું?

કેન ક્લાર (ઓહાયો, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

જેઓ માફી આપવામાં તકલીફ અનુભવી રહયા છે.

## ''જ્યારે તમે હસો છો'' - સોમવાર, જુલાઈ, ૨૦, ૨૦૨૦

**બાઈબલવાચન : ગણના ૬ : ૨૨-૨૭**

યહોવા પોતાના મુખનો પ્રકાશ તારા પર પાડો, ને તારા પર કૃપા કરો; યહોવા પોતાનું મુખ તારા પર ઉઠાવો, ને તમને શાંતિ આપો. ગણના ૬:૨૫

રોજસવારે ૪ થી ૬ વાગ્યા સુધી, હું પ્રાર્થના અને મનનમાં સમય વિતાવું છું. મેં શોધી કાઢ્યું છે કે, એ શ્રેષ્ઠ સમય છે કે જેમાં હું ઈશ્વર સાથેની સંગતમાં, સ્તુતિ આરાધના કરવામાં અને દરેક નવા દિવસ માટે ઈશ્વરનો આભાર માનવામાં વિતાવું. હું એક દિવસ સવારે મનન કરી રહી હતી, મેં વિચાર્યુ કે, ઈશ્વર જ્યારે હસે ત્યારે કોના જેવા દેખાય? આપણે, ઈશ્વર હસે માટે શું કરી શકીએ? બરાબર એ જ સમયે, છાપાની વહેંચણી કરનાર એક જુવાન છોકરો આવ્યો. દર સવારે જ્યારે તે આવતો, તે મને સુંદર હાસ્ય અને ભેટવા સાથે આવકારતો, ત્યારે હું એમ માની લેતી કે ઈશ્વર મારી સાથે હસી રહયા છે.

હાસ્ય, જે વ્યક્તિ દુઃખી છે અને એકલી છે, તેને માટે ઉત્તેજન લાવી શકે છે, અને હૃદયભંગિત થઈ છે એવી વ્યક્તિ માટે ''ઈશ્વર પર અઢેલો, ઈશ્વર તમને ચાહે છે અને મને પણ,'' એવું કહેવાનો માર્ગ છે. હાસ્ય સાથે કરેલું એક સારું - ભલું કૃત્ય સંવેદનશીલ - નિર્બળ, વૃધ્ધો અને માબાપ વગરનાં બાળકોને મદદરૂપ બની શકે છે. સ્થાનિક ફેરિયાઓ, કે જેઓ તાજાં ફળો - શાકભાજી પૂરાં પાડવાનું કામ ખૂબ જ ખંતથી કરે છે, તેઓને, હાસ્ય, ટેકો આપી શકે છે. આપણે, જેઓને સામા મળીએ, તેઓને હાસ્યની આપલે ધ્વારા આપણે આશાનું કિરણ બની શકીએ છીએ.

ઈશ્વરનું હાસ્ય કોના જેવું લાગે છે? આપણી આસપાસના લોકો પ્રતિ જે હાસ્ય આપણે આપીએ છીએ તેના જેવું એ છે. આપણાં કાર્યો અને શબ્દોથી, જે આનંદ આપણે અન્યોને પમાડીએ છીએ તેના જેવું તે છે જ્યારે હું હાસ્ય પ્રદાન કરું છું, ત્યારે હું જાણું છું કે, ઈશ્વર પણ મારી તરફ હાસ્ય કરે છે.

### પ્રાર્થના

આશીર્વાદો અને આનંદના ઈશ્વર, તમારા હાસ્ય માટે આભાર કે જે, જેઓ તમારા પર વિશ્વાસ કરે છે તેઓના ચહેરા પર તે પ્રગટ થાય છે. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

જ્યારે હું બીજાઓ તરફ હસુ છું - ઘણીબધી વખત શબ્દો અને કામો ધ્વારા - ત્યારે ઈશ્વર મારી તરફ હાસ્ય કરે છે.

લૌરા ક્રિસ્ટીના ક્વીનટાના ડે મોટા (ડોમીનીકન, રીપબ્લીક)

### મધ્યસ્થી

સમાચાર પત્રો (છાપાંઓ) વહેંચવાનું કામ કરતા લોકો

## પ્રાર્થનામાં સહભાગી બનવું – મંગળવાર, જુલાઈ, ૨૧, ૨૦૨૦

**બાઈબલવાચન : એફેસીઓને પત્ર ૬ : ૧૨-૧૮**

આત્મામાં સર્વ પ્રકાર તથા હરવખત પ્રાર્થના તથા વિનંતી કરો, અને તેને અર્થે સઘળા સંતોને માટે સંપૂર્ણ આગ્રહથી વિનંતી કરીને જાગૃત રહો. એફેસીઓને પત્ર ૬:૧૮

એક મોડી સાંજે, મારા પતિ બહુ માંદા થઈ ગયા અને લોહી વહેવા લાગ્યું, અમે તેમને હોસ્પિટલ લઈ ગયા. ખૂબ લાંબા સમય સુધી રાહ જોયા બાદ, મારા પતિને આગળની સારવાર માટે દાખલ કરવામાં આવ્યા. પાછા ફરતાં રસ્તામાં, મારે વાહનવ્યવહાર પોઈન્ટ પર લાઈનમાં ઘણો સમય રાહ જોવી પડી, જ્યાં પોલિસ, દારૂ પીધેલા ડ્રાયવરોની તપાસ કરી રહી હતી. લાઈન જેમ જેમ આગળ વધતી ગઈ. તેમ તેમ મારા મનમાં ખૂબ જ વિચારો આવ્યા કે, કેમ આજની આ રાત્રે જ આવું? શા માટે હમણાં?

પછી જ્યારે મારો વારો આવ્યો, પોલિસ ઓફિસરે પૂછ્યું કે, શું મેં દારૂ પીધો છે? મેં જવાબ આપ્યો, ના, હું તો હોસ્પિટલેથી જ હમણાં આવી રહી છું. સાંભળતા જ તે પોલિસ ઓફિસરનું વર્તન બદલાઈ ગયું, અને પૂછ્યું, કે શું બધું બરાબર છે? મેં જવાબ આપ્યો ''હું એવી આશા રાખું છું' પછી તેમણે મને કહ્યું કે, શું હું તમારા માટે પ્રાર્થના કરું? હું તરત સંમત થઈ અને તેમણે ખૂબ અદ્‌ભૂત પ્રાર્થના કરાવી. તેઓ તો સંજોગો જાણતા નહોતા, પણ તેમના શબ્દો તો એવા હતા કે જે હું સાંભળવા ઈચ્છતી હતી. એ પળે, અમે એવું અનુભવ્યું કે, અમે, ઈશ્વરના પ્રેમની વહેંચણી કરનારા બે જણ, એકબીજા સાથે પ્રભુના શિષ્યો તરીકે પ્રાર્થનામાં સહભાગી બન્યા હતા.

બીજે જ દિવસે, મારા પતિને હોસ્પિટલમાંથી રજા મળી. તંદુરસ્તીને લગતા પડકારો ખૂબ અઘરા હોય છે, પણ અમે જાણતા હતા કે, અમે ઈશ્વરના પ્રેમાળ હાથોમાં હતા.

### પ્રાર્થના

પ્રિય પિતાજી, બીજાઓ માટે પ્રાર્થના કરવાનું મન તમે અમને આપો છો માટે આભાર. અમારી આસપાસના લોકોની જરૂરિયાત પ્રત્યે જાગૃત રહીએ માટે અમારી મદદ કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

દરરોજ, હું મારી આંખો અને આત્મા ખુલ્લાં રાખીશ કે જેથી બીજાઓ માટે પ્રાર્થના કરવાની તક હું ઝડપી લઉં

કોની ડાઉન્સ (કેલીફોર્નિયા, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

પોલિસ ઓફિસરો

## ઈશ્વરની નજીક જવું - બુધવાર, જુલાઈ, ૨૨, ૨૦૨૦

**બાઈબલવાચન : ૧લો કરિંથીઓને પત્ર ૯ : ૨૪-૨૭**

તમે દેવની પાસે જાઓ એટલે તે તમારી પાસે આવશે. યાકૂબ ૪:૮

મેં મારી બાજુ પકડી રાખી અને દોડતાં દોડતાં મારા ગળા ધ્વારા શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરતી હોઉં તેવું મને લાગ્યું. દરેક શ્વાસની લેવાની સાથે, મારી છાતી ઊંચી-નીચી થતી હતી. મારી ૫૧મી વર્ષ ગાંઠ પૂર્વે જ, મેં મારી પ્રથમ દોડ પૂરી કરી. મેં એક વર્ષ પહેલાં દોડવાની શરૂઆત કરેલી. તે શરૂઆતના દિવસોમાં, હું ફક્ત, મને સારું લાગે તો જ દોડતી, ને મને ફાવે તેટલી ઝડપે દોડતી. મારા પ્રયત્નો કંઈ બહુ સારું પરિણામ લાવતા નહોતા. પછી મેં એક યોજના ઘડી કાઢી.

થોડીક મિનિટો સુધી ચાલવાનું અને પછી ૬૦ સેકન્ડ દોડવું, એવી મેં મારી યોજના બનાવી. વારા ફરતી ચાલવા/દોડવાના કાર્યક્રમમાં મેં વધારો કર્યો, ત્યાં સુધી કે થોડાંક અઠવાડિયા પછી, હું પાંચ મિનિટ અટક્યા વગર દોડી શકતી હતી. શરીરના અંગો હરવા-ફરવા માટે ભારે હતા. તેવે સમયે, સખત રીતે થાકીને લોથપોથ થઈ જવાને બદલે હું હવે સ્ફુર્તિમાં હોવાનું જણાયું.

લાંબુ દોડવા માટે, શારીરિક જીવનમાં શિસ્તની જરૂર હોય છે. તે જ રીતે આધ્યાત્મિક જીવનમાં, બાઈબલ અભ્યાસ, મનન, ઉપવાસ અને પ્રાર્થનાનું શિસ્ત જરૂરી છે. બાઈબલ વાચન માટેનું આયોજન, અને તે માટે ઠરાવેલ સમયો અને પ્રાર્થના કરવાની જગા, વગેરે પર ધ્યાન આપવાથી હું ઈશ્વરની વધુ નજીક આવી શકી. ઈશ્વરની નજીક જવા-રહેવા માટે, ઈશ્વર પ્રતિ આપણાં હૃદયોને દોરવણી આપવી જરૂરી છે. ઈશ્વરની સનિધતા માણવા, વિવિધ પ્રકારના કાર્યક્રમોની જરૂર નથી બલ્કે ઈશ્વર સાથે સમય ગાળવા માટે આપણું હૃદય ઈશ્વર તરફ ઊંચકાય તે જરૂરી છે, અને જેમ આજના વચનમાં જણાવ્યું છે તે પ્રમાણે જો આપણે ઈશ્વરની નજીક જઈશું, તો ઈશ્વર આપણી નજીક આવશે.

### પ્રાર્થના

ઓ ઈશ્વર, તમને વધુ સારી રીતે ઓળખવા માટે, અમારી ઈચ્છાઓ વધારો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

ઈશ્વરની સાથે સમય ગાળવાથી, હું ઈશ્વરની વધુ નજીક જઈ શકીશ.

બારબરા ગોર્ડન (મિસુરી, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

જેઓ નવી આધ્યાત્મિક રીતોની શરૂઆત કરી રહયા છે.

## વાસ્તવિક રૂપમાં ટેકો - ગુરુવાર, જુલાઈ, ૨૩, ૨૦૨૦

**બાઈબલવાચન : ૨જો કરિંથીઓને પત્ર ૯ : ૬-૧૧**

અને તેઓ સહુ ખાઈને ધરાયાં, પછી છાંડેલા કકડાઓથી બાર ટોપલી ભરાઈ. માથ્થી ૧૪:૨૦

હું બહુ સમય પહેલાં નિવૃત્ત થયો પણ એક સ્વતંત્ર ઉપદેશક તરીકે પરદેશ જવાની મારી ઈચ્છા પરિપૂર્ણ કરી શક્યો નથી. દરમિયાન, આ કાર્યમાં અન્યોને મદદ કરવા મેં નક્કી કર્યુ હતું. તાજેતરમાં, એક મંડળીના મિશનેરી કે જે નિરાશ થઈ ગયા હતા કારણ કે તેની મંડળીએ જે તેને આર્થિક મદદ કરતા હતા તે હવે તેઓએ બંધ કરી દીધી હતી. પરિણામે, મેં બીજી અન્ય મંડળીઓને મદદ માટે વિનંતી કરી પણ તેમાં નિષ્ફળતા મળી.

એક સવારે જ્યારે હું પ્રાર્થના - મનન કરી રહયો હતો ત્યારે પ્રભુ ઈસુએ પાંચ હજાર લોકોને જમાડ્યા, તે વાર્તા યાદ કરી. જ્યારે શિષ્યોએ, તે સમયે એવું સૂચન કરેલું કે, ઈસુ લોકોને મોકલી દે. પણ ત્યારે ઈસુએ કહયું કે, ‘‘તેઓને જવાની જરૂર નથી; તમે તેઓને ખાવાનું આપો’’ (માથ્થી ૧૪:૧૬) પાંચ રોટલીને બે માછલી, ૫૦૦૦ માણસોને જમાડવા માટે અપૂરતી હતી જેમ, મૂસાના હાથમાં લાકડી, ઈસ્રાએલી લોકોને મિસરમાંથી છોડાવી લાવવાને પૂરતી નહોતી, પણ આ બન્ને કિસ્સાઓમાં, ઈશ્વરે, લોકોની જરૂરિયાત પૂરી પાડી હતી. જો કે મારી પાસે પણ એટલું બધું કંઈ હતું નહિ જેથી તે મિશનેરીની જરૂરિયાત પૂરી કરાય. જો કે આ ફકરાએ મારી સાથે વાત કરી. પછી મને યાદ આવ્યું કે વર્ષો અગાઉ મેં, તાત્કાલિક જરૂરિયાત વેળાએ મદદરૂપ થાય માટે એક ફીક્ષ ડીપોઝીટ મૂકેલી.

પછી મેં નક્કી કર્યુ કે, આ મિશનેરીને મદદ કરવા, હવે હું બીજા કોઈ લોકો કે સંસ્થાઓ પાસે મદદ નહિ માગું પણ તેને બદલે, મારી પાસે જે છે, તેમાંથી પેલા મિશનેરી મદદ કરીશ, જેમ ઈશ્વરે, અરણ્યમાં ઈસ્રાએલી લોકોને માન્ના અને લાવરીઓ પૂરી પાડી હતી. (જુઓ નિર્ગમન ૧૬). હું માનું છુંકે, જ્યારે આપણે, અન્યોને આપવા તૈયારી દર્શાવીએ છીએ, ઈશ્વર આપણને તે પૂરું પાડે છે.

### પ્રાર્થના

સર્વ કૃપાના ઈશ્વર, અમને એ યાદ અપાવો કે, જરૂરિયાતના સમયે, અન્યોને આપવા આપણી પાસે કંઈક છે. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

સેવા કરવા જે મેં તૈયારી દર્શાવી, તે પ્રાર્થનાનો પ્રત્યુત્તર હોઈ શકે.

સેઉન્ગ જાએ ઓહ (ચુંગનમ, સાઉથ કોરીયા)

### મધ્યસ્થી

જેઓને મારી મદદની જરૂર છે.

## ઈશ્વરનાં ખાતરીદાયક વચનો – શુક્રવાર, જુલાઈ, ૨૪, ૨૦૨૦

**બાઈબલવાચન : યશાયા ૪૫ : ૨-૬**

વળી યહોવા તેને એવું કહે છે કે, હું તારી આગળ જઈશ, ને ટીંબાટેકરાને સપાટ કરીશ...... યશાયા ૪૫:૨

હું જ્યારે નાની છોકરી હતી, મારા મમ્મીએ મને એક નાનું બોક્ષ આપ્યું જેમાં બાઈબલમાંના ઈશ્વરે આપેલા વચનો (પ્રોમીસ કાર્ડસ) મૂકેલાં હતાં. રોજ સવારે સ્કૂલ જતાં પહેલા, અમે એક વાક્ય પસંદ કરતા ને વાંચતા, એ વચનો, આખો દિવસ અમારી સાથે રહેતાં અને જ્યારે કોઈ પડકારોનો સામનો કરવાનો સમય આવે ત્યારે તે અમને દિલાસો આપતા. મારા લગ્ન, હું માતા બની અને છૂટાછેડા સુધી આ સીલસીલો જારી રાખેલ.

વર્ષો પછી એક મોટો અકસ્માત અમારા કુટુંબમાં બન્યો. મારી મોટી દીકરી ભોંયરામાં રાખેલ સીડી પરથી નીચે પટકાઈ અને ગંભીર મગજની બિમારીમાં સપડાઈ. મગજનું ઓપરેશન કરવામાં આવ્યું. મને કહેવામાં આવ્યું કે જો તેણી બચી જાય તો પણ સાજાપણાની પ્રક્રિયામાં મહિનાઓ અને વર્ષો લાગી જાય, અને સંપૂર્ણ સાજાપણું મળે તેની આગાહી કરવી તે તો શંકાશીલ છે.

મશીનો ધ્વારા તેણીને ઓક્સિજન, પ્રવાહી અને ખોરાક આપવામાં આવતો હતો. પ્રથમ તો હું ખૂબ ગભરાઈ ગઈ હતી અને પછી ગુસ્સે પણ થઈ કે "શા માટે આવું?" બીજી એક ઊંઘ વગરની રાત્રિ પસાર થઈ ગઈ, હું પથારીમાં ગોઠવાઈ ગઈ અને પ્રાર્થના કરવાનું શરૂ કર્યુ. મેં ઈશ્વરને વિનંતી કરી કે, મને માર્ગદર્શન આપે. મેં પ્રાર્થના પૂરી કરી. મેં નાઈટસ્ટેન્ડ (દીવી) તરફ નજર કરી તો ત્યાં પ્રોમીસ કાર્ડસનું બોક્ષ પડેલું હતું. મેં એક કાર્ડ લેવા હાથ લંબાવ્યો અને પ્રાર્થના કરી કે "પ્રભુ મારા હાથને દોરવણી આપજો" એક કાર્ડ હાથમાં આવ્યું તેમાં લખેલું હતું કે, "વળી આપણે જાણીએ છીએ કે, જેઓ દેવના ઉપર પ્રેમ રાખે છે, જેઓ તેના સંકલ્પ પ્રમાણે તેડાયેલા છે, તેઓને એકંદરે સઘળું હિતકારક નીવડે છે" (રોમનોને પત્ર ૮ : ૨૮) તરત જ ઈશ્વરની કૃપાએ, મારો ગુસ્સો દૂર કરવાનું શરૂ કર્યુ. કેવું અદ્દભુત ! પ્રેમાળ – જીવંત ઈશ્વરનાં વચનો, જે આપણને દોરવણી આપે છે અને જીવનની અઘરી પળો – પડકારો મધ્યે દિલાસો પૂરો પાડે છે.

### પ્રાર્થના

પ્રભુજી, તમારી સતત મદદ, દોરવણી અને સાજાપણું બક્ષતા સામર્થ્ય માટે આભાર. તમારી પર હંમેશા ભરોસો રાખવા અમારી મદદ કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

ઈશ્વરનાં ખાતરીદાયક વચનો હું હંમેશા મારી સાથે રાખીશ.

અર્લીન રેઈન્સ ગ્રેબર (કેન્સાસ, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

જેઓને મગજની બિમારી થઈ છે.

## એક નવી શરૂઆત – શનિવાર, જુલાઈ, ૨૫, ૨૦૨૦

**બાઈબલવાચન : ઉત્પતિ ૫૦ : ૧૫–૨૧**

માટે જે કોઈ માણસ ખ્રિસ્તમાં છે તો તે નવી ઉત્પત્તિ છે જે જૂનું હતું તે સર્વ જતું રહયું છે; જુઓ તે નવું થયું છે. ૨જો કરિંથીઓને પત્ર ૫ઃ૧૭

હું રાયઝન, રશિયામાં ૧૯૯૯માં જન્મ્યો. મારાં માતપિતા દારૂ પીનારાં હતા અને તેથી જ્યારે હું નાનો હતો ત્યારે તેઓ મને દારૂની દુકાને લઈ જતા. મારી ત્રીજી વર્ષગાંઠ પછી થોડા દિવસો બાદ, મને તેમની સાથે રાખવાના તેમના હક્કો છીનવાઈ ગયા, અને મને એક અનાથાલયમાં રાખ્યો. તે અનાથાલય ભરેલું હતું – લગભગ ૪૦ બાળકો, જેમાં મારો ભાઈ પણ હતો. તે સમયે હું ઘણો નાનો હતો કે, શું થઈ રહયું છે તેની મને સમજ પડતી નહોતી, અને તેથી મેં એ પરિસ્થિતિ સ્વીકારી જીવવા માંડ્યું. જ્યારે હું ચાર વર્ષનો થયો, એક અમેરિકન દંપતિએ મને દત્તક લીધો અને મને, ફોર્ટ વર્થ ટેક્સાસ લઈ ગયા આવ્યા, જ્યાં મારું નવું જીવન શરૂ થયું. હું ત્રણ અમેરિકન બહેનો અને મારા ભાઈ કોલે, જેને પણ દત્તક લેવામાં આવ્યો હતો, સાથે મોટો થતો ગયો. મારા માતપિતાએ મને સારી સ્કૂલમાં મૂક્યો, જ્યાં મને અદ્‌ભૂત એવું શિક્ષણ મળયું, જેધ્વારા મને કોલેજમાં મૂક્યો, જ્યાં બીઝનેસ મેનેજમેન્ટ વિષય શીખવા યોજના કરી.

જ્યારે હું તે અનાથાલયમાં હતો, મને કોઈ સમજણ પડતી નહોતી કે, મારું આ જીવન કોના જેવું થશે – હશે, પણ ઈશ્વર તો જાણતા હતા. ઈશ્વરે પ્રેમાળ માતપિતા આપ્યાં, જેમણે મને દત્તક લીધો અને મને, હું સારી વ્યક્તિ બની શકું તે રીતે મારો ઉછેર કર્યો. મારું ભવિષ્ય શું છે તે હું જાણતો નથી, પણ એટલું તો જાણું છું કે, ઈશ્વરના રાજ્યના મહિમાર્થે મને ઉપયોગમાં લેવામાં આવશે.

### પ્રાર્થના

પ્રિય પ્રભુ, અમારા જીવનોમાં આવતી અંધારી રાત્રિઓને દિવસના અજવાળામાં ફેરવવા બદલ અને અમારો ઉધ્ધાર કરવા અને અમને એક બીજી તક આપવા બદલ આભાર. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

હું જાણું છું કે મારું ભવિષ્ય ઈશ્વરના હાથોમાં છે.

એલેક્ષ જોર્ડન (ટેક્સાસ, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

કોઈક જેઓ નવું જીવન શરૂ કરી રહયા છે.

## સમારવું - રવિવાર, જુલાઈ, ૨૬, ૨૦૨૦

**બાઈબલવાચન : હિબ્રુઓને પત્ર ૧૨ : ૪-૧૧**

કોઈપણ શિક્ષા હાલ તરત આનંદકારક લાગતી નથી, પણ ખેદકારક લાગે છે, પણ પાછળથી તો તે કસાએલાઓને ન્યાયીપણાનાં શાંતિદાયક ફળ આપે છે. હિબ્રૂઓને પત્ર ૧૨ : ૧૧

મને બહુ પ્રિય એવી વ્યક્તિ સાથેના મારા સંબંધો બગાડ્યા હતા તેવા સમયોમાંથી હું પસાર થઈ રહેલ હતી. મને એવું લાગતું હતું, કે, દુઃખદાયક શબ્દો અને વર્તન સહન કરવા પડે તેવું કંઈ ખરાબ મેં કર્યું નથી. હું ગુસ્સે ભરાઈ અને બદલો લેવાની ભાવના મારામાં ઉદ્ભવી. હું સમજતી હતી કે, તે વ્યક્તિ સાથે હું સંબંધો કાપી નાખું અથવા તો ઈશ્વર પર અઢેલું. મેં ઈશ્વર પર અઢેલવાનું પસંદ કર્યું.

મેં પ્રાર્થનાઓ કરી, રડી અને મારું બાઈબલ વાંચ્યું, પરિણામે મેં ઈશ્વર તરફથી મળતો દિલાસો પ્રાપ્ત કર્યો. મને, ઈશ્વરનો મારા પરના ઊંડા પ્રેમની ખાતરી કરાવવામાં આવી અને ઈશ્વરમાં દૃઢ રહેવાનું યાદ આપવામાં આવ્યું. (જુઓ ૧લો યોહાન ૩:૧) પણ બીજી કોઈ બાબત મારામાં કાર્ય કરી રહી હતી, જે માટે હું તૈયાર નહોતી. ઈશ્વરે, ધીમે રહીને મને, જે વ્યક્તિએ મને દુઃખી કરી હતી તેની પ્રત્યેના મારા ખરાબ વર્તનને જોવા મદદ કરી, અને તેને કારણે તેઓનું મારા પ્રત્યેનું વલણ બદલાયું હતું તે બતાવ્યું. હું હવે સમજી હતી કે, આ અનુભવ ધ્વારા ઈશ્વર મને સમારવા-સુધારવા માગતા હતા.

શરૂઆતે તો હું ગાંડી થઈ ગઈ હતી, કે કેવી રીતે કોઈકના મારી પ્રત્યેના ખરાબ વર્તનનો, મારા આત્માને ખાતરી કરાવવાના ઉપયોગમાં લેવામાં આવ્યો? એ, આમ તો બહુ યોગ્ય ન લાગે. પછી મને યાદ આવ્યું કે, સમારવાનું કે સુધારવાનું કેવી રીતે કરાય? તેમાં તો જે નુકસાનકારક, બિનજરૂરી કે ખોટી રીતે વધતું હોય તેને કાપી નાખવાનું હોય. પરિણામ એ આવે કે, તંદુરસ્તીભર્યો વિકાસ અને અગણિત ફળો. પેલી વ્યક્તિ તરફ અણગમો કે ગુસ્સો દર્શાવવાને બદલે, મેં નક્કી કર્યું કે, હું તેની પાસે આભારીપણું દાખવીશ કે જેથી મારો પ્રેમાળ પ્રભુ, મારામાં કાપકૂપ કરીને મને પુનઃસ્થાપિત કરે કે જેથી હું તંદુરસ્ત સંબંધોમાં અને નવી પ્રગતિ કરવામાં ખૂબ સારી રીતે આગળ વધી શકું.

### પ્રાર્થના

પ્રિય ઈશ્વર પિતાજી, તમારા પ્રેમાળ હાથો ધ્વારા અમારી જાતમાં કરવાનું કાપકૂપ સ્વીકારવા અમને કૃપા આપો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

ઈશ્વર મારા જીવનમાં કેવી રીતે સમારકામ કરી શકે?

એસ્તર મેકડોનાલ્ડ (ક્યુબેક, કેનેડા)

### મધ્યસ્થી

ભંગિત સંબંધો

## સૌથી નાનામાં નાનું કામ - સોમવાર, જુલાઈ, ૨૭, ૨૦૨૦

**બાઈબલવાચન : લૂક ૭ : ૩૬-૫૦**

તે તેના પગ પાસે રડતી રડતી પછવાડે ઊભી રહી, અને પોતાનાં આંસુઓથી તેના પગ પલાળવા તથા પોતાના ચોટલાથી લૂછવા લાગી. તેણે તેના પગને ચૂમ્યા અને અત્તર ચોળ્યું. લૂક ૭:૩૮

શારીરિક શિક્ષણ અંગેનું ૪૦ વર્ષ સુધી શિક્ષણ કાર્ય કર્યા પછી હું નિવૃત્ત થાઉં તે પહેલાના થોડાક જ દિવસો અગાઉ, એક જુવાન વિદ્યાર્થીએ મને લાલ રંગનું પાઈપ ક્લીનર આપ્યું, જેનો આકાર લગભગ હૃદય જેવો હતો. તે વિદ્યાર્થીની યાદમાં મેં તે મારા ક્લીપબોર્ડ સાથે ચોંટાડેલું રાખ્યું હતું. ઘણાં વર્ષો પછી પણ તે હજી ત્યાં છે. જ્યારે જ્યારે, હું લગભગ હૃદયના આકાર જેવી એ વસ્તુ તરફ જોઉં છું ત્યારે મને હસવું આવે છે.

કેટલીકવાર, મને પણ એવો હસવા જેવો વિચાર આવે છે, કે શું ઈશ્વર પણ આપણા પ્રેમનું અર્પણ જોઈને હસતા હશે? ઈશ્વર - પ્રેમનું મૂળ અને તેના આપનાર, આપણા માટે ચોક્કસ કંઈ કરે છે જ્યારે આપણે તેમને માટે કંઈક કરીએ છીએ ત્યારે, પણ ઘણી બધી વાર મને શંકા ઉદ્‌ભવે છે કે, આપણું સૌથી નાનામાં નાનું કાર્ય - પ્રેમ કરવાનું - કરીએ છીએ ત્યારે શું ઈશ્વર એમાં પણ હસતા હશે કે કેમ?

શાસ્ત્ર (બાઈબલ)માં પહેલેથી તે છેલ્લે સુધી, આપણે જોઈએ છીએ કે, ઈશ્વર, આપણા ગમે તે પ્રકારના પ્રેમના કાર્ય કે અર્પણને હંમેશા સ્વીકારે છે જ. ઈસુના ચરણોમાં બેસીને મરિયમે જે પ્રકારે ધ્યાનથી ઈસુનું સાંભળયું હતું તેને ઈસુએ બિરદાવ્યું હતું. (જુઓ લૂક ૧૦ : ૩૮-૪૨) જાખી દાણી ગુલ્લર ઝાડ પર, ઈસુનું દર્શન કરવા ચઢ્યો હતો, તેને ઈસુએ, તેના ઘરે જઈ ભોજન કરવાનું કહ્યું હતું. (જુઓ લૂક ૧૯ : ૧-૧૦) એક જ, સ્ત્રીએ ઈસુના પગે ચુંબન કર્યું હતું અને અત્તર ચોળયું હતું, તેનો તેણે દર્શાવેલ પ્રેમનો સ્વીકાર કર્યો હતો. ઈસુએ એ પ્રેમનો સ્વીકાર કર્યો હતો, ભલે તે ગમે તે રીતે દર્શાવાયો હતો.

આપણે આપણો ઈશ્વર પ્રત્યેનો પ્રેમ ગમે તે રીતે દર્શાવીએ જેમકે ઈશ્વર સ્તુતિ કરીને, ઈશ્વરે કરેલ સૃષ્ટિ સર્જનના કાર્યને બિરદાવવા થોભીને, અથવા જે જરૂરિયાત હેઠળ છે તેને મદદ કરીને, વગેરે. આપણે બધું જ તેમને સમર્પિત કરીને જેઓ નાની કે મોટી રીતે પ્રેમ પ્રગટ કરે છે તે સૌનો આભારીભાવે સ્વીકાર કરીએ.

### પ્રાર્થના

પ્રિય પ્રભુજી, બીજાઓને કેવી રીતે પ્રેમ કરાય, તે તમે બતાવ્યું છે માટે આભાર. જગત સમક્ષ તમારો પ્રેમ વહેંચવા અમારી મદદ કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

પ્રેમ કેવી રીતે આપવો અને સ્વીકારવો, તે ઈશ્વર મને શીખવે છે.

લીન ડેનિયલ્સ (મેસેચ્યુસેટ્સ, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

જેઓ પ્રેમનો સ્વીકાર કરવામાં મૂંઝવણ અનુભવી રહયા છે.

## આપણને જે કંઈ જોઈએ તે - મંગળવાર, જુલાઈ, ૨૮, ૨૦૨૦

**બાઈબલવાચન : ૨જો કરિંથીઓને પત્ર ૪ : ૧૩-૧૮**

વળી દેવ તમારા પર સર્વ પ્રકારની પુષ્કળ કૃપા કરવાને સમર્થ છે કે, જેથી હંમેશા તમારી પાસે સર્વ વાતે પુષ્કળ સમૃધ્ધિ હોવાને લીધે, તમે સર્વ સારાં કામોની વૃધ્ધિ કરતા રહો. ૨જો કરિંથી. ૯:૮

જ્યારે હું કોલેજમાં હતો, અમારા ઘરથી ઘણે દૂર, એક એવા સુંદર ઉનાળુ કેમ્પમાં મેં સેવા કરેલી. ઉનાળાની અધવચ્ચે, એક અઠવાડિયા સિવાય બીજો જરાયે સમય મારી પાસે હતો નહિ. મારી સાથેના બીજા સલાહકારોની જેમ, મેં તે અઠવાડિયા દરમિયાન ત્યાં કેમ્પમાં રહેવાનું નક્કી કર્યુ અને અમને ગમે તેવી એ જગા પર આનંદ કરવાનું નક્કી કર્યુ. એક દિવસે, મને એવું લાગતું હતું કે, ઈશ્વર મને મારા કુટુંબની મુલાકાતે જવા જાણે કે કહી રહયા હોય, પણ પ્રથમ દૃષ્ટિએ તો, મને તે માટે જવાનો નિર્ણય કરવા મુશ્કેલી પડી પણ પછી અંતે મેં જવાનું નક્કી કર્યુ.

જેવું મેં જવા પ્રયત્ન કર્યો, મારી કાર બ્રેક ડાઉન થઈ ગઈ. મારા કુટુંબને હું હવે નહિ જવાથી, નિરાશ કરીશ એવા વિચારો મને આવ્યા, ત્યારે મને પ્રશ્ન થયો કે, ઈશ્વર શા માટે મને, હું જે કરી શકીશ નહિ, તે કરવા કહી રહયા છે? શું મેં ઈશ્વરના અવાજને બરાબર સાંભળ્યો નથી? મારી સાથેના કેમ્પમાં ભાગ લઈ રહેલ અન્ય એક કાઉન્સેલરે તેની કાર મને ચલાવવા આપી કે જે હંકારીને હું સો માઈલ જેટલે દૂર મારા ઘર જઈને પરત પાછો આવી શકું. તેની આ ઉદારતાએ મને આશ્ચર્યચકિત કરી દીધો. તેની આ ઉદારતાને કારણે મને જે નવાઈ લાગી તે માટે અને તેમના પ્રેમને માટેના આનંદમાં હું યાદ કરી શક્યો કે, જે રીતે મેં ઈશ્વરના વિશ્વાસુપણા સામે પ્રશ્ન કર્યો હતો.

તે પળે, હું શીખ્યો કે, જો ઈશ્વર કોઈ કાર્ય કરવા આપણને દોરે છે, તો તે કામ કરવા, કોઈ સાધન-સામગ્રી પણ પૂરી પાડે છે. તેથી હવે, જીવનમાં હું મારી રીતે જે કંઈ કરવા ધારું અને ત્યારે જો હું નિરાશ થઈ જાઉં તો - તેવે સમયે પેલા દિવસને હું યાદ કરું છુંઅને ઈશ્વર, આજના મારા સંજોગોમાંથી કંઈક સારુ મારે માટે કરશે તેવું ઈચ્છું છું.

### પ્રાર્થના

પ્રિય ઈશ્વર પિતાજી, અમારાં મનો અને હૃદયોને શાંત કરો કે તમે હંમેશા અમારી સાથે છો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

સેવા માટે મારે જેની પણ જરૂર પડે, ઈશ્વર તેના સમયોમાં મને પૂરા પાડશે.

એલેક્ષઝાંડર હોલકોમ્બ (ટેન્નેસ્સી, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

કેમ્પમાં કાઉન્સેલર તરીકેની સેવા કરતા સેવકો

## અનુભવ કરો અને જુઓ - બુધવાર, જુલાઈ, ૨૯, ૨૦૨૦

**બાઈબલવાચન : ગીતશાસ્ત્ર ૩૪ : ૧-૮**

અનુભવ કરો અને જુઓ કે યહોવા ઉત્તમ છે; જે માણસ તેના પર ભરોસો રાખે છે, તેને ધન્ય છે. ગીતશાસ્ત્ર ૩૪:૮

દુરિયન નામના એ ફળોની તીવ્ર દુર્ગંધ, મને મારું બાળપણ યાદ અપાવે છે. મારા સ્વ. પિતા, મલેશિયાથી આવેલ દુરિયનના કોથળાઓને પકડી જોરથી ખસેડતા - ઘસેડતા. મારી મમ્મી, તે વખતે સમાચારપત્રો ભોંયતળિયે ગોઠવી દેતા અને અમે કુટુંબના છ સભ્યો, આ પ્રસંગની મઝા માણવા એકઠા થતા. તે સમય મારે માટે એક મહત્ત્વનો કૌટુંબિક સમય બની રહેતો.

ભૂતકાળમાં, દુરિયનની સીઝન આવે તેની અમે ખૂબ રાહ જોતાં, ને સમય આવ્યે, એ ફળોની મઝા, ફરીને એકવાર અમે માણતા. આ દિવસોમાં, દુરિયન, તે ઘણી જગ્યાએ હવે ઉપલબ્ધ છે. સુપરમાર્કેટમાં પણ મળે છે. મોટા ભાગના લોકોએ હવે, તેને, રોજનું છે, તેવું માની લીધું છે.

જેઓએ કદી આ દુરિયન ફળને ચોખ્ખું નથી તેઓ કદાચ તેની દુર્ગંધ અને તેનો કાંટાળો દેખાવ જોઈને જ તેને બાજુ પર મૂકી દે. તે જ પ્રમાણે, જેઓએ હજી ઈસુ ખ્રિસ્ત - રાજાઓના રાજાને ઓળખ્યા નથી, અથવા તેમની ભલાઈનો હજી કદાચ સ્વાદ માણ્યો નથી, તેઓ તેમનાથી દૂર જતા રહે કે ઈસુ તે કોણ છે તેની થોડીક એવી મર્યાદિત - સિમિત ઓળખ થઈ હોય, પણ ઈસુમાં ઈશ્વરની જે ભલાઈ પ્રગટ કરવામાં આવી છે, તે તરફ આપણાં હૃદયોને ખુલ્લાં કરીએ છીએ અને જ્યારે આપણે ઈસુને અનુસરવા, જ્યાં કંઈ તે દોરી જાય ત્યાં જવાનો નિર્ણય કરીએ છીએ ત્યારે સાચો - અદ્‌ભુત આનંદ પ્રાપ્ત થાય છે.

### પ્રાર્થના

પ્રિય પ્રભુ ઈસુ, તમારા પ્રેમ અને તારણની ભેટ માટે આભાર. અમે જેમ જેમ તમારામાં વધુ ને વધુ વિશ્વાસ કરતા જઈએ, ત્યારે તમારી ભલાઈને શોધી કાઢવા અમારી મદદ કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

જ્યારે હું ખ્રિસ્તને અનુસરવાનું વિશ્વાસનું પગથિયું ભરૂં છું ત્યારે હું ચોક્કસપણે ઈશ્વરની ભલાઈનો સ્વાદ માણી શકીશ.

ફલોરેન્સ ફોન્ગ (સિંગાપોર)

### મધ્યસ્થી

નવા ખ્રિસ્તીઓ

## વિશ્વાસથી ચાલવું – ગુરુવાર, જુલાઈ, ૩૦, ૨૦૨૦

**બાઈબલવાચન : યોહાન ૨૦ : ૨૪-૩૧**

ઈસુ તેને કહે છે કે, તેં મને જોયો છે, માટે તે વિશ્વાસ કર્યો છે; જેઓએ જોયા વિના વિશ્વાસ કર્યો છે, તેઓને ધન્ય છે. યોહાન ૨૦:૨૯

અમારા દેશના એક અલગ ભાગમાં અમારો નવો એપાર્ટમેન્ટ ઊંડી ખીણ – કોતરવાળા નાના જંગલને અડે છે. એક દિવસે, હું કામ પરથી ઘરે આવ્યો ત્યારે મારી પત્નીએ કહ્યું કે, મેં ઘુવડના અવાજ જેવો અવાજ આજે સવારે સાંભળ્યો હતો. મને થોડી શંકા તો લાગી, પણ મેં કહ્યું કે, અહીં કદાચ ઘુવડનો અવાજ કંઈક જુદો લાગતો હશે. બે અઠવાડિયા પછી, શનિવારે વહેલી સવારે, અમે જ્યારે સવારનો ચા-નાસ્તો કરવા બેઠા હતા ત્યારે મેં ઘુવડનો ઘૂ ઘૂ કરતો જાણીતો એવો અવાજ સાંભળયો, અનેપછી, એક અઠવાડિયા બાદ, મારા પત્નીએ જણાવ્યું કે, તેણીને કારના ઉપરના ભાગેથી લગભગ બે ફૂટ જેટલે ઊંચે ઘુવડને ઊડતાં જોયું. હવે મને ખાતરી થઈ કે, આ વિસ્તારમાં ઘુવડ હશે જ.

ઘણાં વર્ષોથી હું ખાસ અજ્ઞેયવાદી છું. મારે વધારે સાબિતીઓની જરૂર પડતી હતી. થોમાની માફક મારે ઈસુને નજરોનજર જોવા હતા – સાંભળવા હતા, અને તેમની કૂખમાં હાથ ઘાલવો હતો. જો કે, પછીથી જેઓ પોતાને ખ્રિસ્તી કહેવડાવતા હતા અને શાસ્ત્ર મારફતે તારનારનો અવાજ સાંભળ્યો હોવાનો અને ઈશ્વરના પ્રેમને સ્વીકાર્યો હોવાનો જેઓની સાક્ષી હતી તે જોઈને હું પણ વિશ્વાસ કરનાર બન્યો હતો. આ સમયોમાં, આપણે કોઈપણ પ્રકારની શારીરિક કે દૃશ્ય સાબિતી વગર વિશ્વાસથી ચાલીએ છીએ છતાં આપણને વચન આપવામાં આવ્યું કે, જો આપણે જે શોધીશું, તે આપણને મળશે (જુઓ પુનર્નિયમ ૪:૨૯, માથ્થી ૭:૭, લૂક ૧૧:૯) અને કોઈક દિવસે – ગૌરવવંતા દિવસે, આપણે ઈસુને મોઢા-મોઢ જોઈશું.

### પ્રાર્થના

પ્રિય ઈશ્વર પિતાજી, અજવાળું બનવા અને અન્યોને, આપણા તારનાર વિષેનું સત્ય સંભળાવવા અને બતાવવા, અમારી સહાય કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

ઈશ્વરનો અવાજ સાંભળવામાં, હું અન્યોને કેવી રીતે મદદ કરી શકું?

માઈક સી. બર્ટોગલીઓ (જ્યોર્જીઆ, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

જેઓ વિશ્વાસ કરવામાં મુશ્કેલી અનુભવે છે.

## પ્રીતિ ..... છે - શુક્રવાર, જુલાઈ, ૩૧, ૨૦૨૦

**બાઈબલવાચન : ૧લો કરિંથીઓને પત્ર ૧૩ : ૪-૭**

સંપૂર્ણ દીનતા, નમ્રતા તથા સહનશીલતા રાખીને પ્રેમથી એકબીજાનું સહન કરો. એફેસી. ૪:૨

બે માળવાળા સ્કૂલના જૂના મકાનની બાજુએથી હું ચાલી રહી હતી, ત્યારે અંદર કંપાઉન્ડમાંથી વિદ્યાર્થીઓના આનંદથી ઊભરાતા - છલકાતા હાસ્યના અવાજો સાંભળ્યા, નવા અનુભવો અને નવી તકો સાથે સ્કૂલનું નવું વર્ષ - સત્ર શરૂ થઈ રહયું હતું, જે વિદ્યાર્થીઓને હું ભણાવવાની હતી તેમાંથી કેટલાકને અંગ્રેજી ભાષા હજી બરાબર ફાવતી નહોતી, તો કેટલાકને તે શીખવામાં મુશ્કેલીઓ પડતી હતી. આગળ ઉપર ઘણા પડકારો હતા.

મારા સવારના શાંત સમયના મનનના એક ભાગરૂપે, શાસ્ત્રમાંથી મેં કેટલોક ભાગ વાંચ્યો હતો જેને કેટલીક વખત ''પ્રેમનું પ્રકરણ'' કહેવામાં આવતું હતું - ૧ કરિંથી. ૧૩ સન્ડેસ્કૂલના શિક્ષકે એક વખતે એવું સૂચન કરેલું કે, કલમ ૪ થી ૭ માં પ્રીતિ શબ્દની જગાએ ઈસુ શબ્દ મૂકીને આ કલમો વાંચો. આપણે ઈસુ જેવા બનવા માગીએ છીએ અને તેમના જેવો પ્રેમ પ્રગટ કરવા માગીએ છીએ, તો હવે, પ્રેમ શબ્દની જગાએ આપણું નામ મૂકીને, આપણે ફરીથી ત્રીજીવાર તે કલમો વાંચીએ. આવું કરવાથી, આપણને દરેકને, ઈશ્વરે આપણી પર જેવો પ્રેમ કર્યો છે, તે યાદ દેવડાવવામાં આવે છે, અને આજે એવા પ્રકારનો પ્રેમ જે ઈશ્વરે આપણા પર દર્શાવ્યો છે, તે હું મારા વિદ્યાર્થીઓ તરફ અને મારી આસપાસ જેઓ છે, તેઓ તરફ રોજ દર્શાવું, તો કેવુ સારું.

### પ્રાર્થના

પ્રેમાળ પ્રભુ, અમે જેઓને મળીએ તેવો પ્રતિ, અમે પ્રેમ, ધીરજ અને દયા દર્શાવી શકીએ માટે અમારી મદદ કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

આજે હું, બીજાઓ પ્રતિ કેવી રીતે દયા અને ઈશ્વરનો પ્રેમ દર્શાવી શકું?

પામ હીકરસન (ટેક્સાસ, યુ.એસ.એ.)

**મધ્યસ્થી**

શિક્ષકો અને વિદ્યાર્થીઓ

## ઈશ્વરની શાંતિ - શનિવાર, ઑગસ્ટ, ૧, ૨૦૨૦

**બાઈબલવાચન : ગીતશાસ્ત્ર ૧૨૦ : ૧-૭**

હું શાંતિ ચાહું છું; પણ જ્યારે હું બોલું છું ત્યારે તેઓ લડાઈ કરવા માગે છે. ગીતશાસ્ત્ર ૧૨૦:૭

ગીતશાસ્ત્ર ૧૨૦માં, એવું દેખાય છે કે, ગીતકર્તા, તેની આસપાસ કે આખા જગતમાં, ક્યાંય તેને શાંતિ મળતી નથી પરિણામે તે નિરાશ થઈ રહયો છે. ખૂબ જ તણાવ અને વેદના મધ્યે, તે હવે ઈશ્વરને વિનંતી કરે છે કે, ઈશ્વર મને, કપટી મગજો કે જેઓ શાંતિને સ્વીકારતા નથી, તેઓથી છોડાવે.

આજની આ દુનિયામાં, આપણને ક્યાંય શાંતિ દેખાતી નથી - મળતી નથી પરિણામે બધું વેરાન લાગે છે. ઘણીવાર એવું પણ લાગે છે કે, કેટલાક લોકો શાંતિ ઈચ્છતા નથી અને તેથી શાંતિ પ્રાપ્ત કરવી એ અઘરું લાગે છે. સતત યુધ્ધના ઓળા હેઠળ જીવવું અને વિખવાદો આપણને કંટાળો ઉપજાવે છે અને નાહિમ્મત બનાવે છે. આપણે જોઈએ છીએ કે, કેટલાક લોકો પોતાના સ્વાર્થી લાભોને માટે, કેટલાક પોતે જે માને છે તે માટે અને કેટલાક પોતાના વિચારો - આદર્શોનો વિરોધ થાય ત્યારે લડાઈ કરી રહયા છે. ઈશ્વરની શાંતિનો મહિમા જીતવામાં રહેલો નથી; પણ ઈશ્વરના માર્ગો પ્રમાણે જીવવામાં રહેલો છે - એ માર્ગ કે જેના શાંતિના સરદારને આપણે અનુસરવાનું છે, જેમણે પોતાના શિષ્યોને કહયું હતું કે, ''હું તમને શાંતિ આપીને જાઉં છું, મારી શાંતિ હું તમને આપું છું; જેમ જગત આપે છે તેમ હું તમને આપતો નથી. તમારાં હૃદયોને વ્યાકુળ થવા ન દો, અને બીવા પણ ન દો.'' (યોહાન ૧૪:૨૭)

### પ્રાર્થના

શાંતિના ઈશ્વર, જેઓ મોટી બીક - ગભરાટમાં જીવે છે તેઓને દિલાસો આપો, અને જેઓ સતાવણી હેઠળ છે તેઓને તેમાંથી છોડાવો, તેઓને તમારી શાંતિ બક્ષો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

યુધ્ધને કારણે જેઓ તૂટી ગયા છે તેવા દેશોમાં પણ, હું ઈશ્વરની શાંતિનો અનુભવ કરી શકું છું.

આફતાબ યુનીસ હકીમ (પંજાબ, પાકિસ્તાન)

### મધ્યસ્થી

યુધ્ધને કારણે તૂટી ગયા છે તેવા દેશોમાં રહેતા લોકો.

## ભલાઈનું એક કૃત્ય - રવિવાર, ઑગસ્ટ, ૨, ૨૦૨૦

**બાઈબલવાચન : ક્લોસ્સીઓને પત્ર ૩ : ૧૨-૧૭**

પક્ષાપક્ષીથી કે મિથ્યાભિમાનથી કંઈ ન કરો, દરેકે નમ્રભાવથી પોતાના કરતાં બીજાઓને ઉત્તમ ગણવા. તમે દરેક પોતાના હિત પર જ નહિ, પણ બીજાઓના હિત પર પણ લક્ષ રાખો. ફિલિપ્પી. ૨ : ૩-૪

સત્તર વર્ષો પહેલાં, મારા દીકરાને જેલમાં ફાંસીની સજા થઈ હતી. તે સમય, ઘણાં કારણોને લીધે અને ઘણા લોકોને માટે ખૂબ જ દર્દભર્યો હતો તે સમયે, જ્યારે કોર્ટે સજા સંભળાવી અને પછી આખો કોર્ટરૂમ ખાલી થઈ ગયો. ત્યારે એક માણસ મારી પાસે આવ્યો. હું તે માણસને ઓળખી ગઈ કે, જે દરરોજ કોર્ટમાં તેમનું બાઈબલ લઈને આવતા હતા - અને તે તો ગુનાનો ભોગ બનેલ વ્યક્તિના પિતા હતા. તે વ્યક્તિના ચહેરા તરફ જોતાં ખૂબ જ શાંત ચિત્તે હું ઊભી રહી હતી અને મને કંઈ સમજણ પડતી નહોતી કે શું કરવું, પણ હું આશ્ચર્યચકિત થઈ ગઈ કે, તેઓ અચાનક મને સંબોધીને બોલ્યા, ''તમે જે ગુમાવ્યું છે તે માટે હું દીલગીર છું.'' મારા જીવનના સૌથી ગંભીર એવા દર્દીલા પ્રસંગે, એક ખૂબ જ સૌમ્ય એવા નમ્ર માણસને કે જે પોતે પણ દુઃખી હતા તેમને ઈશ્વર મારી સમક્ષ તેમની લાગણી અને દુઃખ પ્રગટ કરવા, લાવ્યા હતા.

આ માણસે, ખ્રિસ્તી દિલાસાનું સૌથી દયાળુ એવું એક કૃત્ય, મને દર્શાવ્યું કે જેવું મેં કદી જોયું નહોતું. એક ક્ષણના પલકારામાં, તેમની મારફતે, ઈશ્વરે મારું દુઃખ દૂર કર્યુ અને આપણા તારનાર ઈસુ ખ્રિસ્તના એક સાચા અનુયાયી તરીકે, તેમણે સાચા પ્રેમ અને અનુકંપાનું ઉત્તમ ઉદાહરણનું ચિત્ર મને બતાવ્યું.

### પ્રાર્થના

દિલાસાના દાતાર દેવ, એવા લોકો માટે આભાર કે જેઓ, તમારા આશીર્વાદો, દયા અને કૃપા, અન્યો પ્રતિ દર્શાવે છે. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

બીજાઓની મારફતે, મને શિક્ષણ આપવા માટે હું ઈશ્વરનો આભાર માનીશ.

લીસા સ્કેલીઓ (મેરીલેન્ડ, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

ગુનાઓના પરિણામને કારણે સહન કરતા પરિવારો

## ગીતો ગાવાનું ચાલુ રાખો - સોમવાર, ઑગસ્ટ, ૩, ૨૦૨૦

**બાઈબલવાચન : ગીતશાસ્ત્ર ૧૦૪ : ૩૧-૩૪**

ખ્રિસ્તની વાત સર્વ જ્ઞાનમાં પુષ્કળતાથી તમારામાં રહો; ગીતો, સ્તોત્રો તથા આત્મિક ગાયનોથી એકબીજાને શીખવો તથા બોધ કરો, અને કૃપા સહિત તમારાં હૃદયોમાં પ્રભુની આગળ ગાઓ. ક્લોસ્સી ૩:૧૬

હું અને મારી પત્ની જ્યારે રહેવા માટે ઘરની વ્યવસ્થા પૂરી પાડનાર સંસ્થાના મકાનોમાં રહેવા ગયા ત્યારે અમારાં મગજો જાગૃત અને સક્રિય અવસ્થામાં હતાં, જો કે શારીરિક રીતે અમે નબળાં હતાં. જેમ જેમ અમે ત્યાં ગોઠવાયાં, મને લાવ્યું કે, ત્યાંના બીજા રહીશો કરતાં, મારામાં વિચારવાની, વાતચીત-વિચારણા કરવાની અને અન્યોને આગેવાની પૂરી પાડવાની શક્તિ ઘણી સારી છે. તેમની સાથે વાતચીત કરતાં, મને જાણવા મળ્યું કે, તેઓમાંથી ઘણા દુઃખી, હતાશ-નિરાશ હતા. તેથી મેં વિચાર્યુ કે, હું કદાચ તેઓને, સામાન્ય નજીવી બાબતોમાં દોરવણી - ઉત્તેજન આપી શકીશ.

મેં, રાત્રિ ભોજન પછી, ગીતો ગાવાના સમયોમાં, દોરવણી આપવાનું નક્કી કર્યુ. પ્રથમ રાત્રિએ લગભગ ૩૦ કરતા વધુ વ્યક્તિઓ આવી. હું જ્યારે સ્કૂલમાં ભણતો હતો ત્યારે અમે જે સંગીતની નોટબુકનો ઉપયોગ કરતા હતા તે મેં સાચવી રાખેલ, તેનો અત્રે ઉપયોગ કરવાનું શરૂ કર્યુ, અને કેટલાંક ગીતોની નકલો કરી, દરેકને આપી. એક જુવાન છોકરો, જે સરસ રીતે પિયાનો વગાડી શકતો હતો, તે મારી મદદે આવ્યો. જે ગીતો મેં પસંદ કર્યા અને જેનો અમે ઉપયોગ કરવાનું શરૂ કર્યુ - ચાલુ રાખ્યું તે ધ્વારા અમે અમે ઈશ્વરની હાજરીનો એહસાસ કરવાનું શરૂ કર્યુ - અને પવિત્ર આત્માનો સંચાર અનુભવ્યો, અને એમ, અમારી એ સંગત ખૂબ સરસ ચાલી. લોકોનો પ્રતિસાદ સારો રહયો; તેથી મેં તેઓ સાથે ગાવાનું ચાલુ રાખવાનો નિર્ણય કર્યો. ગીતો ગાવા ધ્વારા અમે આત્મામાં ઉત્સાહી બન્યા, અને ઈશ્વરની વધુ નજીક જઈ શક્યા.

### પ્રાર્થના

ઓ ઈશ્વર, અમે ગીતો ગાવાનું ચાલુ જ રાખીએ કે જેથી અમે પવિત્ર આત્માની સંગત માણી શકીએ અને તે ધ્વારા ઉત્તેજન અને આશા પ્રાપ્ત કરી શકીએ. પ્રભુ ઈસુના, નામમાં, આમેન.

### આજનો સુવિચાર

ગીતો ગાવાનું તાલંત, મને ઈશ્વરની અને અન્યોની સમીપ લઈ જાય છે

રોન એલ. કેલર (મિશિગન, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

રહેઠાણ પૂરી પાડતી સંસ્થાઓના માકાનોમાં રહેતા લોકો

## ભાર (બોજ) બાજુ પર મૂકી દેવો – મંગળવાર, ઑગસ્ટ, ૪, ૨૦૨૦

**બાઈબલવાચન : હિબ્રુઓને પત્ર ૧૨ : ૧–૩**

તો આપણી આસપાસ શાહેદોની એટલી મોટી વાદળારૂપ ભીડ છે, માટે આપણે પણ દરેક જાતનો બોજો તથા વળગી રહેનાર પાપ નાખી દઈએ અને આપણે સારુ ઠરાવેલી શરતમાં ધીરજથી દોડીએ. હિબ્રુ.૧૨:૧–૨

એક સવારે નોકરી પર જવા હું તૈયાર થતી હતી ત્યારે વિચારતી હતી કે, કઈ વસ્તુ મારે બેગમાં લઈ જવી અને કઈ વસ્તુ રહેવા દેવી. સવાલ, બેગની ક્ષમતા (તાકાત)નો હતો, નહિ કે કેટલું વજન લઈ જઈ શકાય. મને કદાચ નવાઈ લાગે છે કે, કેટલા બધા લોકો, મારી આ હેન્ડ બેગ સાથેની સમસ્યા વિષે કદાચ વિચારતા હશે અને મારે સવારે પથારીમાં કેટલા વહેલા ઉઠવું પડે છે તેનો વિચાર નહિ કરતા હોય. બીજી એ શક્યતા કે, જે વિષે હું વિચારું છું તે, હું મારી આ સમસ્યાને છુપાવી દઉં કે બાજુ પર રાખું અને આખે આખી બેગ ભરીને જાઉં, પણ અંતે તો તે બાબત પણ થકવી નાખે છે.

આપણે ઘણા બોજ ઊંચકીને ચાલવું પડે છે – કૌટુંબિક પ્રશ્નો, નોકરી વિષયક સમસ્યાઓ – અને આ બધું આપણે આપણા આ એક શરીરમાં લઈ ફરવાનું હોય છે. પ્રથમ દૃષ્ટિએ તો આપણે આખા દિવસ દરમિયાન આ બધું લઈને ફરીએ છીએ પણ અંતે તો આપણે થાકી જઈએ છીએ. ઉપરોક્ત કલમમાંનું વચન આપણને યાદ દેવડાવે છે કે, બધો બોજો બાજુ પર મૂકી દઈને આપણે ધીરજથી દોડી શકીએ છીએ. અને ઈસુ તરફ જોઈએ, જેઆપણા વિશ્વાસના અગ્રેસર તથા તેને સંપૂર્ણ કરનાર છે આપણી આગળ આવતા બધા પડકારો – પ્રશ્નો, મદદ માટે તેમની પાસે લઈ જઈએ અને તેમની પર અઢેલીએ. આપણે એકલાએ તે કરવું ન જોઈએ.

### પ્રાર્થના

પ્રિય પ્રભુ, ઈસુ અમે અમારાં જીવનોમાં, દરેક બોજો તમારી પર નાખી દઈ શકીએ છીએ અને તમે તેમાં અમને શાંતિ આપો છો માટે આભાર. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

જ્યાં સુધી હું ઈસુની સાથે છું, કોઈપણ બોજો કદી ભારે નથી.

વિમબાઈ ચીઝારૂરા (હરારે, ઝીમ્બાબ્વે)

### મધ્યસ્થી

જેઓ જવાબદારીઓથી ભારે લદાએલા છે.

## પ્રાર્થનાનો આનંદ – બુધવાર, ઑગસ્ટ, ૫, ૨૦૨૦

**બાઈબલવાચન : યોહાન ૧૭ : ૧–૮**

હવે અમને તમારી સાથે ખ્રિસ્તમાં જે સ્થિર કરે છે તથા જેણે અમને અભિષિક્ત કર્યા છે, તે દેવ છે; તેણે અમને મુદ્રાંકિત કર્યા છે, અને અમારાં હૃદયોમાં પવિત્ર આત્માનું બાનું પણ આપ્યું છે.
૨જો કરિંથી. ૧: ૨૧–૨૨

અમારી મંડળીની પ્રાર્થનાની સાંકળમાં હું એક સભ્ય હોવાને નાતે, બીજાઓને માટે પ્રાર્થના કરવાની મને તક મળે છે, જેને લીધે મને પુષ્કળ આનંદ મળે છે. હું આધ્યાત્મિક રીતે વૃધ્ધિ પામતી જાઉં છું. અને બીજાઓને ઈશ્વરના પ્રેમની વહેંચણી કરી શકું છું. જ્યારે મારી પર પ્રાર્થના માટેની વિનંતી આવે છે, હું તરત જ, હાથમાં બાઈબલ લઈ, શાંત જગામાં પહોંચી જાઉં છું. ઈશ્વર મને, યોગ્ય એવો બાઈબલનો ફકરો પૂરો પાડે છે. પછી જે વ્યક્તિ પ્રાર્થનાની વિનંતી આપે છેતેને માટે તે આધારે હું પ્રાર્થના કરું છું. મારે તેની કોઈ માહિતીની જરૂર હોતી નથી. વળી મારે શું પરિણામ આવ્યું – શું થયું એ પણ જાણવાની કોઈ જરૂર નથી મારે તો ફક્ત, ઈશ્વરનાં એ વચનો દ્વારા ઈશ્વર તેમને માટે જે, કરવાનું વચન આપે છે, તે સંદર્ભમાં પ્રાર્થના કરવાની હોય છે.

જ્યારે અમે નવા સ્થળે રહેવા જઈએ છીએ ત્યારે હું પ્રાર્થનાની એ સાંકળમાં જોડાઈ રહી શકતી નથી, પણ ઈશ્વર મને નવી જગાએ નવી વ્યક્તિઓ આપે છેકે જેમને માટે હું પ્રાર્થના કરી શકું છું. હવે મારા મિત્રો મને સોશીયલ મીડીયા દ્વારા પ્રાર્થના વિનંતી મોકલે છે, કેટલીકવાર તેમના પોતાના માટે, તો કેટલીકવાર પોતાના સ્નેહીજનો માટે.

આ એક પ્રકારના અનુભવ મારફતે, મારા દરરોજના શાંત સમયે હું કેવી રીતે વધારે અસરકારક પ્રાર્થના કરી શકું તે ઈશ્વરે મને બતાવ્યું છે. કોઈપણ પરિસ્થિતિમાં, શાસ્ત્રનું એ બંધ બેસનું વાક્ય ઈશ્વર મને જે તે સમયે પૂરું પાડે છે અને હું તે શાસ્ત્રવચન પ્રમાણે પ્રાર્થના કરી શકું છું અને પછી બાકીનું બધું ઈશ્વરના હાથમાં સોંપી દઉં છું. કેવો મોટો આનંદ!

### પ્રાર્થના

પ્રેમાળ પ્રભુજી, બીજાઓ માટે પ્રાર્થના કરવાની તકો તમે અમને આપો છો માટે આભાર. અમે જાણીએ છીએ કે તમે બધી પ્રાર્થનાઓ સાંભળો છો અને જવાબો આપો છો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

આજે, હું કોને માટે પ્રાર્થના કરી શકું?

ડસ્ટી રીડ (આઈઓવા, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

પ્રાર્થના કરવાનાં સેવાકાર્યો કરતા લોકો

**સતત પ્રાપ્ય થતી એવી મદદ - ગુરુવાર, ઑગસ્ટ, ૬, ૨૦૨૦**

**બાઈબલવાચન : ગીતશાસ્ત્ર ૪૬ : ૧-૧૧**

દેવ આપણો આશ્રય તથા આપણું સામર્થ્ય છે, સંકટને સમયે તે હાજરાહજૂર મદદગાર છે. ગીતશાસ્ત્ર ૪૬:૧

મારા દેશના જે ભાગમાં હું રહું છું ત્યાંના આ ભાગે, ઉનાળામાં ઘણા એવા હાનિકારક તોફાની પવનોનો અમે અનુભવ કર્યો છે. ઘણી વખત આવા તોફાનો વખતે કરા પડે છે - કેટલીક વખત તો બેઝબોલના દડા જેવડા મોટા કરાઓ - કારના - ગાડીઓના વિન્ડશીલ્ડ કાચનો ભૂક્કો બોલાવી દેતા હોય છે. પાકને નુકસાન કરે છે, પશુ-પંખીઓ મરી જાય છે. ગીતકર્તા, ઈશ્વરના સહન કરતા લોકો માટે આશા, હિંમત મળે માટે લખે છે,અને વિનાશ વેરતા આવા તોફાનો વિષે પણ લખે છે.

આપણે જ્યારે ગીતશાસ્ત્રના ૪૬મા ગીતની કલમો વાંચીએ છીએ ત્યારે, આપણાં જીવનોમાં આવતા તોફાનો મધ્યે ઈશ્વર આપણને દિલાસીત કરે છે તેવું ગીતકર્તા જણાવે છે. જ્યારે, વાતાવરણ ધ્વારા સમગ્ર મકાનોનો વિનાશ થતો હોય છે અને ધંધા-રોજગાર પડી ભાંગે છે, એવી વિકટ પરિસ્થિતિમાં માનવી કેવો નિ:સહાય -નિર્બળ બની જાય તે જોઈએ છીએ, ત્યારે આપણી નિર્બળતા અને બીક મધ્યે, આપણે સામર્થ્ય - શક્તિ પ્રાપ્ત કરવા ઈશ્વર તરફ ફરીએ છીએ.

જીવનમાં આવતા ગમે તેવા ઝંઝાવાતો સામે, જ્યારે આપણે ઈશ્વર તરફ ફરીએ છીએ ત્યારે આપણો વિશ્વાસ વધુ ઊંડો-દ્દઢ થાય છેઅને આપણે એવું અનુભવીએ છીએ કે, આપણે એકલા નથી. ''દેવ આપણો આશ્રય તથા આપણું સામર્થ્ય બને છે અને સંકટના સમયે હાજરાહજૂર મદદગાર છે.'' જેઆપણી બીક દૂર કરે છેઅને, ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિ મધ્યે પણ આપણને હિંમત પૂરી પાડે છે.

## પ્રાર્થના

અનંતકાળના ઈશ્વર, અમારી આંખો ખોલો કે જેથી અમે જોઈ શકીએ કે તમો અમે કલ્પના કરીએ તે કરતાં વિશેષ અમારી નજીક છો, કોઈ મિત્ર કે ભાઈ નજીક રહે તેના કરતાં વિશેષ તમો રહો છો માટે આભાર. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

## આજનો સુવિચાર

હું જ્યારે એવું અનુભવું કે, હું એકલો છુંત્યારે પણ ઈશ્વર આપણી સાથે છે.

અલ ટુકેનો (નેબ્રાસ્કા, યુ.એસ.એ.)

## મધ્યસ્થી

તોફાનોના ભોગ બનેલાઓ

**નોંધ :** ઉપરોક્ત મનના લેખક, આ મનન પ્રસિધ્ધ થાય તે પહેલાં મરણ પામ્યા છે.

## પુનઃ સ્થાપિત કરાયાં - શુક્રવાર, ઑગસ્ટ, ૭, ૨૦૨૦

**બાઈબલવાચન : અયૂબ ૩૭ : ૧૪-૨૪**

ઈશ્વર પોતે આશ્ચર્યકારક ગર્જના કરે છે; તે એવાં મહાન કૃત્યો કરે છે કે જે આપણે સમજી શકતા નથી. અયૂબ ૩૭:૫

હું જ્યારે માંદી પડી અને મારો ધંધો નિષ્ફળ ગયો ત્યારે મારા નજીકના લોકોએ પણ મને તજી દીધી હતી. કેટલાક લોકો એવું વિચારતા હતા કે, મેં કોઈ મોટું પાપ કર્યુ છે, અને તેની આ શિક્ષા થઈ રહી છે. કેટલાક લોકોએ તો મને એટલે સુધી સલાહ આપી કે, હું બીજા ઈશ્વર પાસે સાજાપણું માગું. મેં આશા છોડી દીધી હતી અને ઈશ્વરને ફરિયાદ કરી હતી કે, ''મારે શા માટે આવી બધી બાબતો સહન કરવી પડે છે? શા માટે તમે મને જલ્દીથી બહાર લાવી દેતા નથી અને મારો ધંધો પુનઃ સ્થાપિત થઈ જાય?''

અયૂબના ૩૭મા અધ્યાયમાં, અલીહૂના શબ્દો ધ્વારા ઈશ્વર, શાંત પળોમાં, મારી સાથે બોલ્યા. અયૂબ પર બધી વિપત્તીઓ આવી પડી પછી, અયૂબના મોટાભાગના મિત્રો, વિવિધ સલાહ-સૂચનો સાથે અયૂબની પાસે આવ્યા હતા, પણ અલીહૂએ તો ઈશ્વરની શક્તિ-સામર્થ્ય વિષે વાત કરી હતી.

આ શાસ્ત્રપાઠ આપણને યાદ અપાવે છે કે, ઈશ્વરનું સામર્થ્ય અને મહિમા, તેમના સર્જનમાં સમગ્ર સૃષ્ટિમાં આપણે જોઈ શકીએ છીએ. ઈશ્વરની વિદ્વતા-જ્ઞાન-ડહાપણ અગાધ છે, અને આપણી સમજશક્તિની બહાર એવા મહાન કૃત્યો કરે છે. ઈશ્વરે અયૂબને પુનઃસ્થાપિત કર્યો અને તેના જીવનના છેલ્લા દિવસોમાં, પહેલાના કરતાં વધુ આશીર્વાદોથી તેને વેષ્ઠિત કર્યો. (જુઓ અયૂબ ૪૨:૧૨) અયૂબની વાર્તાએ મને, મારી મુસીબતોમાં, ઈશ્વર પર વિશ્વાસ કરવાનું ચાલુ રાખવામાં મદદ કરી, કારણ કે ઈશ્વર, આપણ બધાને પુનઃસ્થાપિત કરવાનુ અને આશીર્વાદિત કરવા માગે છે.

### પ્રાર્થના

પ્રિય ઈશ્વર પિતાજી, તમારો મહિમા નિહાળવા અને તમારી સંભાળ અને વિશ્વાસુ પ્રેમને માટે આભાર માનવાનું અમને શીખવો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

ઈશ્વરના સર્જન મારફતે, હું તેમનું સામર્થ્ય અને મહિમા નિહાળી શકું છું.

લીન્ડા ચંદ્રા (બનટેન, ઈન્ડોનેશિયા)

### મધ્યસ્થી

જેઓ એમ વિચારે છે કે અમને તજી દેવામાં આવ્યા છે.

## શાંતિ ચાહક લોકો – શનિવાર, ઑગસ્ટ ૮ ૨૦૨૦

**બાઈબલવાચન : ૨જો કરિંથીઓને પત્ર ૫ : ૧૭-૨૧**

એ માટે અમે ખ્રિસ્તના એલચી છીએ. જાણે કે દેવ અમારી મારફતે વિનંતી કરતો હોય તેમ, અમે ખ્રિસ્ત તરફથીતમારી આજીજી કરીએ છીએ કે, દેવની સાથે સમાધાન કરો. ૨જો કરિંથી. ૫:૨૦

મારો દીકરો, જે માનસિક રીતે નબળો – મંદબુધ્ધિનો હતો તેને તેના બહુ ઉત્સાહિત – બિનઅનુભવી શિક્ષક સાથે બહુ ફાવતું નહોતું. દરરોજના શિક્ષક સાથેના વાદવિવાદથી, તે ચિંતાતુર બની ગયો હતો અને તેણે ભણવામાં રસ ગુમાવી દીધો હતો. તેના એક ખાસ વકીલ તરીકે, મેં ઘણા મહિનાઓ સુધી તેના શિક્ષક સાથે વાતચીત કરવાના પ્રયત્નો કર્યા અને મારા દીકરાની સાથે હળવાશથી વર્તવા કહેતી.

પછીથી, હું ૨જો કરિંથી ૫ મો અધ્યાય વાંચતી હતી ત્યારે ઈશ્વરે મને યાદ દેવડાવ્યું કે, મને શાંતિપ્રિય વ્યક્તિ બનવાનું તેડું આપવામાં આવ્યું છે. મેં પ્રેમને બદલે અન્યાય પર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. કોઈક સારો – યોગ્ય માર્ગ શોધી કાઢવાને બદલે, હું સાચી છું – ખરી છું તેવું દર્શાવવા મેં પ્રયત્ન કર્યો હતો. જો કે મેં પછી પસ્તાવો કર્યો અને ઈશ્વરે મને બતાવ્યું કે, શિક્ષકનાં કડક અને રક્ષણાત્મક વલણો, એ તેના પડકારજનક વર્ગમાં,વ્યક્તિને દોરવણી આપવા અને પોતાની નોકરીમાં સતત પોતાની જવાબદારી પ્રત્યે સભાનતા દાખવનારાં, સાબિત કરવા માટે હતાં. મારું હૃદય ઉશ્કેરાટ અને કડકવલણ તરફથી, ભલી લાગણીઓ અને સમજદારી તરફ વળ્યું. તે શિક્ષક માટે હું દરરોજ પ્રાર્થના કરવા લાગી અને તે શિક્ષકને, શાંતિ અને ઉત્તેજનના શબ્દો કહેવા ઈશ્વરે મને શક્તિમાન બનાવી. સમય જતાં, શિક્ષકે તેનું વલણ બદલ્યું અને પછી, મારા દીકરાના પડકારો સમજવા વધુ નમ્રતા અને ધીરજ દર્શાવવા લાગ્યા.

ઈશ્વર, આપણને આપણી આસપાસના લોકો પ્રતિ ખ્રિસ્તના પ્રતિનિધિઓ બનવા કહી રહયા છે. જ્યારે બીજાઓ ગુસ્સો કરે, સલામત રહેવાનો પ્રયત્ન કરે અથવા આપણને દુઃખી કરે ત્યારે, ઈશ્વર આપણી સાથે જે રીતે વર્તે છે તેવું વર્તન કરવા કહે છે એટલે પ્રેમ, શાંતિ અને ભલાઈ આપણે દર્શાવીએ. આપણી પ્રાર્થનાઓ મારફતે અને ખ્રિસ્તના જેવું વર્તન કરીને, ઈશ્વરનો બદલાણ કરનાર પ્રેમ દર્શાવીને, આપણી આસપાસના લોકોનાં હૃદયો પરિવર્તન પામે અને આપણ બધાને શાંતિનો અનુભવ પ્રાપ્ત થાય.

### પ્રાર્થના

પ્રિય ઈશ્વર, આજે જેઓ અમારા સંપર્કમાં આવે તેમના પ્રતિ પ્રેમ દર્શાવતું વલણ દાખવી શકીએ માટે અમારી મદદ કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

આજે હું શાંતિપૂર્વકનું વર્તન કરીને ઈશ્વરનો પ્રેમ પ્રદર્શિત કરીશ.

સારા હેગ (ઓરેગન, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

શિક્ષકો

## આપણાં તાલંતો અને સેવા – રવિવાર, ઑગસ્ટ, ૯, ૨૦૨૦

**બાઈબલવાચન : ફિલિપ્પીઓને પત્ર ૨ : ૧-૪**

દરેકને જે કૃપાદાન મળયું તે એકબીજાની સેવા કરવામાં દેવની અનેક પ્રકારની કૃપાના સારા કારભારીઓ તરીકે વાપરવું. ૧લો પિતર ૪:૧૦

જ્યારે મેં સંદેશો પૂરો કર્યો, પ્રભુભોજન પળાવવાની શરૂઆત કરી. વેદીની પાસેની જગા- ચાન્સેલમાં મેં લીનાને જોઈ અને પ્રભુભોજનનાં તત્ત્વો વહેંચવામાં મદદ કરવા મેં લીનાને કહયું. ભક્તિસભા પૂરી થયા પછી, લીનાની મમ્મી આનંદથી ઉછળી ઊઠી. લીના બહેરી છેઅને સાંકેતિક ચિહનો ધ્વારા બોલવાનો વ્યવહાર કરે છે. તેણીના મમ્મીએ જણાવ્યું કે, લીનાની પરિસ્થિતિને કારણે તે કેટલી બધી હતાશ હતી, પણ જ્યારે તેણીએ, લીનાને પ્રભુભોજનનાં તત્ત્વોની વહેંચણી કરવામાં મદદ કરતી જોઈ ત્યારે તેણી સમજી કે, લીના ઈશ્વર સાથે વાત કરવામાં આ અદ્‌ભુત રીતનો ઉપયોગ કરે છેઅને તે પણ, આનંદથી કરે છે.

એક ખૂબ જ વિશ્વાસી ખ્રિસ્તી તરીકે, લીના સ્વતંત્ર, કાળજી લેનાર, અને ચર્ચમાં અને જ્યાં નોકરી કરે છે ત્યાં ખૂબ જ માનવંતી છે. બીજા જેઓ બહેરાં, છે, તેઓની સાથે વાતચીત કરવામાં સાંકેતિક ચિહનોનો ઉપયોગ કરે છે. તેણી ઈશ્વરની કૃપા અને પ્રેમથી ભરાયેલી છેઅને બીજાઓ સાથે વાતચીત કરવામાં સાંકેતિક ચિહનોનો ઉપયોગ કરીને ઈશ્વરનો પ્રેમ અને કૃપા પ્રગટ કરે છે. તેણી પોતે જે કરી શકતી નથી તેવી બાબતોથી પોતાને નિયંત્રિત કરવાને બદલે લીના એવી આશાને વળગી રહી છેકે, એક દિવસે, ઈશ્વર જ્યાં કંઈ અને જ્યારે પણ, સામાન્ય સેવાકાર્યો કરવા તેનાં તાલંતોનો ઉપયોગ કરશે.

આ દુનિયામાં, વિવિધ રીતે, આપણે અન્યોની જે સેવા કરીએ છીએ અને ઈશ્વરના પ્રેમની વહેંચણી કરીએ છીએ, તેથી ઈશ્વરને આનંદ થાય છે.

### પ્રાર્થના

કૃપાના ઈશ્વર, તમારા લોકો જેઓ આનંદી હૃદયે, અજોડ અને અજાયબ રીતે સેવા કરે છે તેમના તાલંતોને, માન આપવા તથા તેમને ઓળખવા, અમને ડહાપણ બક્ષો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

આપણાં વિવિધ પ્રકારનાં બધાં તાલંતોમાં ઈશ્વર ખુશ થાય છે – આનંદ વ્યક્ત કરે છે.

જુએન ગ્યુઅરેરો (કોલંબીઆ)

### મધ્યસ્થી

જેઓ સાંકેતિક ભાષા શીખવે છે.

## ઈશ્વરની મદદ – સોમવાર, ઑગસ્ટ, ૧૦, ૨૦૨૦

**બાઈબલવાચન : હિબ્રુઓને પત્ર ૪ : ૧૨-૧૬**

એ માટે દયા પામવાને તથા અગત્યને પ્રસંગે સહાયને સારુ કૃપા પ્રાપ્ત કરવાને, આપણે હિંમતથી કૃપાસનની પાસે આવીએ. હિબ્રુ. ૪:૧૬

એ અઠવાડિયે બધું બરાબર ચાલ્યું નહિ સામાન્ય રીતે ત્રણ મેનેજરો, આસીસ્ટેડ – લીવીંગ સેન્ટર ચલાવે છે, પણ એક પ્રસુતિની રજા પર ગયા અને બીજા એકને હૃદયરોગની શસ્ત્રક્રિયા માટે જવું પડ્યું.

જો કે મેં, બધા રહેવાસીઓ અને સ્ટાફના પ્રશ્નો હલ કર્યા, પણ જ્યારે બે સ્ટાફ મેમ્બરો માંદા પડ્યા, મને પૂરતા સ્ટાફની ગરજ પૂરી કરવા તકલીફ પડી. જ્યારે ત્રીજા સ્ટાફ માંદા પડ્યા, હું સાચે જ ભાંગી પડી અને રડવા લાગી, ‘‘પ્રભુ, હવે હું વધુ સહન કરી શકું તેમ નથી’’ બીજા વિભાગમાંના એક સાથી કર્મચારીએ મને રડતાં સાંભળી, મારી મદદે દોડી આવ્યા. અમે વાતચીત કરી અને શું કરવું એ અંગે તેણે મને થોડીક મદદ કરી.

જ્યારે હું કામના બોજા હેઠળ દબાઈ ગઈ ને ગભરાઈ ગઈ, ત્યારે મારા પ્રશ્નોનું જાતે નિરાકરણ લાવવા અસમર્થ બની ગઈ હતી. જો કે મારે મારી જાતે એકલાએ કોઈની મદદ માગ્યા વગર તે કરી લેવું જોઈતું હતું, તેવું મેં વિચારેલ. એ જ પ્રમાણે, આપણે પણ ઘણી બધી વખત, જ્યાં સુધી સખત બોજ અને બીકને કારણે સખત રીતે ભાંગી ન પડીએ ત્યાં સુધી ઈશ્વરની મદદ માગતા નથી. આપણે ભૂલી જઈએ છીએ કે, આપણે એકલાએ આપણા જીવનને ચલાવવાનું હોતું નથી.

મને સમજ પડી કે, મારે ઈશ્વરની દોરવણી માગવાની જરૂર હતી. ત્યારબાદ, દરરોજ મેં ઈશ્વરના ડહાપણ માટે પ્રાર્થના કરવાનું શરૂ કર્યુ. જેવું મેં તે પ્રમાણે કર્યુ, મને લાગ્યું કે, જ્યારે આયોજન મુજબ કામો ન થયાં ત્યારે પણ, મેં ઓછો તણાવ અનુભવ્યો. હું શીખી શકી કે, મારે ઈશ્વરનું ધ્યાન ખેંચવા, મોટી બૂમાબૂમ કરવાની જરૂર નથી – ઈશ્વર તો, આપણી નાની સરખી એવી વિનંતી ‘‘પિતા, મને મદદ કરો.’’ પણ સાંભળે છે.

### પ્રાર્થના

પ્રભુજી, તમારી મદદ અમને હંમેશા મળી રહે છે માટે તમારો આભાર. અમારી પોતાની તાકાત પર નહિ, પણ તમારા સામર્થ્ય પર અઢેલવા અમારી સહાય કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

હું જ્યારે માગું છું ત્યારે ઈશ્વરની મદદ પ્રાપ્ય હોય છે.

ડાયના એલ. વોલ્ટર્સ (ટેન્નેસ્સી, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

આસીસ્ટેડ – લીવીંગ સેન્ટરના કામદારો

## બે ભાઈઓ – મંગળવાર, ઑગસ્ટ, ૧૧, ૨૦૨૦

**બાઈબલવાચન : લૂક ૧૫ : ૧-૩, ૧૧-૩૨**

તને ખુશી થવું તથા હર્ખાવું ઊચિત હતું, કેમ કે આ તારો ભાઈ મૂઓ હતો અને તે પાછો જીવતો થયો છે; અને ખોવાયેલો હતો, તે પાછો જડ્યો છે. – લૂક ૧૫ : ૩૨

બે ભાઈઓમાં મોટાભાઈ તરીકે, ઉડાઉ દીકરાની વાર્તામાં, મને હંમેશા એવું લાગ્યું છેકે, મોટા ભાઈની સાથે સારું વર્તન કરવામાં આવ્યું નથી. મારી દ્દષ્ટિએ, તેણે જે વાંધો લીધો હતો તે વ્યાજબી હતો. વાર્તામાંના બે ભાઈઓના સંબંધની જેમ, અમારા પણ બે ભાઈઓના સંબંધ સરખા લાગે છે. હું મોટાભાઈ તરીકે ઘરમાં જ રહી જવાબદાર વ્યક્તિ છું. મારો નાનો ભાઈ, ઘરેથી બહાર રહી, આમતેમ ભટકતો અને અયોગ્ય એવી વ્યક્તિઓ સાથે સંબંધ રાખતો. એક વખતે મેં મારી જૂની કાર તેને આપી કારણ કે તેની પરિસ્થિતિની મને દયા આવતી. તે કાર તેણે વેચી દીધી અને તેના પૈસા તેણે, એવી બાબતોમાં વાપરી કાઢ્યા,, જે જાણવું મારે માટે જરૂરી નથી.

પણ, જેમ દ્દષ્ટાંતમાં બતાવ્યું છે તેમ, મારો ભાઈ અંતે ઘરે પાછો ફર્યો – હકીકતમાં અને એક વ્યક્તિ તરીકે એક દશકા કરતાં વધુ સમયથી તે દારૂ પીવાની ટેવમાંથી મુક્ત થયો હતો અને હવે બીજા દારૂડીયા લોકોને એ ટેવમાંથી મુક્ત કરવાની સેવા કરતો હતો.

ઈસુએ આપેલ એ દ્દષ્ટાંત, આપણે બિનશરતી પ્રેમ કેવી રીતે રીતે કરવો જોઈએ તે શીખવે છે. ઈશ્વર, બંનેને – ઉડાઉ જીવન જીવતા લોકોને અને પોતાની જાતને સારા ગણતા એવા લોકોને ચાહે છે. આ દ્દષ્ટાંતમાં, આપણને એવું કહેવામાં આવ્યું નથી કે, મોટાભાઈએ તેના પિતાની પ્રેમ કરવાની દલીલનો કેવો પ્રતિભાવ આપ્યો, પણ આપણે એ જગાએ હોત તો આપણે કેવો પ્રતિભાવ આપ્યો હોત, તે વિચારવાનું છે.

### પ્રાર્થના

દયાના ઈશ્વર, અમે જ્યારે તમારી હાજરીમાંથી દૂર જતા રહીએ ત્યારે, અમને પરત બોલાવો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

હું અવિચારી કે અયોગ્ય હોઉં અથવા મારી જાતને સારો ગણતો હોઉં, ઈશ્વર મને પ્રેમ કરે છે.

માયકલ એ. મેકડોનાલ્ડ (નોર્થ કેરોલિના, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

જેઓ પોતાના કુટુંબથી વિમુખ થઈ ગયા છે.

## રાહ જોવી – બુધવાર, ઑગસ્ટ, ૧૨, ૨૦૨૦

**બાઈબલવાચન : યશાયા ૪૦ : ૨૮-૩૧**

પણ યહોવાની વાટ જોનાર નવું સામર્થ્ય પામશે; તેઓ ગરૂડની પેઠે પાંખો પ્રસારશે; તેઓ દોડશે, ને થાકશે નહિ, તેઓ આગળ ચાલશે ને નિર્ગત થશે નહિ. યશાયા ૪૦:૩૧

રાહ જોવાની બાબતને હું ધિક્કારું છું. માટે રાહ જોવી એ સમય બરબાદ કર્યા સમાન છે. એક્વાર પ્લેન ઊંચે ઉડવાનું શરૂ કરે, હું મારી જગ્યાએ બેસી જાઉં છું. રેસ્ટોરન્ટ પર હું ખોરાક માટે ઓર્ડર નોંધાવું એટલે સમજો કે માણસ ખોરાક લઈને આવી જાય તેની હું રાહ જોઉં છું. રાહ જોવાની વાત મને ગુસ્સામાં લાવી દે છે, હતાશ થઈ જાઉ છું, આશા-વિહોણી બની જાઉં છું.

ઈરમા નામના વાવાઝોડાથી મારા ઘરને નુકસાન થયું ત્યારે મારા ભત્રીજાએ કહ્યું કે, સમારકામ હું કરી દઈશ. પણ બે અઠવાડિયાં થયા ત્યાં સુધી, તેણે સમારકામ શરૂ કર્યુ નહિ. ઘરને થોડું નુકસાન થયું હોવાથી મને એમ લાગતું હતું કે, સમારકામ ઝડપથી પૂરું થઈ જશે, પણ તેવું થયું નહિ, મારે રાહ જોવી પડી પણ જ્યારે મેં રાહ જોઈ, ત્યારે હું યશાયા પ્રબોધકની મારફતે શીખી શકી, કે, રાહ જોવી એ સારી બાબત છે. પ્રબોધક કહે છે કે, ''યહોવાની વાટ જોનાર નવું સામર્થ્ય પામશે.''

''અધીરા થઈને રાહ જોવાના'' વલણ પરથી ''ઈશ્વર પર આધારીત બની રાહ જોવાના'' વલણ તરફ મારું ધ્યાન ગયું અને એ બાબતે મને શીખવ્યું કે, જ્યારે જ્યારે હું રાહ જોઉં છું ત્યારે ત્યારે ઈશ્વર કાર્યરત બને છે અથવા કાર્ય કરે છે. આ વિચારે મારી આંખો ઉઘાડી અને મને સમજાયું કે, જ્યારથી રાહ જોવાનું હું શીખી, સ્વર્ગીય પિતાએ મને ઘણાં તાલંતો તરફ મારી દૃષ્ટિ ફેરવી. પુનઃ નવી તાજગી પ્રાપ્ત કરવી અને નવું સામર્થ્ય મેળવવું, એ મારા તાલંતોમાં નવાં તાલંતો ઉમેરાયા.

ઈશ્વર, આપણા ટાઈમટેબલ કરતાં જુદી જ રીતે કાર્ય કરે છે. જો આપણે રાહ જોતાં, પ્રભુ પ્રત્યે ખુલ્લાં રહીએ તો, ઈશ્વર આપણને આશીર્વાદિત કરી શકે છે અને તેઓ જેવા ઈચ્છે છે તેવા આપણને બનાવશે.

### પ્રાર્થના

ઈશ્વર પિતા, તમારા પર અઢેલવા-રાહ જોવાનું અમને શીખવો. તમે હંમેશા અમારા ભલા માટે જ કરશો, તેવું સમજવા - સ્વીકારવા અમારી મદદ કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

હું જ્યારે ઈશ્વરની રાહ જોઉં છું. તો તે વખતે હું સમય બરબાદ કરતી હોતી નથી.

બર્થીલે લેવીઈસ્ટ – ચિંતિક (સંત મારટીન, નેધરલેન્ડ)

### મધ્યસ્થી

ચિંતાતુર બની રાહ જોતા લોકો માટે શાંતિ પ્રાપ્ત થાય.

## અંદરથી તો હજી તેવા જ - ગુરુવાર, ઑગસ્ટ, ૧૩, ૨૦૨૦

**બાઈબલવાચન : માથ્થી ૧૯ : ૧૩-૧૫**

પણ યહોવાહે શમૂએલને કહ્યું કે, તેના મોં તરફ તથા.... કેમકે માણસ બહારના દેખાવ તરફ જુએ છે, પણ યહોવા હૃદય તરફ જુએ છે. ૧ શમૂએલ ૧૬:૭

જ્યારે અમારાં પૌત્રો ૪ થી ૬ વર્ષના હતા ત્યારે મારા પતિ કિમોથેરાપીની સારવાર હેઠળ હતા. અમને નવાઈ લાગતી હતી કે, મારા પતિ પર સારવારને લીધે બહારથી જે ફેરફારો દેખાતા હતા, તેની બાળકો પર કેવી અસર પડતી હશે. મારા પતિની તે સમયની ક્ષણિક દેખાવ જોઈને, અમારો ૪ વર્ષની ઉંમરનો પૌત્ર શેથ, તેના દાદાની પાસે દોડી ગયો ને તેમની રૂમમાં, કશું જ થયું ન હોય તેમ, રમવા લાગ્યો. છ વર્ષની ઉંમરવાળો ઈલીયટે કહ્યું ''કંઈ વાંધો નહિ દાદા, તમે હંમેશની જેમ ત્યાં તમારા રૂમમાં છો'' ત્યારપછીથી તેઓને દાદાના શરીરમાં થયેલા ફેરફારો વિષે કંઈક ખ્યાલ આવ્યો. તેઓ તો ફક્ત, જે માણસ તેમની કાળજી લેતા હતા - પ્રેમ દર્શાવતા હતા, તે તરફ ધ્યાન દેતા હતા.

આપણે, એકબીજા પ્રત્યે અલગ અલગ દેખાઈએ માટે ઘણા બધા ફેરફારો કારણભૂત બને છે માંદગી, ઉંમર વધવી, કપડાંની પસંદગી, વાળ ઓળવવાની રીતભાત વગેરે. જો આપણે એકબીજાને, તેમના બહારના દેખાવ પરથી ઓળખવા પ્રયત્ન કરીએ તો, જે તે વ્યક્તિના દીન અને નમ્ર આત્માની આંતરિક સુંદરતા જોવાની તકો ગુમાવી દઈએ છીએ, કે જે ઈશ્વરની દૃષ્ટિમાં ખૂબ જ મૂલ્યવાન છે. (૧ પિતર ૩:૪)

આપણે કેટલા બધા આશીર્વાદિત છીએ કે, ઈશ્વર આપણા બહારના દેખાવ તરફ નહિ પણ હૃદય તરફ જુએ છે! જ્યારે આપણે અન્યોના હૃદયોમાં શું છે તે શોધીએ છીએ કે જોઈએ છીએ, ત્યારે આપણાં હૃદયો ઈશ્વરને આનંદ પમાડનારા બની રહેશે.

### પ્રાર્થના

પ્રિય પિતાજી, વિખવાદોથી પર જોવા અને એકબીજામાં તમારી પ્રતિકૃત્તિ જોવા અમારી મદદ કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

ઈશ્વર જે રીતે મારું મૂલ્યાંકન કરે છે તે રીતે હું અન્યોનું મૂલ્યાંકન કરીશ.

સેન્ડ્રા સુલીવેન (વેસ્ટ વર્જીનીયા, યુ.એસ.એ.)

**મધ્યસ્થી**

કિમોથેરાપી દર્દીઓ

## શ્વાસ લો, પ્રાર્થના કરો, વિશ્વાસ કરો - શુક્રવાર, ઑગસ્ટ, ૧૪, ૨૦૨૦

**બાઈબલવાચન : ગીતશાસ્ત્ર ૪૦ : ૧-૧૦**

તેણે મને નાશના ખાડામાંથી તથા ચીકણા કાદવમાંથી ખેંચી કાઢ્યો; તેણે મારા પગ ખડક પર ગોઠવ્યા, અને મારાં ડગલાં સ્થિર કર્યાં. ગીતશાસ્ત્ર ૪૦:૨

હું ૮૯ વર્ષનો હતો ત્યારે માંદગી અને નિરાશાને કારણે મારે સારવાર કેન્દ્રમાં દાખલ થવું પડ્યું હતું. ત્યાં મેં ઘણી જાતના પ્રશ્નોનો સામનો કર્યો - શારીરિક, લાગણીને લગતા, આધ્યાત્મિક અને માનસિક થાક વગેરે, આવા સમયે બીજાઓ પર આધારીત હોઈ મને લાગ્યું કે, પાળક તરીકે, ચેપ્લીન તરીકે અને સલાહકાર તરીકે મેં જિંદગીભર કરેલી સેવાને લીધે અન્યો મારી સંભાળ લઈ રહયા હતા. આ મારી ગભરાવી દે - બીવડાવી દે તેવી મૃત્યુ તરફની મુસાફરી દરમિયાન, વર્ષો સુધી, મેં જે શિક્ષણ બીજાઓને આપેલું હતું તે હવે પ્રેક્ટીસમાં મુકાતું હું જોઈ રહયો હતો. ખૂબ આભારની લાગણીઓ સહ, હું મારી નેવુંમા વર્ષની બર્થડે, મારા મિત્રો સાથે મારા ઘરમાં ઉજવી રહયો હતો.

જે દિવસે હું ઘરે જવા તૈયારી કરી રહયો હતો, સ્ટાફના સભ્યોએ કહ્યું, ‘‘તમે જ્યારે અહીં આવ્યા હતા ત્યારે અધમૂઆ હતા, પણ હવે, તમે તમારી તરફ જુઓ, તમે તમારા ઘરે જઈ રહયા છો, તમારા સાજાપણામાં પ્રાર્થના અને વિશ્વાસે ક્યો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે?’’તેઓના એ પ્રશ્નએ મને સમજાવ્યું કે, પ્રાર્થના અને વિશ્વાસ એ કંઈ નવી કે વધારાની અથવા તાત્કાલિક ધોરણે કરવી પડે, એવી બાબતો નથી, કે જેનો આપણે, ભારે કટોકટીના સમયે ઉપયોગ કરીએ છીએ. શારીરિક શ્વાસોચ્છ્વાસની ક્રિયા, આત્મિક માન્યતાઓ અને અટક્યા વગર કરવામાં આવતી પ્રાર્થનાઓ, એ જરૂરી બાબતો છેકે જેકેવળ ભારે કટોકટીના સમયે જ કરવાની હોય, એવું નથી બલ્કે એ તો દરરોજની આપણી પ્રક્રિયાઓ બનવી જોઈએ.

### પ્રાર્થના

દયાળુ હૃદયવાળા ઈસુ, દરેક સંજોગોમાં તમારી હાજરીથી અમે વાકેફ રહીએ, તેવું થવા દો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

મારા જીવનના છેલ્લા શ્વાસ સુધી ઈશ્વર મારી સાથે છે.

જેક અલબ્રાઈટ (કેનસાસ, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

ખ્રિસ્તી ધર્મગુરુઓ

## ધૂમર (ઝાકળ) - શનિવાર, ઑગસ્ટ, ૧૫, ૨૦૨૦

**બાઈબલવાચન : યાકૂબનો પત્ર ૪ : ૧૩-૧૭**

માણસના મનમાં ઘણી યોજનાઓ હોય છે; પણ યહોવાનો મનસૂબો જ કાયમ રહે છે. નીતિવચનો ૧૯:૨૧

મારી નણંદ અને મેં અમારી દીકરીઓને બહાર ફરવા લઈ જવાનું આયોજન કર્યું અને નિર્ધારીત સ્થળ પર પહોંચતા અમને ઘણા બધા માઈલોની મુસાફરી કરવી પડી. અમે વિચારતા હતા કે, અમે વહેલી સવારે ચાલવા નીકળીશું, આસપાસનાં કુદરતી દૃશ્યો જોઈશું, વગેરે. દરિયા કિનારે જઈ, પાણીમાં પગ ડબોળીશું, ખારાશ પડતી દરિયાઈ હવા માણીશું વગેરે. અમે એવું પણ વિચારેલું કે, નજીકના સુંદર ગાર્ડનમાં જઈશું અને ત્યાંના હંસોને જોવાની મઝા માણીશું.

અમે વિચારેલું એ બધું બાજુ પર રહયું, જ્યારે અમે ત્યાં પહોંચ્યા પછી પાંચ જ મિનિટમાં, મારી નણંદ ઘરની બહાર નીકળતાં પગથિયું ચૂકી ગઈ અને તેના ઘૂંટણ પર ઈજાઓ થઈ. લાંબુ ચાલીશું તેવું વિચારેલ તેને બદલે હવે, ઈમરજન્સી રૂમની બહાર એક્સ-રે માટે અને ડોક્ટરોને મળવા માટે લાંબા કલાકો સુધી રાહ જોવી પડી. અમારી પૂર્વ યોજનાને બદલવી પડી. સવારે ચાલવા જવાને બદલે, પ્રવેશ ધ્વાર પાસેની જગ્યામાં સવાર-સવારની વાતો કરવામાં સમય વિતાવવો પડ્યો. પાર્ક-ગાર્ડનમાં જઈને ગપ-સપ કરવામાં સમય વિતાવવાને બદલે, હવે એકબીજાનાં જીવનો-અનુભવોની વાતો કરીને એકબીજાની સંગતમાં વધુ વૃધ્ધિ પામવા, વાતો કરવામાં સમય વિતાવવો પડ્યો. અમે જે આયોજન કરેલ તેમાં, આ અમારા માટે એક મોટું ઝાકળ સમાન બન્યું, પણ એકબીજા સાથેની સંગત માણવાનો આ કિંમતી સમય બન્યો.

આપણા આયોજન પ્રમાણે, જ્યારે બધું બનતું નથી ત્યારે આપણે નિરાશ-હતાશ થઈ જઈએ છીએ; પણ આ સમયો દરમિયાન હું આ અનુભવ ધ્વારા શીખી શકી કે, ઈશ્વર આપણા સારાને માટે સમયનો ઉપયોગ કરે છે તેવો વિશ્વાસ ઈશ્વર પર કરવો જોઈએ. ઘણી વખત તો, મનોમાં અને આત્મામાં બળવાન થવા-વૃધ્ધિ પામવા મદદ કરી છે. એક વાત ચોક્કસ બની કે, દરેક ઝાકળ, મને ઈશ્વરની વધુ નજીક લઈ ગયા છે. ઈશ્વરનો આભાર કે આવા કોઈપણ પ્રકારના ફેરફારો મધ્યે, કદી ન બદલાનાર ઈશ્વર મને તે પરિસ્થિતિમાં માર્ગદર્શન પૂરું પાડે છે.

### પ્રાર્થના

પ્રિય ઈશ્વર પિતાજી, જીવન અમને જ્યાં કંઈ દોરી જાય ત્યાં, તમારા પર વિશ્વાસ કરવા અમારી મદદ કરો. ફેરફારો આવે તે સમયે, અમને શાંતિ બક્ષો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

અણધાર્યા ફેરફારો મધ્યે, હું ઈશ્વર પર ભરોસો રાખીશ.

લીન્ડા ફાસ્કીંગ (કેન્ટકી, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

જીવનોમાં આવતાં ઝાકળો વચ્ચે ફસાયેલા લોકો

## એક ખુલ્લું આમંત્રણ – રવિવાર, ઑગસ્ટ, ૧૬, ૨૦૨૦

**બાઈબલવાચન : લૂક ૧૪ : ૧૫–૨૪**

એ વાત સાંભળીને....... દેવના રાજ્યમાં જે રોટલી ખાશે તેને ધન્ય છે. લૂક ૧૪:૧૫

જ્યારે હું ભારતમાં રહેતી હતી ત્યારે એક સ્ત્રી જેનું નામ નલિની હતું, તેમની સાથે હું રહેતી હતી, અને એક પુરુષ જેનું નામ કુમાર હતું, તેઓ અમને સંગીતના શિક્ષણ વર્ગમાં મદદ કરતા હતા નલિનીએ તે ભાઈને ભોજન માટે હાજર રહેવા આમંત્રણ આપ્યું, પણ તેમણે આભાર સહ નકાર્યું, જો કે તેઓ ક્યાંય  ગયા નહિ. અને અમારા ઘરમાં જ રહયા. તેમને માટે તો ભોજનની બેઠક વ્યવસ્થા કરી દેવામાં આવી હતી અને તેથી અંતે તો તેઓ ટેબલ પરના ભોજનમાં અમારી સાથે જોડાયા. આ ભોજન નલિનીબેનની નણંદે તૈયાર કર્યુ હતું.

જમતાં જમતાં, કુમાર બોલ્યા, ‘‘મારી પત્ની, ઘણાં વર્ષો અગાઉ, મને મૂકીને જતી રહી છેઅને ત્યારથી હું બહાર રેસ્ટોરન્ટમાં જ જમું છું. દરેક ભોજનનો સ્વાદ, તેના પ્રમાણમાં અલગ અલગ હોય છે પણ આના જેવો તો સ્વાદિષ્ઠ બીજો કોઈ ન હોય. મને જ્યારે કોઈક તેમના ઘરે જમવા માટે કહે છે ત્યારે હું હંમેશા ના જ પડું છું; પણ અંદરખાનેથી તો ઘરે બનાવેલ ભોજન મને બહુ જ ગમે છે, અને તેની અપેક્ષા રાખતો હોઉં છું’’ તે જ ઘડીએ, નલિનીબેનનાં નણંદ બોલી ઊઠ્યા, ‘‘અંકલ, હવે અમારે ઘરે જરૂરથી અવારનવાર આવજો’’ મને તો ખૂબ જ આશ્ચર્ય થયું કે, આ બેન તો તેમને આજે જ પ્રથમવાર મળયા ને, આવું પ્રેમાળ ભાવભીનું, નિખાલસ આમંત્રણ આ ભાઈને આપી દીધું.

ઈસુ આવા પ્રેમાળ આમંત્રણનું મહત્ત્વ, આજેઆપણને યાદ દેવડાવે છે. તેમણે, લૂકના ૧૪મા અધ્યાયમાં, એક માણસ જે ઘણાઓને મિજબાની માટે આમંત્રણ આપે છે, તે દ્રષ્ટાંતની યાદ અપાવી. અને માથ્થી ૧૧:૨૮માં ઈસુ કહે છે, ‘‘ઓ વૈતરું કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ, તમે સઘળા મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ’’ જે કોઈ ઈસુની પાસે આવે, તેમને માટે આનંદસભર એવો આવકાર રાહ જોઈ રહયો છે. તો શા માટે આનાકાની કરીએ? ઈસુ બધા લોકોને પુષ્કળ પ્રેમ કરે છેઅને ઈચ્છે છે કે, આપણે તેમની સાથે નવા બદલાયેલા જીવનના સંબંધોમાં આવીએ.

### પ્રાર્થના

પ્રિય પ્રભુ ઈસુ, ભોજનના ટેબલ પર અમને આમંત્રણ આપવા બદલ આભાર. અમે જેવાં છીએ તેવા તમારી નજીક આવ્યાં છીએ અને તમને વિનંતી કરીએ છીએ કે, તમો અમારામાં જીવો અને અમારામાં રાજ કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

આજે હું કોની સાથે ખ્રિસ્તના પ્રેમની વહેંચણી કરું?

લીન્ડા શેમ્યુલ (સ્કોલટલેન્ડ, યુનાઈટેડ કીંગ્ડમ)

### મધ્યસ્થી

જેઓ એકલવાયું જીવન જીવી રહયા છે.

## જેને હલાવી શકાય નહિ એવું - સોમવાર , ઑગસ્ટ, ૧૭, ૨૦૨૦

**બાઈબલવાચન : રોમનોને પત્ર ૮ : ૩૧-૩૯**

કેમકે મારી ખાતરી છેછેકે, મરણ કે જીવન, દૂતો કે અધિકારઓ, વર્તમાનનું કે ભવિષ્યનું કે, પરાક્રમીઓ, ઊંચાણ કે ઊંડાણ કે, કોઈપણ બીજી સૃષ્ટ વસ્તુ, દેવની જે પ્રીતિ ખ્રિસ્ત ઈસુ આપણા પ્રભુમાં છે, તેનાથી આપણને જુદા પાડશે નહિ. રોમનોને પત્ર ૮ : ૩૮-૩૯

ઓગસ્ટ ૨૦૧૭માં, હાર્વે નામનું ચોથા નંબરની કેટેગરીવાળું વાવાઝોડું, ટેક્સાસ મીડલ કોસ્ટ પર ત્રાટક્યું હતું. ચાર દિવસના સતત વરસાદને કારણે કેટલાક વિસ્તારોમાં તો ૪૦ ઈંચ જેટલા પાણી ભરાયાં હતાં. ભયંકર વિનાશક અને અતિ કાતિલ એવા આ વાવાઝોડાથી અમેરિકાના અતિ મહત્ત્વના વિસ્તારોમાં સખત નુકસાન થયું હતું.

વાવાઝોડા પછીના સોમવારે, ડલાસ સમાચારપત્રએ, સમાચાર પ્રગટ કર્યા હતા કે, સાઉથ ટેક્સાસમાં જ્યાં વાવાઝોડા ધ્વારા સખત નુકસાન થયું હતું, ત્યાં કેટલાક લોકોએ, રમતગમતના મેદાનોમાં ખુલ્લામાં રવિવારની સવારની ભક્તિસભાઓ ચલાવી હતી. તોફાની પવનોના પ્રકોપ વચ્ચે પણ દેવળોમાં અમારે હોવું જોઈતું હતું એવું, જેમણે તે ભક્તિસભામાં ભાગ લીધો હતો, તેઓનું કહેવું હતું. તે ધ્વારા તેઓએ, તેમનો ખ્રિસ્ત પરનો વિશ્વાસ પ્રદર્શિત કર્યો હતો.

રોમનોની મંડળીને લખેલ તેના પત્રમાં પાઉલ જણાવે છે કે, જીવનના કોઈપણ બનાવો-સંજોગો આપણને ખ્રિસ્તના પ્રેમથી જુદા પાડી શક્તા નથી. આપણે તો વિજેતાઓ કરતાં વધુ મૂલ્યવાન છીએ. સાઉથ ટેક્સાસના એ લોકોએ સાબિત કરી બતાવ્યું કે, હચમચાવી દે તેવા સંજોગો અને હાર્વે જેવા વાવાઝોડા પણ સત્ય અને જીવંત ઈશ્વરનું ભજન કરતા આપણને રોકી શકે નહિ. આપણે બધા જ સમયોમાં ઈશ્વરનું ભજન કરી શકીએ છીએ. આપણો વિશ્વાસ, ખ્રિસ્તમાં એવો સખત મજબૂત મૂળીયા નાખેલો હોવા જોઈએ કે જેથી આપણને કોઈ તેમાંથી હલાવી શકે નહિ.

### પ્રાર્થના

જીવંત ઈશ્વરપિતાજી, તમારાં કામો અને તમારા પ્રેમમાં, અમે હંમેશા અડગ, સ્થિર અને ઊભરાતાં છલકાતાં રહીએ માટે અમારી મદદ કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

હું સર્વ સમયે, ઈશ્વરમાં વિશ્વાસ રાખીશ.

ડી. એલ. એલિસ જહોનસન (ટેક્સાસ, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

વાવાઝોડા પછી પુનઃસ્થાપિત થતાં કુટુંબો

## એકપછી એક, એમ ગણો - મંગળવાર, ઑગસ્ટ, ૧૮ ૨૦૨૦

**બાઈબલવાચન : ફિલિપ્પીઓને પત્ર ૪ : ૪-૯**

મારા સંપૂર્ણ હ્રદયથી હું યહોવાની આભારસ્તુતિ કરીશ; હું તારાં સર્વ આશ્ચર્યકારક કૃત્યો પ્રગટ કરીશ. ગીતશાસ્ત્ર ૯:૧

ફરીને એકવાર હું ઊંઘી શકી નહિ. ગાઢ અંધારું થતું જાય તેમ, મારી બીક અને ચિંતાઓ વધતી ગઈ. મારી મુશ્કેલીઓ - મૂંઝવણો પર કેવળ પ્રાર્થના ધ્વારા ઉકેલવા પ્રયત્ન કરતી પણ સાથે પ્રશ્ન ઉદ્ભવતો કે શું ખરેખર ઈશ્વર મારી કાળજી લે છે.

ચાદરમાં માથું સંતાડીને, આંખો બંધ કરીને તે દિવસે થયેલાં સારાં કામો હું યાદ કરવા લાગી. જેવું હું તે ગણવા લાગી, એક પછી એક નજર સમક્ષ આવવા લાગ્યાંઃ ઈ-મેઈલ, ફોન આવેલ તે, મિત્ર કે જેનો દહાડો સારો ગયેલો. ધીમે ધીમે હવે બીકનું સ્થાન શાંતિએ લીધું. છતાંય હજી જાગૃત અવસ્થામાં, એવાં કામો કે જે આજે મેં પૂરાં કરેલ તેનું લીસ્ટ તૈયાર કર્યુ. જો કે તે બહુ મહત્ત્વના ન ગણાયઃ વાસણો ધોયાં, ટપાલ જોઈ વગેરે, બેચેની દૂર થઈ સંતોષની લાગણીઓ થઈ.

અંતે, બાઈબલનાં દિલાસાદાયક વચનો યાદ કર્યા અને પ્રાર્થનાઓ કરી. આ બધું કર્યા ને અંતે, હું ઊંઘી ગઈ, એવી સમજણ સાથે કે, ઈશ્વર સાચે જ સંભાળ લે છે અને મારા જીવનમાં કાર્ય કરે છે.

આ ત્રણ પ્રકારનાં પગથિયાં, હંમેશા અનિદ્રા દૂર કરે છે, એવું નથી પણ જો તેની પ્રેક્ટીસ કરવામાં આવે તો જરૂર મદદરૂપ થાય. પછી જ્યારે મારું મગજ એવું કહે-વિચારે કે હવે સવારના બે વાગ્યા છે, હું કેળું ખાઉ છું, થોડુંક પાણી પીઉં છું અને પછી પેલાં ત્રણ પગલાં દોહરાવું છું. એ કેટલી અદ્ભુત બાબત કે, હવે દરેક સાંજે હું એવું અનુભવું છું કે, હું હવે વધુ હકારાત્મક બની છું, અને મારા જીવનમાં સારી બાબતોને સાંભળવાની ટેવે મારામાં સ્તુતિનો ભાવ ઉત્પન્ન કરે છે, જે વાસ્તવમાં મને હળવાશમાં લાવી દે છે.

### પ્રાર્થના

પ્રિય ઈશ્વર પિતાજી, તમારો પ્રેમ અમારી સર્વ ચિંતાઓ દૂર કરે અને અમને મીઠી નિંદ્રા આપે, એવું થવા દો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

ઈશ્વરનો પ્રેમ બીકને ભગાડે છે.

જીનીક સ્ટોકર (એરીઝોન, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

લોકો જેઓ અનિદ્રાના ભોગ બનેલ છે.

## બીજાઓમાં રોકાણ કરવું - બુધવાર, ઑગસ્ટ, ૧૯, ૨૦૨૦

**બાઈબલવાચન : માથ્થી ૫ : ૧૩-૧૬**

તેમજ તમે તમારું અજવાળું લોકોની આગળ એવું પ્રકાશવા દો કે તેઓ તમારી રૂડી કરણીઓ જોઈને આકાશમાંના તમારા બાપની સ્તુતિ કરે. માથ્થી ૫:૧૬

મારી શરૂઆતની, જુવાનો મધ્યેની સેવામાં અમારી સ્થાનિક નાની મંડળીમાં કોઈ ખાસ સગવડો - સાધનો નહોતાં. જો કે મને એની કંઈ બહુ ખબર પડતી નહિ કે હું શું કરી રહયો છું, પણ મને ખાતરી હતી કે, આ મંડળીના જુવાનોનો ઈશ્વર ઉપયોગ કરી શકે છે. મને ખાતરી હતી કે હું તેમની સાથે જીવંત સંબંધોમાં રહીશ અને એક સમયે હું તેઓનો પાળક બનીશ.

એક દિવસે, ઈશ્વરે, મારા માટે તકોનો દરવાજો ખુલ્લો કર્યો જ્યારે અમારા પડોશીઓના જુવાનોનું એક ગ્રુપ હતું તેમાં મને જોડાવા માટે આમંત્રણ મળયું. તેઓ ફુટબોલ રમતા હતા. આનાકાની કરતો પણ અંતે મેં રમવાનું નક્કી કર્યુ, પણ કારણ તો એ હતું કે, હું આ જુવાનોના જીવનોમાં સેવાકાર્ય કરી શકું અને તેમના જીવનમાં કંઈ નિર્ણયો લેવાના થાય ત્યારે હું તેમને હા કે ના, નું માર્ગદર્શન આપી શકું. શરૂઆતે બોલ સીધો મારી તરફ આવ્યો. મેં તેને રોકાયો અને દોડવાનું શરૂ કર્યુ, અંતે એક છોકરા જોડે અથડાયો અને એન્ડ ઝોન તરફ પડ્યો, અને ત્યારપછી તે, તે ટીમના મોટાભાગના છોકરાઓ, અમારા ચર્ચની જુવાનોની - યુથ મિનિસ્ટ્રીમાં સેવા આપતા થઈ ગયા.

યુથ મિનિસ્ટ્રીના આ અનુભવે મને શીખવ્યું કે, જો લોકોને આપણે કોઈ ખાસ પ્રકારની સેવા, કે જેમાં હું તેમને દોરી જવા માગતો હોઉં, તો પ્રથમ મારે એ કરવું જોઈએ, કે તે લોકો જે કરતા હો કે આ સિધ્ધાંત, મેં મારી આખી મિનિસ્ટ્રીમાં અપનાવ્યો છે. ઈસુ વિષેના શુભસમાચાર, પ્રથમ એવા લોકોમાં પ્રસર્યા કે જેમની વચ્ચે જઈ, તેમના જીવનોને સ્પર્શ કરવામાં આવ્યા. હું આ માનું છું કે, ઈસુનો માનવદેહ ધારણ કરવાનો ઈરાદો આમાં આપણે સ્પષ્ટપણે જોઈએ છીએ.

### પ્રાર્થના

પ્રિય પ્રભુ ઈસુ, અમે દરરોજ જે લોકોને મળીએ છીએ તેઓનાં જીવનોમાં, ઈશ્વરના પ્રેમનો પ્રકાશ ફેલાવવા અમારી મદદ કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

બીજાઓના જીવનોમાં રસ લઈને હું ખ્રિસ્તનો શુભસંદેશ પ્રસરાવી શકું છું.

ક્લેટસ એલ. હલ (પેન્નસીલવેનિયા, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

બીજાઓના જીવનમાં રોકાણ કરવું.

## નવું જીવન – ગુરુવાર, ઑગસ્ટ, ૨૦, ૨૦૨૦

**બાઈબલવાચન : યશાયા ૪૩ : ૧૬ – ૨૧**

.......તેઓને જીવન મળે અને તે પુષ્કળ મળે, માટે હું આવ્યો છું. યોહાન ૧૦:૧૦

શિયાળાના અંત ભાગમાં, આપણામાંથી મોટાભાગનાઓને, સુકાઈ ગયેલી, જીવન વિહોણી એવી ડાળીઓ જોવા મળે છે. ત્યારે, બહુ મોટું સુંદર ચિત્ર જોવાની વાત, સરસ મઝાના રંગો, સરસ ઉષ્ણતાભર્યુ વાતાવરણ અને ગુંજી ઉઠતી એવી વસંત ૠતુ, તો દૂરની વાત થઈ કહેવાય. પણ જો આપણે બહાર ગાર્ડનમાં જઈને જોઈએ તો, બહુ નાનું એવું ચિત્ર જોવા મળે છે, જેમાં નાના નાના છોડવામાં નવા ફણગા ફૂટતા અને નવા જીવનનાં શરૂઆતના સમયોનાં ચિહનો જોવા મળે છે. ગમે તેમ પણ ત્યાં કંઈક થઈ રહયું દેખાય છે.

ઘણી બધી વખત આપણાં જીવનો પણ એવાં જ દેખાય છે. દૂરથી જોઈએ તો, આપણે પણ મોટેભાગે એવું જ અનુભવીએ છીએ અને એવાં જ દેખાઈએ છીએ, પણ જો ઊંચે ઈશ્વર તરફ જોઈએ તો, ઈશ્વર આપણામાં કાર્યરત દેખાય છે. નાના નાના ફેરફારો લાવીને ધીમે ધીમે, ઈશ્વર આપણને, વધુ તાલંતો અને વધુ પ્રેમરૂપી કપડાં ઓઢાડે છે. આપણે કંઈક નવું કરવાની હિંમત દેખાડીએ છીએ. ઘણી વખત આપણે જોખમ ખેડવાનું પણ કરીએ છીએ ત્યારે, ઈશ્વરે આપણામાં જે તાલંતો મૂક્યાં છે, તે જોઈને આપણે નવાઈ પામી જઈએ છીએ. આપણે વિચાર્યુ હોય કે જેટલું અને જેવું આપણે કરી શકતા હોઈએ તે કરતાં વિશેષ સારું આપણે કરી રહયા છીએ કે જેનો આપણે કદી વિચાર પણ નહિ કર્યો હોય.

આપણે જ્યારે, આપણા જીવનોમાં આવા ફેરફારો આવે છે, તેને સ્વીકારીએ છીએ, તેમાં આનંદ કરીએ છીએ ત્યારે ઈશ્વરનો પ્રેમ આપણામાં વહી રહયો છે તેવું અનુભવીએ છીએ. જેવી રીતે ગાર્ડનમાં ફરતાં. વસંત ૠતુ આવવાનાં પ્રાથમિક એંધાણ આપણે જોઈએ છીએ તેવી જ રીતે, ઈશ્વરનાં આત્મિક તાલંતો આપણામાં ઊંડા મૂળીયાં નાખતા આપણે જોઈએ છીએ.

### પ્રાર્થના

જીવંત ઈશ્વર, અમારામાં નવી વૃધ્ધિ પામવાનાં ચિહનો બતાવો છો માટે આભાર. તમારા માટે નવું કરવાનું જોખમ જ્યારે અમે લઈએ ત્યારે તમારી અમારી મધ્યે હાજરી છે, તેવો વિશ્વાસ કરવા અમારી સહાય કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

દર સવારે, ઈશ્વર મને નવી/નવો બનાવે છે.

મેગ મંગન (ન્યુ સાઉથ વેલ્સ, ઓસ્ટ્રેલિયા)

### મધ્યસ્થી

નવી તકોમાં આનંદ પ્રાપ્ત કરવો.

## અણધાર્યો એવો પાઠ – શુક્રવાર, ઑગસ્ટ, ૨૧, ૨૦૨૦

**બાઈબલવાચન : માથ્થી ૬ : ૯–૧૩**

તમારું રાજ્ય આવો.......તમારી ઈચ્છા પૂરી થાઓ. માથ્થી ૬:૧૦

હોસ્પિટલમાં રૂથની મુલાકાત કરી ત્યારે મને સમજાયું કે, તેણીને મેં ભક્તિસભામાં ઘણીવાર જોઈ છે પણ હું તેને ખરી રીતે ઓળખતો નહોતો. તેણીએ કહ્યું, ''મારા મગજનું ઘણીવાર સ્કેનીંગ કરવામાં આવ્યું છે'' મેં તેણીને પૂછ્યું હું તમારા માટે ખાસ શી પ્રાર્થના કરાવું? મને એવું હતુઃ કે, તેણી સાજાપણા માટે, દર્દ ઓછું થાય માટે અથવા ઘરે જવા માટે, પ્રાર્થના કરાવવાનું કહેશે. રૂથે સહજ જવાબ આપ્યો કે, ''ઈશ્વરની જે ઈચ્છા હોય તે અને મારું ત્યાં જે હેતુસર હોવું તે પરિપૂર્ણ થાય માટે પ્રાર્થના કરાવો.

તેણીને દર્દ સખત થતું હતું અને તેણી તેના બાળકોનાં બાળકોની સાથે આનંદથી સમય પસાર કરી રહી હતી, પણ તેની પ્રાર્થનામાં તેણીએ ઈશ્વરની ઈચ્છાને પ્રથમ સ્થાન આપ્યું. તેણી ઈશ્વરને પ્રેમ કરતી હતી અને પૂરા હૃદયથી ઈશ્વર પર વિશ્વાસ કરતી હતી.

અમારી તેણી સાથે પ્રથમ મુલાકાત પછી થોડાં અઠવાડિયામાં તેઓ મૃત્યુ પામ્યા. મને થયું કે, જો હું ઘણા સમય પહેલાંથી તેમને ઓળખતો હોત તો સારું થાત! અમારી ટૂંકી મુલાકાત દરમિયાન તેણી મારા પર ખૂબ મોટી છાપ મૂકતા ગયાં છે, ખાસ કરીને મારા પ્રાર્થનામય જીવન વિષે. જ્યારે જ્યારે હું મારા માટે અને અન્યોને માટે પ્રાર્થના કરું છું ત્યારે તેમના વિષે ખાસ વિચારું છું – યાદ કરું છું. ઈશ્વરની ઈચ્છા અને હેતુ પૂરા થાય એવી પ્રાર્થના, મોટેભાગે બધા જ સંજોગોને લાગુ પડે છે.

### પ્રાર્થના

સર્વોપરી ઈશ્વર પિતાજી, અમારી ઈચ્છાઓથી પર, તમારી ઈચ્છા અમારા જીવનોમાં પરિપૂર્ણ થાય તેવું અમે પ્રાર્થીએ છીએ. ઓ આકાશમાંના અમારા બાપ, તમારું નામ પવિત્ર મનાઓ; તમારું રાજ્ય આવો; જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તમારી ઈચ્છા પૂરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપો, અને જેમ અમે અમારાં ઋણીઓને માફ કર્યા છે, તેમ તમો અમારાં ઋણો અમને માફ કરો અને અમને પરીક્ષણમાં ન લાવો પણ ભૂંડાથી અમારો છૂટકો કરો. કેમકે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તમારાં છે. આમીન. (માથ્થી ૬ : ૯થી૧૩)

### આજનો સુવિચાર

બધા જ સંજોગોમાં, હું ઈશ્વરને ''તમારી ઈચ્છા પૂરી થાઓ'' એવું કહેવા ખૂબ પ્રયત્નશીલ રહીશ.

બોબ પેટરસન (ટેક્સાસ, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

જેઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

## સુંદરતા ઉત્પન્ન કરવી - શનિવાર, ઑગસ્ટ, ૨૨, ૨૦૨૦

**બાઈબલવાચન : ગલાતીઓને પત્ર ૫ : ૧૬-૨૫**

પણ પવિત્ર આત્માનું ફળ પ્રેમ, આનંદ, શાંતિ, સહનશીલતા, માયાળુપણું, ભલાઈ, વિશ્વાસુપણું, નમ્રતા તથા સંયમ છે; એવાંની વિરુધ્ધ કોઈ નિયમ નથી. ગલાતી ૫ : ૨૨-૨૩

તાજેતરની મારી ગાર્ડન સેન્ટરની મુલાકાત વખતે, હું આખા ઉનાળા દરમિયાન સતત સુંદર ફૂલો આવ્યાં જ કરે તેવો ફૂલોનો એક સરસ મઝાનો છોડ લેવા ઈચ્છતી હતી. ક્લાર્કે મને કહયું કે, થોડા કરમાયેલા એવાં ફૂલોનો છોડ પસંદ કરજો, કે જેથી તેમાં નવાં ફૂલો ખીલશે, અને સુંદરતા ખીલી ઉઠશે.

મેં મારા જીવન વિષે વિચાર્યુ. શું હું મારી શક્તિ, સમય ઈશ્વરની સુંદરતા આ જગતમાં ખીલી ઉઠે તે માટે વાપરું છું કે પછી મારી શક્તિ એવી બાબતો કે જેમાં જીવન હોતું નથી તેમાં ખર્ચાઈ જાય છે? શું કોઈકના પ્રત્યે ગુસ્સો, ઈર્ષા કે પછી અદેખાઈનો મોટો ઢગલો ખડકીને એક મોટું બંદર જેવું બનાવું છું? બીક અને શંકા ઉત્પન્ન થાય તેવાં કામો કરવામાં મારી શક્તિ વાપરું છું? જ્યારે હું મારો સમય કેવી રીતે વિતાવું છું તે સંબંધીના મારા વિચારો અને લાગણીઓની યાદી બનાવવાનું શરૂ કરું છું ત્યારે મને ખબર પડે છે કે મારા નકારાત્મક વિચારો, મારી શક્તિને એવી રીતે વાપરી કાઢે છે કે, જો હું તે શક્તિ, ઈશ્વરનું અજવાળું મારા ધ્વારા પ્રગટ કરવામાં વાપરી શકી હોત, તો કેવું સારું!

પેલા ક્લાર્કની સલાહ મેં માની અને મેં જોયું તો, આખા ઉનાળા દરમિયાન સુંદર ફૂલો તે છોડ ધ્વારા ખીલી રહયાં હતાં. દરેક કરમાયેલા છોડને જ્યારે હું ખેંચી કાઢતી ત્યારે હું પ્રાર્થના કરતી કે, ઈશ્વર મને ડહાપણ અને દોરવણી પૂરાં પાડે કે જેથી, હું મારી શક્તિ, આ જગતમાં નમ્રતા, આનંદ અને પ્રેમ ધ્વારા સુંદરતા ખીલવવામાં વાપરી શકું.

### પ્રાર્થના

પ્રિય પ્રભુજી, તમારી બનાવેલી કૃત્તિઓમાંથી, અમે, શાંતિ, આનંદ અને પ્રેમનો સંદેશો કેવી રીતે પ્રગટ કરી શકીએ, તે શીખવા અમને મદદ કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

દરરોજનાં ક્યાં કામો મને, ઈશ્વરના માર્ગો વિષે શીખવી શકે છે.

એન્ડ્રીઆ વોરોનીક (કનેક્ટીકટ, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

ઈશ્વરનો પ્રકાશ દુનિયામાં પ્રગટાવવો.

## સાક્ષી આપવા આમંત્રણ – રવિવાર, ઑગસ્ટ, ૨૩, ૨૦૨૦

**બાઈબલવાચન : માર્ક ૧૬ : ૯–૨૦**

તેણે તેઓને કહ્યું કે, આખા જગતમાં જઈને આખી સૃષ્ટિને સુવાર્તા પ્રગટ કરો. માર્ક ૧૬:૧૫

અમારી મંડળીની ચર્ચ પ્રેયર ફેલોશીપમાં જોડાયા પછી હું કેવી રીતે ઈશ્વરની નજીક આવી તે વિષે મેં મારી સાક્ષી આપી ત્યારપછી ઈશ્વરે મારા મનમાં એવી એક ઈચ્છા જાગૃત કરી કે, હું મારી તે સાક્ષી–વિશ્વાસ લખાણમાં મૂકું. તે સમયે મને, મારે ક્યાંથી શરૂ કરવી તેની સમજ પડી નહિ.

એક દિવસે મારા પતિ ઘરે એક મનનની પુસ્તિકા જેનું નામ ‘‘Saat Teduh’’ ઉપલીમેડીનું ઈન્ડોનેશિયન ભાષાની નકલ હતી. તે લાવ્યા. મેં જેવી તે વાંચવી શરૂ કરી, આખી દુનિયામાંથી, ઈશ્વરના લોકોની સાક્ષી તેમાં હતી, જે ધ્વારા મને આશીર્વાદ પ્રાપ્ત થયો હતો. બધાંની સાક્ષી ભલે ટૂંકમાં લખેલી હતી પણ સંપૂર્ણપણે પૂરેપૂરી અર્થસભર હતી, જે ધ્વારા આંતરિક જાગૃતિ પ્રાપ્ત થતી હતી. તે ઉપલીમેડી, હવે મારી બાઈબલ સ્ટડી માટે, મારી સાથીદાર બની ગઈ.

તે અંકના અંતભાગમાં, એક જાહેરાત - જેમાં ઉપલીમેડીના વાચકો માટે, પોતાના અનુભવો, મનનના રૂપમાં લખવા માટે આમંત્રણ હતું, જેને કદાચ પ્રસિધ્ધિ મળી શકે. મારા વિચારો તરત જ આભાર માનવા તરફ વળ્યા કારણ કે ઈશ્વરે, મારા વિશ્વાસની સાક્ષી આપવાની, મારા ઘણા સમયથી જે ઈચ્છા હતી તે જાણે કે પરિપૂર્ણ કરી રહયા હતા. તરત જ મેં મારી સાક્ષી લખી અને તંત્રીશ્રીને મોકલી, પણ જો તે પ્રસિધ્ધ ન થાય તો પણ હું જાણું છું કે, આપણે આપણી સાક્ષી, ઈશ્વરના લોકોને ઉત્તેજન મળે માટે લખીએ તેવું ઈશ્વર ઈચ્છે છે.

### પ્રાર્થના

પ્રિય પ્રભુ ઈસુ, પૃથ્વીના છેડા સુધી, તમારા સાક્ષીઓ બનવા અમારી સહાય કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

મારી પાસે કયું તાલંત છે, જે વડે હું ખ્રિસ્ત માટે સાક્ષીરૂપ બની શકું?

એમિરીયાના માલેલાક - બાના (ઈસ્ટ નુસા ટેન્ગારા, ઈન્ડોનેશિયા)

### મધ્યસ્થી

જેઓ પોતાના વિશ્વાસની સાક્ષી આપતાં ડરે છે.

## બધું જ સર્મપિત – સોમવાર, ઑગસ્ટ, ૨૪, ૨૦૨૦

**બાઈબલવાચન : લૂક ૧૮ : ૧૮-૨૩**

એ સાંભળીને ઈસુએ તેને કહ્યું કે, તું હજી એક વાત સંબંધી અધૂરો છે; તારું જે છે તે બધું વેચી નાખીને, તે દરિદ્રીઓને આપી દે, અને આકાશમાં તને દ્રવ્ય મળશે; અને પછી મારી પાછળ ચાલ. લૂક ૧૮:૨૨

૨૦૧૭માં, બેંક નાણાંની ઉચાપત કેસમાં મને ગુનેગાર ઠરાવવામાં આવ્યો. પરિણામે મારું CPAલાઈસન્સ મારે પરત કરવું પડે, એનો સીધેસીધો અર્થ એ થાય કે, મારે વાસ્તવમાં મારું સર્ટિફીકેટ પાછું આપી દેવું પડે. ઘરે ફ્રેમમાં મઢાવેલું મારું એ સર્ટિફીકેટ, જ્યારે હું તેમાંથી બહાર કાઢી રહયો હતો ત્યારે મેં એ ફ્રેમ પર ચોંટાડેલું એક લેબલ વાંચ્યું જેપર લખેલું હતું કે, ''મેઈન સ્ટ્રીટ ફ્રેમીંગ'' મારાં માતપિતા તે સમયે મારા માટે એટલું બધું અભિમાન ધરાવતા હતા કે, તેમણે મારું આ સર્ટિફીકેટ મારા વતનમાં મઢાવેલું.

આ પ્રસંગે મને, બાઈબલમાંના લૂક ૧૦માં જણાવેલ ધનવાન અધિકારી વિષે વિચાર કરતો કરી દીધો. આ ઘડી સુધી, હું દેવળમાં નિયમિત જતો હતો, અને સારું – સાદું જીવન જીવતો હતો, પણ મેં નિયમિત મારી કારકિર્દી, સફળતા અને પૈસાને, આગળ કર્યા હતા.

જો આપણે સાચે જ, ખરું ભરપૂર અને સફળ જીવન જીવવા – માણવા ઈચ્છતા હોઈએ તો, આપણે ઈશ્વર સાથેના આપણા જીવંત સંબંધ પ્રતિ આપણું ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ અને નહિ કે આ દુન્યવી સફળતા, કારકિર્દી, ભૌતિક વાનાં પર ધ્યાન લગાડવું જોઈએ, કારણ તે આપણી અને ઈશ્વરની વચ્ચે ભેદ કરાવે છે. જ્યારે આપણે ઈશ્વરને પ્રથમ સ્થાન આપીએ છીએ અને બધી બાબતોમાં ઈશ્વરની ઈચ્છાને અનુસરવા પ્રયત્ન કરીએ ત્યારે આપણને જે જોઈએ તે બધું જ મળશે. ત્યારે જ આપણે સાચી સફળતાનો અનુભવ કરી શકીશું.

### પ્રાર્થના

પ્રિય પ્રભુજી, અમારાં હૃદયો અને ઈચ્છાઓને એવો આકાર આપો કે, અમે અમારાં જીવનો માટે, તમારી ઈચ્છાને અનુસરનારાં બનીએ. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

ઈશ્વર સથેના સંબંધોમાં હું મારી કઈ બાબતને પ્રથમ મુકીશ?

સ્ટીવ વેકફીલ્ડ (જ્યોર્જીઆ, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

જેઓ ફોજદારી કાર્યવાહીનો સામનો કરી રહયા છે.

## જુદા જુદા પ્રકારનાં તાલંતો - મંગળવાર, ઑગસ્ટ, ૨૫, ૨૦૨૦

**બાઈબલવાચન : ૧લો કરિંથીઓને પત્ર ૧૨ : ૫-૬, ૧૨-૨૭**

વળી સેવા અનેક પ્રકારની છે, પણ પ્રભુ તો એકનોએક. ૧લો કરિંથી. ૧૨:૫

વેકેશન દરમિયાન, મેં અને મારા પતિએ, વિએના - ઓસ્ટ્રીઆ, માં પ્રખ્યાત એવા લીપીઝાનેર જાતિના ઘોડાઓ જોવા માટે સમય ફાળવ્યો. આ સુંદર ઘોડાઓ, સુંદર મઝાના દાવપેચ રજૂ કરતા હોય છેઅને સ્પષ્ટ અને નિયંત્રિત એવાં ડગલાં ભરતાં અદ્‌ભુત કુદકા લગાવે છે. હું તેઓની એ ભવ્યતાથી મુગ્ધ થઈ ગઈ.

પછીથી અમે જ્યારે જૂના એ વિયેના શહેર મધ્યેથી પસાર થતા હતા ત્યારે એ ઘોડાગાડીઓ, જેમાં બેઠેલા પ્રવાસીઓને શહેરના દૃશ્યોથી આનંદિત - પ્રભાવિત કરી દેતા, અમે જોયા. તેઓ પગદંડી પરથી ઘોડાગાડી ખેંચી જતા ત્યારે તેમના પગોની ખરીઓનો ખટ-ખટ અવાજ બહુ મોહક લાગતો હતો. જો કે તેના સમયે લીપીઝાનેર ઘોડાઓની ભવ્યતા દેખાઈ આવતી નહોતી, પણ તેઓ ખૂબ મહત્ત્વની કિંમતી હેતુઓવાળી સેવા બજાવી રહયા હતા.

કેટલીકવાર હું પણ એવી અભિલાષા રાખું છું કે, લીપીઝાનેર ઘોડાઓની, જેવી હું બનું અને મારી સિધ્ધીઓ માટે તાળીઓનો ગડગડાટ થાય. પણ, કદાચ ઈશ્વર તો મારા માટે એવું ઈચ્છે છે કે, હું નમ્રતાપૂર્વક મારું ગાડું ખેંચું અને કોઈ બદલો કે માન-સન્માનની અપેક્ષા વગર હું બીજાઓની સેવા કરું. હું એવા લોકો વિષે વિચારું છું કે, મારા પડોશીઓ કે જેમણે અમને એરપોર્ટ (વિમાન ઘર) પહોંચવા અમને ગાડીની વ્યવસ્થા કરી આપી હતી, જ્યારે બીજા અમારા એક પડોશીએ, જ્યારે અમે બહાર રહયા તે દરમિયાન અમારી બિલાડીની સંભાળ રાખી, અને બીજા એવા લોકો કે જેઓ દેવળે અમને મળીને ઉત્તેજન આપે છે અને અમારો આવકાર કરે છે. હું આવા સામાન્ય લોકો કે જેઓ, પડદા પાછળ રહીને ઈશ્વરની સેવા કરે છે તેઓ માટે ઈશ્વરની આભારી છું. તેઓ તરફ કદાચ લોકોનું ઓછું ધ્યાન ખેંચાય પણ ઈશ્વરની નજરમાં તો તેમને મોટું માન મળે છે.

### પ્રાર્થના

પ્રિય ઈશ્વર પિતાજી, તમે અમને જે તાલંતો આપ્યાં છે, તેનો કોઈપણ પ્રકારનો બદલો મળે કે સ્વીકાર થાય તે રીતે અમે તેનો ઉપયોગ ન કરતાં, તમારા મહિમાર્થે તેને વાપરીએ માટે અમારી મદદ કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

આજે, મારાં તાલંતોનો, ઈશ્વરની સેવા માટે હું કઈ રીતે ઉપયોગ કરું?

સુસાન થાગેરસૂન માસ (ઓરેગન, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

મંડળીમાં, જેઓની સેવાની કોઈ નોંધ લેતું નથી તેવા કર્મચારીઓ

## પ્રેમનું ચક્કરડું - બુધવાર, ઑગસ્ટ, ૨૬, ૨૦૨૦

**બાઈબલવાચન : માથ્થી ૨૨ : ૩૬-૪૦**

અને બીજી આજ્ઞા એના જેવી જ છે, એટલે જેવી પોતા પર તેવી પોતાના પડોશી પર પ્રીતિ કર. માથ્થી ૨૨ :૩૯

પૂર્ણતા પ્રાપ્ત કરી શકાય છેઅને કરવી જોઈએ, એવું હું માનનારી છું. તેથી જ્યારે અમુક બાબતો, મેં ધારેલી તે મુજબ ન થાય ત્યારે હું સખત અઘરી એવી વ્યક્તિ બની જાઉં છું, અને ઘણીવખત ન્યાયીક, દોષ દેતા એવા મારા વિષેના વિચારો આવી જાય છે ને હું દુઃખી થઈ જાઉં છું. શા માટે હું સર્વ સમયે પ્રેમાળ વ્યક્તિ બનવા ચાહું છું પણ બની શકતી નથી? પાંચમાંથી ત્રણ વખત તો હું ધારેલ - ઈચ્છેલ કામ કરી શકતી નથી! એક ખાસ દિવસે, હું જેને પ્રેમ કરું છું તેવી વ્યક્તિ માટે મારા મનમાં ત્રીજીવાર તિરસ્કૃત વિચારો આવે, તેવા જ સમયે એક નવા વિચારે મને ખલેલ પહોંચાડી - તારી પાસે જે નથી, તે તું આપી શકતી નથી. મને એવું લાગ્યું કે, ઈશ્વર મને આવું કંઈક કહી રહ્યા હતા કે, ઈશ્વર જે રીતે મને પ્રેમ કરે છે તે રીતે જો હું મારી જાતને પ્રેમ કરું તો, હું ઘણી સારી રીતે અન્યોને પ્રેમ કરી શકું.

બીજાઓ પર પ્રેમ કરવાની બાબત, હું મારી પોતાની જાત પર કેવો પ્રેમ કરું છું તે પર આધાર રાખે છે. આ વાત અગાઉ કદી મારા મનમાં - વિચારોમાં આવી નહોતી. એ સમય તો સાચે જ મારી પોતાની આત્મ - ખોજ કરવાનો હતો. શું ઈશ્વર મારો તિરસ્કાર કરે છે? શું ઈશ્વર મારા પ્રતિ, નિર્દય અને મને માફી ન આપનાર છે? ના મેં મારા વિષેના મારા વિચારોને દૂર કરવા નિર્ણય કર્યો કારણ કે મારા વિચારો, ઈશ્વરના મારા વિષેના વિચારો સાથે બંધ બેસતા નહોતા. લાંબા સમય પછી પ્રથમવાર, મને મારી જાત પ્રત્યે સાચો-ખરો પ્રેમ ઉદ્‌ભવ્યો. માફી, કૃપા, આશા, શાંતિ, આનંદ એવું ઘણું હું જણાવી શકું તેમ છું.

જો કે ઘણી વખત, પેલા જૂના વિચારો - સ્વભાવ આવી જાય છે, પણ હવે તો કેવળ માફી આપવાના વિચારો જ મારા મનમાંથી બહાર નીકળે છે. મારી જાત પર પ્રેમ કરવાનું મેં પસંદ કર્યુ છે કે જેથી મારી પાસે, ઈશ્વરનો પ્રેમ અન્યોને પહોંચાડવા પૂરતો જથ્થો હોય!

### પ્રાર્થના

દયાળુ ઈશ્વરપિતા, તમે જે રીતે અમને અને અન્યોને જુઓ છો તે રીતે જોવા અને તમે જે રીતે અમને પ્રેમ કરો છો તે રીતે અન્યો પર કરવા અમારી સહાય કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

જ્યારે હું ઈશ્વરનો મારી પ્રત્યેના પ્રેમને સ્વીકારું છું, તો હું એ પ્રેમ અન્યો સુધી વહેવડાવી શકું છું.

અમોરેલે બ્રાઉને (ગ્રેનેડા)

### મધ્યસ્થી

ઈશ્વર જેવી રીતે મને પ્રેમ કરે છે તેવી રીતે મારે પોતાની જાતને પ્રેમ કરવો.

## દોડ (શરત) પૂરી કરવી - ગુરુવાર, ઑગસ્ટ, ૨૭, ૨૦૨૦

**બાઈબલવાચન : ફિલિપ્પીઓને પત્ર ૩ : ૧૦-૧૪**

હું સારી લડાઈ લડ્યો છું, મેં દોડ પૂરી કરી છે, વિશ્વાસ રાખ્યો છે. ૨જો તિમોથી ૪:૭

મારી દીકરીની પ્રથમ મેરેથોન દોડ, મેં જોઈ હતી, જેમને હજી એ દિવસ યાદ છે. દોડતી વખતે, દોડવીરોના શરીરોમાં શારીરિક તણાવ અસહય હોય છે, જો કે માનસિક અને ભાવનાત્મક તણાવ કેવો હોય છે તેનો બહુ ખ્યાલ આવતો નથી - પ્રેક્ષકો પૂરતી તો આ વાત ખરી લાગે છે. પાંચ-છ માઈલની દોડ પછી દોડવીરો પોતાનાં ડગલાં વધુ લાંબા કરતા હોય છે. ૧૩ માઈલની નિશાની આવે ત્યારે તેઓ રાહતનો દમ લે છે, પણ ૨૦ માઈલ પૂરા થતાં, દોડવીરો સખત તણાવ હેઠળ આવી જાય છેઅને બહુ થાકી ગયા હોય તેવો અનુભવ કરે છે અને એવો વિચાર પણ ઘણીવાર આવી જાય કે, પૂરું કરાશે કે કેમ! પણ છતાંય આ પડકાર બહુ કપરો હોતો નથી, એવા દોડવીરો માટે કે જેઓએ ખાસ નિર્ણય સાથે ઝંપલાવ્યું છે, પૂરતી ટ્રેઈનીંગ લીધી છે અને અઘરામાં અઘરી દોડ પૂરી કરવાનો નિર્ણય કર્યો હોય.

આ મેરેથોન દોડ જોતાં જોતાં, મને શીખવા મળ્યું કે, ખ્રિસ્તી જીવન કેવી રીતે જીવાય. હેતુ, ખંત અને ઈચ્છાશક્તિ એવાં હોવાં જોઈએ આપણે ઈશ્વરના હાથોમાં પડવું, અને ખૂબ જ અઘરાં એવાં કાર્યો મધ્યે ઈશ્વર, આપણી આગળ જે દોડ છે તે પૂરી કરવા મદદ કરશે.

### પ્રાર્થના

પ્રિય ઈશ્વર પિતાજી, નબળાઈઓ મધ્યે તમારું સામર્થ્ય પૂરું પાડો કે જેથી અમે અમારા જીવનની દોડ પૂરી કરી શકીએ પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

જો આપણે ખંતપૂર્વક વિશ્વાસમાં અડગ રહીશું તો ઈશ્વર, આપણા જીવનની દોડ પૂરી કરવા સુધી આપણને લઈ જશે.

ડેવિડ પેને (મિસૌરી, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

મેરેથોન દોડના દોડવીરો

## કુદકો લગાવવો – શુક્રવાર, ઑગસ્ટ, ૨૮, ૨૦૨૦

**બાઈબલવાચન : સભાશિક્ષક ૩ : ૧-૧૧**

તેણે દરેક વસ્તુને તેને સમયે સુંદર બનાવી છે; વળી તેણે તેઓનાં હૃદયોમાં સનાતનપણું એવી રીતે મૂક્યું છે કે, અથથી તે ઈતિ સુધી ઈશ્વરે જે કંઈ કર્યુ છે તેનો માણસ પાર પામી શકે નહિ. સભાશિક્ષક ૩:૧૧

આગળના અમારા વંડામાં, સુંદર રીતે શણગારેલ પક્ષી-ઘર, બ્લ્યુ બર્ડ પક્ષીઓના કુટુંબ માટે સરસ મઝાનું ઘર બની ગયું હતું. હું મારું દૂરબીન રાખી તેઓને જોતી હતી તો, એ પક્ષીઓનાં નાનાં નાનાં બચ્ચાં, એક પછી એક બહાર આવી, પક્ષી ઘરના બહારના લાકડાના બનાવેલા કિનારાઓ પર હિંમતપૂર્વક ફરતાં જોવા મળ્યાં. કદાચને, દિવસના પછીના કોઈક સમયે, એમને લાગ્યું હશે કે, તેઓ હવે ઉડી શકે છે.

શું મારે માટે પણ, ઈશ્વર કદાચ એવું જોતા હશે કે, હું નવી નવી બાબતો માટે અનુભવ વગરના પ્રયત્નો કરું છું? એવે સમયે, શું ઈશ્વર અકળાઈ જાય છે કે હું થોડા અમથા નાના વિશ્વાસ પર આધારીત બની બહાર નીકળી પડું છું અને મારી પાંખો ફફડાવું છું? હું તાજેત્તરમાં નોર્થ કેરોલિનાથી હવાઈ માર્ગે ઓસ્ટ્રીઆ, પ્રાર્થનાની કોન્ફરન્સ માટે પહોંચી. હું ઘણી ઉત્તેજક બની હતી અને સાથે એકલાપણું પણ અનુભવ્યું કે, હાલના આ જ્યાતમાં એકલીએ લાંબી મુસાફરી કરી હતી. જો કે આવો બીહી જવાય તેવો કુદકો મારવો તે, મારા વિશ્વાસ અને પ્રાર્થનામયી જીવનને આધારે સંભવિત બન્યો. ઈશ્વરની રહસ્યમય ભેટ એટલે કે સહજવૃત્તિએ નાનાં બચ્ચાંને આગળ ધપાવ્યાં અને તેમને તેમની પાંખો પહોળી કરવા અને ચોક્કસ સમયે ઉડવા પ્રેરણા-શક્તિ આપ્યાં હું પ્રાર્થના કરું છું કે, ઈશ્વર મને પણ એ જ પ્રકારની આંતરિક સૂઝ આપે કે જેથી હું સેવાના નવાં ક્ષેત્રોમાં કામ કરવા પ્રયત્ન કરું અને વ્યક્તિગત પ્રગતિ કરું. ઈશ્વર મને જ્યારે કહે કે આ યોગ્ય સમય છે ત્યારે હું મારી પાંખો ફફડાવું અને કુદકો મારું અને તે માટે હંમેશા તૈયાર રહું.

### પ્રાર્થના

પ્રિય ઈશ્વર પિતાજી, અમારા વિશ્વાસની આ મુસાફરીમાં અમને વધુ ઊંડા ઉતરવા તમે અમને દોરવણી આપો છો ત્યારે નવાં સેવાકાર્યો કરવા અમને હિંમત આપો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

ઈશ્વર જ્યારે મને કહેશે ત્યારે વિશ્વાસનો કુદકો મારવા હું તૈયાર રહીશ.

સીન્થીઆ હેરીસ (નોર્થ કેરોલિના, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

ઈશ્વરને આધીન થવાની ઈચ્છાશક્તિ – તૈયારી

## ઈસુ આપણી આસપાસ – શનિવાર, ઑગસ્ટ, ૨૯, ૨૦૨૦

**બાઈબલવાચન : માથ્થી ૨૫ : ૩૧-૪૬**

કેમકે દેશમાંથી દરિદ્રીઓ કદી ખૂટશે નહિ; એ માટે હું તને એવી આજ્ઞા આપું છુંકે, તારે તારા દેશમાં તારા ભાઈ પ્રત્યે, તારા કંગાલ પ્રત્યે તથા તારા દરિદ્રી પ્રત્યે જરૂર હાથ ખુલ્લો રાખવો. પુનર્નિયમ ૧૫:૧૧

માથ્થીની સુવાર્તાના ૨૫મા અધ્યાયમાં, ઈસુના શબ્દો, મને યાદ દેવડાવે છે કે, આપણી આસપાસના જરૂરિયાતમંદ વ્યક્તિઓની આપણે કાળજી લઈએ તે કેટલું બધું મહત્ત્વનું છે. આ ફકરો મને એ બાબત યાદ દેવડાવવામાં મદદ કરે છેકે, ખ્રિસ્ત આપણી આસપાસ જ જીવે છેઅને જો કે આપણે તેમને મોઢામોઢ જોઈ શક્તા નથી, આપણે તેમને બીજાઓના ચહેરામાં જોઈ શકીએ છીએ, અને આપણે આપણાં કાર્યો ધ્વારા, ખ્રિસ્તનો પ્રેમ તેમને દેખાડી શકીએ છીએ. દરરોજ આપણી પાસે પૂરતી તકો છે કે જેમાં, જેઓ જરૂરિયાત હેઠળ છે તેઓને પહોંચી શકીએ છીએ, ઈશ્વરનો પ્રેમ બતાવી શકીએ છીએ. ખ્રિસ્ત ઈચ્છે છે કે, આપણે ઈશ્વરના હાથો બનીને તેઓને અડકીએ, ઈશ્વરનું હૃદય બનીને પ્રેમ કરીએ અને ઈશ્વરના કાનો બનીને, તેમની બૂમો સાંભળીએ.

જેઓ ભૂખ્યા છે તેઓને ખોરાક આપીને, અને જેઓ માંદા છે કે જેલમાં છે અથવા જેઓ હતાશ-નિરાશ થઈ ગયા છે તેઓની સાથે પ્રાર્થના કરીએ અને તેમને ઉત્તેજન પૂરું પાડીએ, એ કેવો ગજબનો હક આપણને છે. ઈશ્વર આપણી પર ભરોસો મૂકે છે કે, આપણે, અન્યોની બૂમો પ્રત્યે ધ્યાન આપીએ. આપણી પાસે જે વધારાનું છે, તે કોઈકનો ભાગ છે, કે જેને ઈશ્વરે આપણા હાથમાં મૂક્યું છે. આપણે તે ખુશીથી આપીએ.

### પ્રાર્થના

પ્રિય પ્રભુ, બીજાઓની જરૂરિયાતો માટે અમે કાળજી લઈ શકીએ તે માટેના માર્ગો અમને બતાવો. દરરોજ અમારી આજુબાજુ ખ્રિસ્તને જોવા અમારી આંખો ઉઘાડો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

જ્યારે હું ઉદારતાથી અન્યોને આપું છું ત્યારે હું તેમને ખ્રિસ્તનો પ્રેમ બતાવું છું.

મુયીવા બેનરાલ્ફ ઓલાઈયા (ફેડરલ કેપીટલ ટેરીટરી, નાઈજીરીઆ)

### મધ્યસ્થી

શરણાર્થીઓ

## છૂટકારો – રવિવાર, ઑગસ્ટ, ૩૦, ૨૦૨૦

**બાઈબલવાચન : ગીતશાસ્ત્ર ૩ : ૧-૮**

યહોવાની પાસે તારણ છે; તારા લોક પર તારો આશીર્વાદ આવો. ગીતશાસ્ત્ર ૩:૮

પાંચ વર્ષ પહેલાં, મારા પ્રથમજનિત દીકરાને ટાઈપ-૧, પ્રકારનો ડાયાબીટીસ છે, તેવું નિદાન થયું હતું. જીવનને ધમકીરૂપ આ રોગમાં, દર્દીના લોહીમાં કેટલા પ્રમાણમાં સુગર છે તે અને દિવસ દરમિયાન કેટલીય વખત ઈન્સ્યુલીનના ડોઝ આપવા પડે. એ જ વખતે, મારું પોતાનું શરીર પણ જાણે કે મને દગો દેતું હોય તેવું હું અનુભવતી. સાથે સાથે તાજેતરમાં ગર્ભાશયનું ઓપરેશન, ખભાનો દુઃખાવો જે ઓપરેશનથી પણ દૂર ન થાય તે અને વારંવાર થતો આધાશીશીનો રોગ, વગેરેને કારણે, હું હંમેશા, મારો આત્મા સતત જાગૃત રહે તે માટે સતત પ્રયત્નશીલ રહેતી. આવી કપરી પરિસ્થિતિમાં હું રાત્રિની ઊંઘ પણ સારી રીતે માણી શકતી નહોતી.

મધ્ય રાત્રિએ, મારા દીકરાનું ગ્લુકોઝનું પ્રમાણ વધઘટ થાય ત્યારે તેની સારવાર કર્યા બાદ, હું રાત્રિની સારી ઊંઘ પણ માણી શકતી નહોતી. અંતે, હાથમાં બાઈબલ લઈ, લેવીય પુસ્તકમાંથી વાંચવાના ઈરાદા સાથે હું ધીમેથી મારી પથારીમાંથી બહાર આવતી. પણ તેને બદલે બુકમાર્ક પર લખેલ આ વાક્ય તરફ મારું ધ્યાન ગયું. ‘‘હે યહોવા, મારા વેરીઓ કેટલા બધા વધી ગયા છે! મારી સામે ઉઠનારા ઘણા છે.’’ (ગીતશાસ્ત્ર ૩:૧) આ ગીતનો કર્તા, મારા કરતાં કંઈ જુદો નહોતો. જો કે એકદમ મારા સરખો નહિ, પણ તેના પ્રશ્નો ઘણા હતા. તેના એ ઘણા - વિવિધ પ્રશ્નોની મધ્યે તે ઈશ્વર તરફ વળે છે ‘‘હું ઈશ્વરને વિનંતી કરું છું. (કલમ-૪) અને તેને વિશ્વાસ છે કે, ઈશ્વર તેને મદદ કરશે અને ઈશ્વર તરફથી તારણ-છૂટકારો છે (કલમ-૮) આ ફકરાની મારફતે ઈશ્વરે મને બતાવ્યું કે, હું એકલી નથી અને ઈશ્વર મને બચાવી-સંભાળી શકે છે. આપણા પ્રશ્નો, પડકારો, પરીક્ષણો, ગમે તેવાં ને ગમે તેટલાં કેમ ન હોય, ઈશ્વર વિશ્વાસુ છે અને આપણી સાથે રહેશે.

### પ્રાર્થના

પ્રિય પ્રભુજી, અમારી બધી મુશ્કેલીઓ મધ્યે, અમારી કાળજી લો છો માટે આભાર. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

મને છોડવવાને માટે ઈશ્વર પૂરતા બળવાન છે.

હેઈદી કપીટ્ઝ (ઓરેગન, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

લાંબા સમયથી ચાલતી આવતી માંદગી

## ઈશ્વરના હાથનાં કામ – સોમવાર, ઑગસ્ટ, ૩૧ , ૨૦૨૦

**બાઈબલવાચન : રોમનોને પત્ર ૮ : ૧૮-૨૮**

હે યહોવા, હવે તું અમારો પિતા છે, અમે માટી અને તું અમારો કુંભાર; અમે સર્વ તારા હાથની કૃતિ છીએ. યશાયા ૬૪:૮

અમારા લગ્નની ૪૦મી લગ્નગાંઠ ઉજવવા, હું અને મારી પત્ની એક પ્રવાસે નીકળયાં, જ્યાં અમને એક કાચનાં વાસણો બનાવતી ફેક્ટરીમાં જવાની તક મળી. કાચના એ વાસણો તૈયાર થતાં જોવાનો અનેરો લ્હાવો અમને પ્રાપ્ત થયો.

એક લાંબી ટ્યુબ ધ્વારા પીગળેલા ગ્લાસના પરપોટા ઉત્પન્ન કરવામાં આવતા. પછી આગળની પ્રક્રિયામાં, તેને ખાસ આકાર આપવા સખત ગરમી અને દબાણ હેઠળ લાવવામાં આવે, અને પછી તેની ઉપર રંગીન માટી લગાડવામાં આવે, અને અંતે એક સુંદર બાઉલ તૈયાર કરવામાં આવ્યો, જેને અમે, અગ્નિ પ્રગટાવવાની સગડીની છાજલી ઉપર મૂક્યો છે.

આ અનુભવે મને એ યાદ દેવડાવ્યું કે, જેમાં યશાયા પ્રબોધકના શબ્દોમાં, એવી જ એક સરખી પ્રક્રિયા દર્શાવી છે કે, જેમાં ઈશ્વર પોતાને માટે એક સુંદર અને ઉપયોગી પાત્ર બનાવે છે. કારીગર, બાઉલ બનાવતી વખતે તેને સુંદર બનાવવા માટે તેમાં રંગીન માટી ઉમેરે છે અને ગરમી અને દબાણ બંને સાથે આપીને, તેને એક પદાર્થના રૂપમાં અંતિમ સ્વરૂપ આપે છે. જો કે જીવનના અઘરા સમયોમાં દબાણ અથવા ગરમી આપવાની વાત મને સમજાતી નથી અથવા તો ગમતી નથી, પણ હું માનું છું કે, ઈશ્વર મને, તેમને જેવી ગમે છે તેવી વ્યક્તિ બનાવવા, આ બાબતોનો ઉપયોગ કરે છે. હું ઈશ્વરના પ્રેમમાં અને તેમની ભલાઈમાં માનું છું. જ્યારે આપણે દરેક દિવસે, આપણાં જીવનો ઈશ્વરના હાથોમાં મૂકીએ છીએ – સમર્પિત કરીએ છીએ ત્યારે આપણે વિશ્વાસ કરી શકીએ છીએ કે, ઈશ્વર, આપણા આખરી આધ્યાત્મિક સારાપણા માટે અને ઈશ્વરના આખરી મહિમાર્થે, તેઓ આપણામાં સતત કાર્યરત રહે છે.

### પ્રાર્થના

ઓ ઈશ્વર, તમારા દીકરા ઈસુની પ્રતિમા જેવા અમે બનતા જઈએ તે માટે, દરેક સંજોગોને એક ખાસ તક તરીકે જોવા અમારી મદદ કરો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

### આજનો સુવિચાર

જીવનમાં આવતા દબાણોને ઈશ્વર, મને ઘડવાને માટે વાપરે છે.

જે. લેલન કોલીન્સ (જુનીયર) (વર્જીનીઆ, યુ.એસ.એ.)

### મધ્યસ્થી

કલાકારો

## દ્રઢતા – તંત્રી લેખ – જુલાઈ–ઓગસ્ટ ૨૦૨૦

ખ્રિસ્ત ઈસુમાં દેવના સ્વર્ગીય આમંત્રણના ઈનામને વાસ્તે, નિશાનની ભણી આગળ ધસુ છું. ફિલિપ્પીઓને પત્ર ૩:૧૪

ખ્રિસ્તને અનુસરવા, નબળા હૃદયોવાળાઓનું કામ નથી. આ અંક, એવા લોકોની વાર્તાઓથી ભરપૂર છે, કે જેમણે સાતત્યપૂર્ણ રીતે અને અવિરતપણે વિશ્વાસમાં દ્રઢ રહેવાનાં ઉદાહરણો પૂરાં પાડ્યા છે. આપણા લેખકો, તેમની દુઃખદ પરિસ્થિતિમાં પણ આનંદ પ્રાપ્ત કરવા મહેનત કરી છે, અને તેમની મૂળભૂત ઈચ્છા કે યોજના પ્રમાણે થતું ન હોવા છતાં, ઈશ્વરના તેડાને અનુસરવાનું ચાલુ રાખેલ છે. જેમાં દ્રઢતા બતાવી હોય તેવા પ્રસંગોનું વર્ણન કરતી આ વાર્તાઓએ મને ઉત્તેજન પૂરું પાડ્યું છે – એવા સંજોગો કે જેમાં આપણે ઈશ્વરથી દૂર હોઈએ અને હતાશા અનુભવતા હોઈએ.

મૂસા અને હિબ્રૂ લોકોએ અરણ્યમાં ૪૦ વર્ષો સુધી ભટકવાનું ચાલુ રાખેલ એવી આશાની અપેક્ષાએ કે, તેમને એક દિવસે નવી જગા–નવા ઘરે સ્વતંત્રતા પ્રાપ્ત થશે. શિષ્યો કે જેઓએ આખી રાત માછલીઓ પકડવાની મહેનત જારી રાખેલ, પણ એકપણ માછલી તેઓને હાથ લાગી નહિ, અને હજીપણ તેમને તેમની મહેનતનું ફળ મળશે તેવી આશા સાથે, હોડીની બીજી બાજુએ, એક વધુ વખત તેમની જાળો નાખવાનું તેમણે કાર્ય કર્યુ. પાઉલે પણ ખ્રિસ્તની મારફતે મળતા તારણની અપેક્ષાએ, વિપરીત સંજોગો મધ્યે પણ સેવાકાર્ય ચાલુ રાખ્યું હતું.

મારો પણ એ અનુભવ રહયો છે કે, વિશ્વાસમાં દ્રઢતાપૂર્વક ટકી રહેવા ધ્વારા, ઘણા બધા માર્ગોમાં સફળતા પ્રાપ્ત થઈ છે. મેં જેટલા વધુ પ્રમાણમાં અનુભવ્યું કે, વિશ્વમાં અને મારા જીવનમાં ઈશ્વર સતત કાર્યશીલ છે, અને તેનો અનુભવ કરાવતાં ચિહનો પણ મને બતાવવામાં આવ્યાં છે. જ્યારે હું જોખમો મધ્યે પણ આગળ ધસું છું, ત્યારે ઈશ્વર જેઓ સક્ષમ છે તેમણે મારા તાલંતો અને કૃપાદાનોનો એવી રીતે ઉપયોગ વપરાશમાં લીધા છે કે, જેની મેં કદી કલ્પના પણ નહોતી કરી. તમે જ્યારે હવે આ અંકમાંના મનનો વાચશો ત્યારે મારી એ આશા અને પ્રાર્થના છે કે તમે દ્રઢતા રાખવાના અનુભવમાં રહેશો અને ઈશ્વરની હાજરીનાં ચિહનો જોઈ શકશો અને ખ્રિસ્તમાં નવા જીવનની આશામાં દ્રઢતાપૂર્વક ટકી રહેશો.

લીન્ડસે એલ. ગ્રે
ઉપલીમેડીના સંપાદકીય નિયામક